ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



06
JANUARY, 2026
TUESDAY



પેજ 2  ડભોઇ તરસાણા ચોકડીથી જકાતનાકા સુધી MGVCL ની ઘોર બેદરકારી

પેજ 3  ડભોઇના પલાસવાડા પાસે ગ્રીન ડેકોરેશન' પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું

પેજ 7  રમેશભાઇ ઓઝાની વ્યાસપીઠે દેશની પ્રથમ પ્રકૃતિ ભાગવત કથા યોજાશે

પેજ 5 બાકોર પોસ્ટ ઓફિસ પાસે આવેલ સરકારી પુસ્તકાલય ખંડેર હાલતમાં



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 291 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


જસોર જિલ્લાના મોનિરામપુરમાં ઘટના બની: રાણા પ્રતાપ બૈરાગીને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો

# બાંગ્લાદેશમાં ભરબજારે ગોળી મારી વધુ એક હિન્દુની હત્યા

### બાંગ્લાદેશના ઝેનૈદાહના કાલીગંજમાં 40 વર્ષીય વિધવા હિન્દુ મહિલા પર બે પુરુષોએ સામૂહિક બળાત્કાર કર્યો : 18 દિવસમાં 4 મર્ડર કરાયા



• ઢાકા

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યા. ત્યારે બાંગ્લાદેશમાં હિંસા અને અશાંતિ વચ્ચે વધુ એક હિન્દુની હત્યાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. રાણા પ્રતાપ બૈરાગી નામના હિન્દુ વ્યક્તિની હત્યા કરી દેવાઈ છે. આ ઘટના જસોર જિલ્લાના મોનિરામપુરમાં બની છે, જ્યાં ભરબજારમાં રાણા પ્રતાપ બૈરાગીને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો છે. જણાવી દઈએ કે, બાંગ્લાદેશમાં 18 દિવસમાં કુલ પાંચ હિન્દુઓની હત્યાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટનાઓ લઘુમતી હિન્દુઓની સુરક્ષા પર ગંભીર સવાલ ઉભા કરે છે અને દેશમાં વધતી હિંસાને ઉજાગર કરે છે.

શરિયતપુર જિલ્લામાં પેટ્રોલ છાંટીને જીવતા સળગાવી દેવાયેલા હિન્દુ દુકાનદાર ખોખન દાસ આખરે જિંદગીની જંગ હારી ગયા છે. બે દિવસ સુધી ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ 2 જાન્યુઆરીએ તેમનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી અનુસાર, 50 વર્ષીય ખોખન દાસ 31 ડિસેમ્બરની રાત્રે પોતાની દવાની દુકાન અને મોબાઈલ બેંકિંગનો નાનો વ્યવસાય બંધ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે જ એક હિંસક ટોળાએ તેમને રસ્તામાં ઘેરી લીધા. પહેલા તેમના પેટના નીચેના ભાગમાં છરી વડે હુમલો કરવામાં આવ્યો અને પછી માથા પર પ્રહાર કરાયો.

આ પહેલા 24 ડિસેમ્બરે 29 વર્ષીય અમૃત મંડલને કથિત રીતે ટોળાએ માર મારીને હત્યા કરી નાખી હતી. જ્યારે 18 ડિસેમ્બરે 25 વર્ષીય દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદાનો ખોટો આરોપ લગાવીને ફેક્ટરીની અંદર જ ટોળાએ તેની હત્યા કરી, તેના મૃતદેહને ઝાડ પર લટકાવીને આગ લગાવી દીધી હતી.

બાંગ્લાદેશના ઝેનૈદાહના કાલીગંજમાં 40 વર્ષીય વિધવા હિન્દુ મહિલા પર બે પુરુષોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ મહિલાને ઝાડ સાથે બાંધી દીધી અને તેના વાળ કાપી નાખ્યા.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, મહિલાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે મહિલા અઢી વર્ષ પહેલાં કાલીગંજ નગરપાલિકાના વોર્ડ નંબર 7 માં શાહીન અને તેના ભાઈ પાસેથી 2 મિલિયન રૂપિયામાં બે માળનું ઘર સાથે ત્રણ દશાંશ જમીન ખરીદી હતી. ત્યારબાદ શાહીન મહિલા પાસે અભદ્ર માગ શરૂ કરી અને જ્યારે મહિલાએ ના પાડી ત્યારે તેને હેરાન કરવાનું શરૂ કર્યું.

શનિવારે સાંજે, જ્યારે વિધવાના ગામના બે સંબંધીઓ મળવા આવ્યા હતા, ત્યારે શાહીન અને તેના સાથી હસન ઘરમાં ઘૂસી ગયા અને મહિલા પર બળાત્કાર કર્યો. ત્યારબાદ તેઓએ મહિલા પાસેથી 50,000 રૂપિયા (લગભગ 37,000 રૂપિયા) માંગ્યા.

જ્યારે મહિલાએ પૈસા આપવાનો ઈનકાર કર્યો, ત્યારે નરાધમોએ સંબંધીઓ પર હુમલો કર્યો અને તેમને ભગાડી દીધા. મહિલાએ ચીસો પાડવાનું શરૂ કર્યા પછી, તેઓએ તેને ઝાડ સાથે બાંધી દીધી, તેના વાળ કાપી નાખ્યા, આ કૃત્ય રેકોર્ડ કર્યું અને વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો કર્યો. કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)એ બાંગ્લાદેશના ખેલાડી મુસ્તાફિઝુર રેહમાનને ટીમમાંથી હટાવવાનો નિર્ણય લીધો છે. હાલમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર કટ્ટરવાદીઓ દ્વારા હુમલા વધી રહ્યા છે, ખુલ્લેઆમ હત્યાઓ થઈ રહી છે એવામાં બાંગ્લાદેશ ક્રિકેટ ટીમના આ ખેલાડીને ખરીદવા બદલ કોલકાતા નાઈટ રાઈડર્સ અને શાહરુખ ખાનની ભારે ટિકા થઈ રહી હતી. આઈપીએલની મિની હરાજીમાં રેહમાનને ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. હાલમાં બાંગ્લાદેશ સાથે ભારતના સંબંધો ખરાબ થઈ રહ્યા છે એવામાં બાંગ્લાદેશ સાથે ક્રિકેટ રમવાનું ટાળવામાં આવી રહ્યું છે.

અમેરિકાએ ખાસ મીલિટરી ઓપરેશન ચલાવીને બંનેની ધરપકડ કરી હતી

## વેનેઝુએલાના નિકોલસ માડુરો અને તેની પત્ની સીલિયા ફલોરેસને ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં લવાયા

• વોશિંગ્ટન

વેનેઝુએલાના પૂર્વ નેતા નિકોલસ માડુરો અને તેની પત્ની સીલિયા ફલોરેસને કડક સુરક્ષા વ્યવસ્થા સાથે ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં લાવવામાં આવ્યા હતા.૬૩ વર્ષિય માડુરો પર નશીલી દવાઓ, દાણચોરી અને આતંકવાદ ફેલાવવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે.

૩ જાન્યુઆરી ના રોજ અમેરિકાએ એલીટ ફોર્સેજ હેલીકોપ્ટર અને ફાઈટર વિમાનોની મદદથી વેનેઝુએલાની રાજધાની કારકાસમાં એક મિલિટરી ઓપરેશન ચલાવીને રાષ્ટ્રપતિ માડૂરો અને તેમની પત્નીને ગીરફતાર કર્યા હતા.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર ઓપરેશન કોઈ સ્પોર્ટસ મેચની જેમ લાઈવ જોયું હોવાનો દાવો કર્યો હતો.

કોઈ પણ દેશના વર્તમાન રાષ્ટ્રપતિને આવી રીતે ઉપાડી જવાની પ્રથમ ઘટના હોવાથી વિશ્વમાં સનસની મચી ગઈ હતી.ચીન અને રશિયાએ અમેરિકાના મિલિટરી ઓપરેશન સામે વાંધો ઉઠાવ્યો હતો. અમેરિકાએ વેનેઝુએલાના કમાન હવે તેની પાસે હોવાનો દાવો કર્યો છે. અમેરિકા પાસે યોગ્ય સરકાર રચવા માટે ચું ટણી કરવાનો વિકલ્પ પણ છે પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે આના માટે હજુ સમય લાગશે. માડૂરોની ગેરહાજરીમાં વેનેઝુએલાની સેનાએ કાર્યવાહક રાષ્ટ્રપતિ તરીકે ડેલ્સી રોડ્રિગ્ઝને માન્યતા આપી છે જેમણે લોકોને શાંતિની અપિલ કરી છે.

એક અહેવાલ મુજબ અમેરિકાના સૈન્ય ઓપરેશન દરમિયાન કારકાસમાં ભારે ખૂન ખરાબો થયો હતો. વેનેઝુએલાના સંરક્ષણમંત્રી વ્લાદિમીર પાડ્રિનો લોપેઝ અનુસાર અમેરિકી હુમલામાં માડુરોની સુરક્ષા ટીમના મોટા ભાગના સદસ્યો, સૈન્યકર્મી અને કેટલાક નાગરિકો માર્યા ગયા છે.

૪ જાન્યુઆરીના રોજ કારકસ શહેરમાં માડૂરોના સમર્થનમાં ધ્વજ અને હથિયારો લઈને કેટલાક લોકોએ રેલી કાઢીને અમેરિકાની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો.

અમેરિકાના વિદેળમંત્રીએ માર્કો રુબિયોએ સંકેત આપ્યો છે કે અમેરિકા વેનેઝુએલાના ખનીજતેલ સંસાધનો પર નિયંત્રણ અને સુરક્ષા વ્યવસ્થા સુધારવા પર ધ્યાન આપી રહયું છે તાત્કાલિક સત્તા હસ્તાંતરણ ઈચ્છતું નથી.

## 'ભગવાનને પણ ન છોડ્યા', સબરીમાલા મંદિરમાં સોનાની ચોરી મામલે સુપ્રીમ કોર્ટની કડક ટિપ્પણી, અરજી ફગાવી

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં આજે (5 જાન્યુઆરી) કેરળના સુપ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં સોનાની ચોરીના કેસ મામલે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે કડક શબ્દોમાં ટિપ્પણી કરીને ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના પૂર્વ સભ્ય કે.પી. શંકર દાસની આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે શંકર દાસની અરજી ફગાવીને કહ્યું કે, 'તમે ભગવાને પણ છોડ્યા નથી.'ન્યાયાધીશ દિપાંકર દત્તા અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેંચે આ મામલે સુનાવણી કરતા સ્પષ્ટ કહ્યું કે, દેવસ્વોમ બોર્ડના સભ્ય જેવા જવાબદાર પદ પર હોવા છતાં આ પ્રકારની ગંભીર બેદરકારી કે સંડોવણીને માફ કરી શકાય નહીં. અરજદાર શંકર દાસે કેરળ હાઈકોર્ટની એ ટિપ્પણીને હટાવવા માગ કરી હતી જેમાં તેમને અને કે. વિજયકુમારને ગુનાહિત કાવતરામાં જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. જોકે, સુપ્રીમ કોર્ટે આ માગ સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે.સબરીમાલા મંદિરમાં દ્વારપાળ દેવતાઓની મૂર્તિઓ અને શ્રીકોવિલના દરવાજાઓ પર ચડાવવામાં આવેલું સોનું ચોરી થવાની ઘટના સામે આવી હતી. આ મામલાની ગંભીરતા જોતા એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવામાં આવી છે. આ તપાસ દરમિયાન અત્યાર સુધીમાં દેવસ્વોમ બોર્ડના બે પૂર્વ પ્રમુખો સહિત કુલ 10 લોકોની ધરપકડ કરવામાં આવી છે. હાઈકોર્ટે તાજેતરમાં જ SITને તપાસ પૂર્ણ કરવા માટે વધુ છ મહિનાનો સમય આપ્યો છે.

જમીન માટે દીકરો જલ્લાદ બન્યો

## પ્રયાગરાજમાં પિતા, બહેન અને ભાણીની કુહાડીના ઘા ઝીંકી હત્યા

• પ્રયાગરાજ

પ્રયાગરાજના ગંગા નગર ઝોનના મઉઆઈમા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના લોકપુર બિસાણી ગામમાં એક જ પરિવારના ત્રણ સભ્યોની હત્યાનો મામલો સામે આવ્યો છે. મોટા દીકરાએ તેના પિતા, બહેન અને ભાણીનું અપહરણ કરીને હત્યા કરી હતી. હત્યા બાદ આરોપીઓએ તેમના મૃતદેહ કૂવામાં ફેંકી દીધા હતા.

મળતી માહિતી મુજબ, પારિવારિક વિવાદને કારણે ત્રણેયની હત્યા કરવામાં આવી છે. ત્રણેય મૃતકો શુક્રવારે (2 જાન્યુઆરી) રાત્રે 11 વાગ્યાથી ગુમ હતા. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ શરૂ કરી દીધી છે.

પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે મુકેશ પટેલ નામના આરોપીની ધરપકડ કરી છે. મુકેશ પટેલે તેના પિતા રામ સિંહ (ઉં.વ.55) અને બહેન સાધના દેવી (ઉં.વ.21) ની તેની 14 વર્ષની ભાણીની હત્યા કરી હતી. મિલકતના વિવાદને કારણે આરોપીએ આ હત્યાને અંજામ આપ્યું હોવાનું સામે આવ્યું છે.

આરોપી મુકેશ તેના પિતાથી ગુસ્સે હતો કારણ કે તેણે તેની મિલકત તેના નાના પુત્ર મુકુંદને સોંપી દીધી હતી. જેને લઈને ગુસ્સે ભરાયેલા મુકેશે તેના નાના ભાઈ મુકુંદને ગોળી મારીને ઘાયલ કરી દીધો હતો. ત્યારબાદ મુકેશે તેના પિતા, બહેન અને ભાણીનું અપહરણ કર્યું હતું.

આ પછી મુકુંદે પિતા અને બહેન ગુમ થયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેને લઈને પોલીસે ફરિયાદના આધારે ત્રણેયની શોધખોળ શરૂ કરી હતી. જેમાં બે દિવસની શોધખોળ બાદ પણ તેઓનો પત્તો લાગ્યો ન હતો. જોકે, પોલીસે આરોપી મુકેશની ધરપકડ કરી ત્યારે તેણે પૂછપરછમાં સમગ્ર ખુલાસો કર્યો હતો. પોલીસ પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે, સંપત્તિની લાલચમાં પોતાના પિતા, બહેન અને ભાણીની હત્યા કરીને મૃતદેહને કૂવામાં નાખી દીધા હતા.

ત્રણેયની મોતને ઘાટ પહોંચાડ્યા બાદ આરોપીએ તેના નાના ભાઈ મુકુંદને ગોળી મારી હતી. જોકે, પોલીસે હત્યારાના જણાવ્યા મુજબ ઘટનાસ્થળેથી ત્રણેય મૃતકોના મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢ્યા હતા. પોલીસે મુકેશ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટના મૌઈમા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા લોકપુર બિસાણી ગામમાં બની હતી.

## જો કહ્યું નહીં માનો તો માદુરો કરતાં પણ ભારે કિંમત ચૂકવવી પડશે

### ડેલ્સી રોડ્રીગ્સને ટ્રમ્પની ખુલ્લી ધમકી

નવીદિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝૂએલાનાં ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રીગ્સને ખુલ્લી ધમકી આપતાં કહ્યું હતું કે, ''જો તમો યોગ્ય કાર્યવાહી નહીં કરો તો, નિકોલસ માદુરો કરતાં પણ વધુ ભારે કિંમત ચૂકવવી પડશે. આ સાથે તેઓએ તેમ પણ કહ્યું હતું કે, દક્ષિણ અમેરિકાના દેશોમાં અમેરિકાના હસ્તક્ષેપનો વિરોધ કરશો તો તમારી હાલત પણ નિકોલસ માદુરો જેવી થશે.''

''ધી-એટલાંટિક'' નામના સામાયિકને આપેલી મુલાકાતમાં ''મેઈક અમેરિકા ગ્રેટ અગેઈન'' (માગા) સૂત્ર આપનાર આ પ્રમુખે ફલોરિડામાં આપેલી મુલાકાતમાં શનિવારે તો તેઓએ ડેલ્સી રોડ્રીગ્સની



પ્રશંસા કરી હતી, અને કહ્યું હતું કે, ''વેનેઝૂએલાને ફરી મહાન બનાવવા માટે અમે જે યોગ્ય માનીએ છીએ તે કરવા માટે તેઓ તૈયાર છે, તેમ અમેરિકાના અધિકારીઓને તેઓએ કહ્યું હતું.''

દરમિયાન ટ્રમ્પે માદુરોની બળજબરીથી કરેલી ધરપકડનો પણ બચાવ કર્યો હતો.વેનેઝૂએલાની સુપ્રીમ કોર્ટે માદુરોનાં અપહરણ પછી ડેલ્સી રોડ્રીગ્સને દેશનાં વડાપ્રધાનપદે નિયુક્ત કર્યાં ત્યારે તો ટ્રમ્પે તેઓની પ્રશંસા કરી હતી. પરંતુ પ્રમુખ પદે નિયુક્ત થયા પછી લગભગ તુર્તજ ડેલ્સી રોડ્રીગ્સે કહ્યું હતું કે, અમારો દેશ દેશનાં નૈસર્ગિક સંસાધનોનું રક્ષણ કરશે જ.નિરીક્ષકો માને છે કે ત્યારથી જ ટ્રમ્પનું ડેલ્સી રોડ્રીગ્સ સાથેનું વલણ બદલાઈ ગયું છે. વાસ્તવમાં ટ્રમ્પની નજર વેનેઝૂએલા સહિત દક્ષિણ અમેરિકાના દેશો જેવા કે કોલંબિયાના અખૂટ તેલ ભંડારો પર છે. તેની ઉપર પોતાનો કબજો જમાવવાની તેમની નેમ છે. તેમજ ભૂરાજકીય દ્રષ્ટિએ પણ વેનેઝૂએલા, કોલંબિયા ઘણા મહત્ત્વના દેશો છે, તે યાદ રહે.

તાઇવાનનું રાષ્ટ્રીય સુરક્ષા બ્યૂરો ચીનના સાયબર વૉરથી ચિંતિત બન્યું

## તાઈવાન પર દરરોજ ૨૬ લાખ સાયબર હુમલા, ચીન પર સંગીન આરોપ

• તાઈપેઇ

તાઈવાનમાં એક બુનિયાદી ઢાંચા જેમ કે હોસ્પિટલ અને બેંકો પર ચીન તરફથી થતા સાયબર હુમલામાં વર્ષ ૨૦૨૫માં ૬ ટકાનો વધારો થયો છે. તાઈવાનના રાષ્ટ્રીય સુરક્ષા બ્યૂરોના જણાવ્યા અનુસાર તાઈવાનની માળખાકિય સુવિધાઓ પર દરરોજ ૨૬ લાખ જેટલા સાયબર હુમલા થયા છે. ઉર્જા, ઈમજરન્સી સિસ્ટમ અને હોસ્પિટલ વગરે પર થતા સાયબર હુમલાઓની સંખ્યા વધતી જાય છે. બ્યુરોના એક અહેવાલમાં જણાવ્યા અનુસાર ચીનના સાઈબર સેનાએ રાજનીતિક અને અન્ય સૈન્ય ગતિવિધિઓનો તાલમેલ બેસાડવા માટે સાયબર હુમલાઓ આરંભ્યા છે.

ચીને ૪૦ વાર તાઈવાનની નજીક સૈન્ય વિમાન અને યુદ્ધ પોત મોકલીને યુધ્ધ કરવાનો ઉન્માદ દર્શાવ્યો છે તેની સાથે સાઈબર હુમલા પણ કરે છે. એક અહેવાલ અનુસાર તાઈવાને ચીન પર હાઈબ્રિડ યુધ્ધ કરવાનો આરોપ મુકયો છે. તાઈવાન એક સ્વશાસિત(ઓટોનોમસ) ટાપુ છે જે પોતાને સ્વતંત્ર દેશ સમજે છે જયારે ચીન તાઈવાનને વન ચાઈના પોલીસી હેઠળ પોતાનો જ એક ભાગ સમજે છે. ચીન પોતાની પ્રચંડ શકિત અને ધાક ધમકીની મદદથી પોતાનામાં ભેળવી દેવાની નીતિ તરફ આગળ વધી રહયું છે. દુનિયામાં માત્ર ૧૨ દેશો છે જે તાઈવાનને દેશ તરીકે મંજુરી આપે છે. જેમાં ગ્વાટેમાલ, પારાગ્વે, એસ્વાતીની,પલાઉ અને માર્શલ આઈલેન્ડન જેવા નાના ટાપુ દેશોનો સમાવેશ થાય છે.

## એકતરફી દાદાગીરી નહીં ચાલે વેનેઝૂએલાના સંકટ અંગે શી-જિનપિંગે ટ્રમ્પને આપેલી ચેતવણી

### ચીનને વેનેઝૂએલા સાથે સારા સંબંધો છે

નવી દિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝૂએલાના પ્રમુખની ધરપકડ કરી વિશ્વ રાજકારણનો મધપૂડો છંછેડી દીધો છે. આટલું ઓછું હોય તેમ તેણે વેનેઝૂએલાનાં નવા નિયુક્ત પ્રમુખ ડેલ્સી રોડ્રીગ્સને પણ ધમકી આપી દીધી છે. કોલંબિયાને પણ 'લાલ આંખ' દેખાડી દીધી છે, તો ગ્રીનલેન્ડ પણ હસ્તગત કરવાની ખ્વાહીશ જાહેર કરી. યુરોપીય સંઘને છંછેડી દીધું છે. ભારતે તે સર્વે વિષે અકળ મૌન સેવ્યું છે. જ્યારે ચીનના શી-જિંગપિંગે તો ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેઓ ખુલ્લેઆમ કહી દીધું છે કે, 'ટ્રમ્પની આ દાદાગીરી ચલાવી લેવાશે નહીં.'

ચીનના સરમુખત્યાર શી-જિનપિંગે ટ્રમ્પને ખુલ્લી ચેતવણી આપતાં કહ્યું છે કે, 'દરેક દેશે બીજા દેશના લોકોએ ચૂંટેલા વિકાસ-પંથોનું સન્માન કરવું જોઈએ.'



ઉલ્લેખનીય છે કે, વેનેઝૂએલા પણ સામ્યવાદી છે. ચીન પણ સામ્યવાદી છે. બંને દેશો વચ્ચે ઘણા સારા સંબંધો પણ છે.વેનેઝૂએલાના પ્રમુખ માદુરોનું અપહરણ કરી ન્યૂયોર્કની કોર્ટમાં હાજર કરી તેમની ઉપર તથા તેમના પત્ની બંને ઉપર કાનૂની કાર્યવાહી ચલાવવાનાં પગલાની દુનિયાભરમાં ટીકા થઈ રહી છે. 'સમરથ-કો-નહીં દોષ-ગુસાંઈ' જેવો ઘાટ ઘડાઈ ગયો છે.ચીનની સમાચાર સંસ્થા 'શિન્હુઆ' જણાવે છે કે, 'ચીનની મુલાકાતે આવેલાં આયર્લેન્ડના વડાપ્રધાન મીશેલા માર્ટીન સાથેની મંત્રણા દરમિયાન પ્રમુખ શી જિનપિંગે આ ટીકા કરી હતી.' તેઓએ કહ્યું પરિવર્તન અને અરાજકતાથી ઘેરાયેલી દુનિયામાં એકતરફી અને દાદાગીરી ભરેલી કાર્યવાહી ચલાવી લેવાય નહીં.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ડભોઈ તરસાણા ચોકડીથી જકાતનાકા સુધી MGVCL ની ઘોર બેદરકારી

## ગમે ત્યારે મોટી હોનારતની ભીતિ : સ્થાનિકોમાં ભારે આક્રોશ

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈના તરસાણા ચોકડીથી જકાતનાકા સુધીના મુખ્ય માર્ગ પરથી પસાર થતી MGVCL (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ) ની હાઈટેન્શન લાઈન અને વીજ વાયરો હાલ જોખમી સ્થિતિમાં જોવા મળી રહ્યા છે આ વિસ્તારમાં વીજ વાયરો પર ગાંડા બાવળો એ એવો ભરડો લીધો છે કે મેન લાઈન અને બાવળની ડાળીઓ એકબીજામાં ફસાઈ ગઈ છે. શોર્ટ સર્કિટનું જોખમ: વીજ વાયરોમાં બા વ ળની ડાળીઓ ફસાવાને કારણે વા રંવાર સ્પાર્કિંગ થાય છે અને બે વા યરો ભેગા થઈ જવાથી વારંવાર લા ઈ ટ ગુલ થઈ જવાના બનાવો બ ની રહ્યા છે.નીચે લટકતા વાયરો: બાવ ળના વજન અને બેદરકારીને કારણે વીજ વાયરો એકદમ નીચે સુધી ઝૂકી ગયા છે.

જે રાહદારીઓ અને વાહન ચાલકો માટે મોતના ફાંદા સમાન સાબિત થઈ શકે તેમ છે. જાનહાનીનો ભય: અત્યારે શિયાળાની ઋતુ અને આગામી ચોમાસા પહેલા જો આ સફાઈ કરવામાં નહીં આવે, તો કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. સ્થાનિકો પ્ર શ્ન કરી રહ્યા છે કેજો કોઈ મોટી જાનહાની થશે તો તેનો જવાબદાર કોણ લોક માંગ ડભોઈના જાગૃત નાગરિકો અને સ્થાનિક રહીશોમાં MGVCL ના અધિકારીઓની નિષ્ક્રિયતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લોકોની માંગ છે કે: તાત્કાલિક ધોરણે તરસાણા ચો કડી પાસેના આ ગાંડા બાવળોનું સામ્રાજ્ય હટાવવામાં આવે નીચે લટ કી ગયેલા વીજ વાયરોને ખેંચીને સુ રક્ષિત ઊંચાઈ પર લેવામાં આવે. વી જ પુરવઠો ખોરવાતો અટકાવવા મા ટે પ્રિ-મોન્સૂન જેવી કામગીરી અત્યારથી જ સઘન બનાવવામાં આવે તંત્ર જાગશે કે હોનારતની રાહ જોશે વારંવારની રજૂઆતો છતાં MGV-CL ના અધિકારીઓ હજુ સુધી ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. શું તંત્ર કોઈ મોટી હોનારત સર્જાયા પછી જ જાગશે? તેવો વેધક સવાલ જનતા પૂછી રહી છે.

દુર્ઘટના

અમદાવાદનીવર્ધમાન પેરેડાઇઝ દુર્ઘટના

# મોતને માત આપી બચેલા શ્રમિકે ખોલી પોલ, કહ્યું- સુપરવાઈઝરની બેદરકારીએ મારા મિત્રોનો જીવ લીધો'

## ઈજાગ્રસ્ત શ્રમિકે વર્ણવી આપવીતી

• અમદાવાદ

અમદાવાદ શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલી 'વર્ધમાન પેરેડાઈઝ' નામની નિર્માણાધીન સાઈટ પર સર્જાયેલા કરુણ અકસ્માત મામલે આખરે ચોથા દિવસે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સેફટીના સાધનોના અભાવે ચોથા માળેથી પટકાયેલા બે શ્રમિકોના મોત નિપજ્યા બાદ, ઈજાગ્રસ્ત શ્રમિકે સુપરવાઈઝરની ગંભીર બેદરકારી હોવાનો આક્ષેપ કરી ફરિયાદ નોંધાવી છે. નવા વર્ષના પ્રથમ દિવસે એટલે કે 1 જાન્યુઆરી, 2026 ના રોજ આંબાવાડી સ્થિત વર્ધમાન પેરેડાઈઝ સાઈટ પર પ્લાસ્ટરનું કામ ચાલી રહ્યું હતું. મૂળ રાજસ્થાનના બાંસવાડાના વતની અને હાલ સેટેલાઈટમાં રહેતા ધિરેજભાઈ ડાભી (30) તેમના સાથીદારો શાંતિલાલ મનાત, દેવીલાલ ગમાર અને પ્રવીણભાઈ સાથે કામ પર હતા. સવારે અંદાજે 10:30 વાગ્યે સુપરવાઈઝરની સૂચના મુજબ શ્રમિકો ચોથા માળે પાલખ પર ચડીને કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક પાલખનું લાકડું તૂટી પડતા ત્રણ શ્રમિકો નીચે પટકાયા હતા.







સેફટી સાધનોનો અભાવ જીવલેણ સાબિત થયો ફરિયાદ મુજબ, સુપરવાઈઝર નારણભાઈ લક્ષ્મણભાઈ રાવલે શ્રમિકોને જોખમી ઊંચાઈ પર કામ કરવા મોકલ્યા હોવા છતાં કોઈ પણ પ્રકારના સેફટી બેલ્ટ કે હેલ્મેટ પૂરા પાડ્યા નહોતા. નીચે પટકાતા જ ગંભીર ઈજાઓને કારણે શાંતિલાલ અને દેવીલાલનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. ફરિયાદી ધિરેજભાઈએ જણાવ્યું કે નીચે પટકાયા બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. ભાન આવ્યા બાદ ખબર પડી કે તેમને હાથ, કમર અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી શરૂઆતમાં ઘરે જઈ સારવાર લીધી હતી, પરંતુ દુખાવો અસહ્ય થતા તેમણે SVP હોસ્પિટલમાં સારવાર લીધી અને ત્યારબાદ સુપરવાઈઝર સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો. હાલમાં પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે કે બિલ્ડિંગના કોન્ટ્રાક્ટર કે બિલ્ડરની અન્ય કોઈ સ્તરે બેદરકારી છે કે કેમ?

સમગ્ર કામો ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા યુનુસ મિસ્બાહી સાહેબ ની નિગરાની હેઠળ થાય છે

# ઝંધાર ખાતે મુસ્લિમ સમાજના યુવક યુવતીઓનો સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાયો

ભાવુક દ્રશ્યો સર્જાયા

## ૧૨ યુગલો નિકાહના પવિત્ર બંધનમાં જોડાયા



• સૈફ અલી ભટ્ટી વાગરા

ભરૂચના ઝંઘાર સ્થિત મિસ્બાહી મિશન ઝંઘાર બ્રાન્ચ દ્વારા મુસ્લિમ સમાજના યુવક યુવતીઓનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાયો હતો. આયોજિત સમૂહ લગ્નોત્સવ સમારોહમાં મુસ્લિમ સમાજના બાર યુવક યુવતીઓએ મુસ્લિમ સમાજના રીત રિવાજ મુજબ નિકાહના પવિત્ર બંધનમાં જોડાઈ સાંસારિક જીવનનો પ્રારંભ કર્યો હતો. મિસ્બાહી મિશન ના સમગ્ર કામો ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા યુનુસ મિસ્બાહી સાહેબ ની નિગરાની હેઠળ થાય છે કાર્યક્રમનો પ્રારંભ કુરાન મજીદની તિલાવતથી થયો હતો. ત્યારબાદ નાત ખ્વા દ્વારા સુંદર નાત શરીફ રજૂ કરી હાજરજનોના હૈયા ડોલાવ્યા હતા. હઝરત મૌલાના સાદિક સાબરી દેહગામી તેઓ એ બયાન દ્વારા સમાજને લગ્નમાં ખોટા ખર્ચાઓથી દુર રહી સમૂહ લગ્નોત્સવ સમારોહમાં ભાગ લેવા વિશેષ અનુરોધ કર્યો હતો. આજના મોંઘવારીના યુગમાં સમૂહ લગ્નોત્સવ સમારોહમાં ભાગ લઈ ખોટા ખર્ચાઓને ત્યજી કે નાણાંની બચત થાય એ નાણાં પોતાના બાળકોને સુશિક્ષિત બનાવવા ઉપયોગમાં લેવા વિશેષ અનુરોધ કરવામાં આવ્યો હતો. તેમજ નવ યુગલોને નમાઝ તથા કુરાનની તિલાવતની તાકીદ કરી કુરાન મુતાબિક જિંદગી ગુજારવાની નસીહત કરી હતી ત્યાર બાદ હઝરત સૈયદ અસગર અલી બાવા સાહેબ નિકાહ ને લગતી ખૂબ સુંદર નસીહત કરી હતી. સમૂહ લગ્નોત્સવ સમારોહમાં ભાગ લેનાર દીકરા - દીકરીઓને સાદાતે કિરામ તથા ઉલ્માંએ કિરામ દ્વારા તેઓનું લગ્ન જીવન સફળ અને સુખમય નીવડે એ માટે દુઆઓ આપવામાં આવી હતી. આયોજિત કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે હઝરત સૈયદ એહમદ બાવા ટંકારિયા, તથા મિસ્બાહી મિશન ના નીગરા હઝરત સૈયદ રિઝવાન બાવા અશરફી મિસ્બાહી ભરૂચ અને તેમજ વિશેષ ઉલમાં મેહમાન તરીકે હઝરત મુફ્તી મોહસીન મિસ્બાહી સાહેબ (સદર મુફ્તી ભરૂચ) અને મિસ્બાહી મિશન સુરત ના જીમ્મેદાર જનાબ તોસિફ ભાઈ મકરદમ અને મુખ્ય અતિથિ તરીકે ભરૂચ થી પધારેલ સમાજ સેવક જનાબ અબ્દુલ્લાહ ભાઈ કામઠી હાજર રહ્યા હતા

સમૂહ લગ્નોત્સવ સમારોહ મિસ્બાહી મિશન ઝંગાર બ્રાન્ચના સર્વ નવ યુવાનો તથા સમસ્ત ઝંગાર ગામ પરિવારે શરૂઆતથી અંત એટલે કે વિદાયગિરિ સુધી હાજર રહી ખુબ સારી જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. આ સમગ્ર પ્રોગ્રામ હઝરત મૌલાના મુસા અશરફી ની નિગરાની હેઠળ થયો ગામની હાઈસ્કૂલના શિક્ષક મિત્રો ખાસ કરી જંગાર હાઈ સ્કુલ ના પ્રિન્સીપાલ આદમ સાહેબ ભડ તેમને પોતાના સરસ અનુભવથી આ કાર્યક્રમને ઘણી સુંદરતાની સાથે આગળ ધપાવી સંપન્ન કર્યો હતો. દુલ્હનનોને વિદાય આપવામાં આવી ત્યારે ખૂબજ ભાવુક દ્રશ્યો સર્જાયા હતા...

# જેતપુર ઉદ્યોગનગર પોલીસે પાંચ ચોરાયેલી બાઈક ચોર બેલડી ઝડપી

## પાંચ ચોરાયેલા બાઈક સાથે રૂ.૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર ઉદ્યોગનગર પોલીસે વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી પાંચ ચોરાયેલા બાઈક કબજે કર્યા છે, જેની કુલ કિંમત રૂ. 1.10 લાખ આંકવામાં આવી છે. આ આરોપીઓ જેતપુર, ગોંડલ અને શાપર પંથકમાંથી વાહનોની ચોરી કરી હતી, ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક સ્પ્લેન્ડર બાઈક ચોરાયાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન હેડ કોન્સ અજય રાઠોડ, વાસુદેવ જાડેજા, રીઝવાન સિંજાતને મળેલ બાતમીના આધારે, પોલીસે જૂના રાજકોટ રોડ પર વોચ ગોઠવી ત્રાકુડીપરાના સાગર વિક્રમભાઈ ઉર્ફે ભીખાભાઈ રાઠોડ અને અમીત સોલંકીને ચોરાઉ મોટરસાયકલ સાથે ઝડપી પાડયા હતા. પૂછપરછ દરમિયાન, બંને આરોપીઓએ કબૂલ્યું હતું કે તેઓ



જાહેર રોડ પર પાર્ક કરેલા અથવા નિર્જન જગ્યાએ પડેલા વાહનોને નિશાન બનાવતા હતા.

તેમણે જેતપુર દરગાહ પાસે, નવાગઢ રેલ્વે સ્ટેશન, ગોંડલના ચરખડી ગામ અને શાપર પંથકમાંથી વાહનો ચોર્યા હોવાનું સ્વીકાર્યું હતું. ઉદ્યોગનગર પોલીસે ચોરાયેલા પાંચેય વાહનો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ધરપકડથી અન્ય કેટલા ગુનાઓના ભેદ ઉકેલાય છે તે અંગે વધુ તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહીમાં પીઆઈ એમ.એમ. ઠાકોર પીએસઆઈ એલ.ડી.મહેતા એએસઆઈ સંજય પરમાર, હેડ. કોન્સ અજય રાઠોડ, વાસુદેવ જાડેજા, રીઝવાન સિંજાત, પો.કોન્સ ચેતન ઠાકોર રોકાયા હતા.

# ભરૂચ SOG એ અંકલેશ્વરના મોબાઈલ ચોરીના ગુનામાં ૩ વર્ષથી નાસતા-ફરતા આરોપીને કોસંબાથી ઝડપી પાડ્યો

• ભરૂચ

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે બાતમીના આધારે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ મથકના મોબાઈલ ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી પોલીસને થાપ આપી રહેલા નાસતા-ફરતા આરોપીને સુરત ગ્રામ્યના કોસંબા ખાતેથી દબોચી લીધો છે.

SOGની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, વર્ષ ૨૦૨૨-૨૩ના મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપી યા સીન અઝીઝ શેખ (રહે. દાદરી ફળીયું, તલસાડી, કોસંબા) હાલ કોસંબા ઝંડા ચોક પાસે ઉભો છે. આ બાતમીના આધારે પોલીસે તુરંત વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીની ઓળખ સ્પષ્ટ થતા તેને ભરૂચ લાવી BNSS ની કલમો હેઠળ અટકાયત કરવામાં આવી છે.લાંબા સમયથી પોલીસ પકડથી દૂર રહેલા આ આરોપીને ઝડપી પાડી ભરૂચ SOGએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ અર્થે તેનો કબજો અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસને સોંપવા માટેની તજવીજ શરૂ કરી છે.



# પાચં કુવા કાપડ મહાજન ની ૧૨૮ મી વાર્ષિક સાધારણ સભા યોજાય



• અમદાવાદ

અમદાવાદના જૂનામાં જૂના મહાજન એવા શ્રી પાંચકુવા કાપડ મહાજનની 128 મી AGM તા. 3 જાન્યુઆરી 2026 ના રોજ બપોરે 3:30 વાગ્યે મહાજનના હોલમાં રાખવામાં આવી. વિતેલ નાણાંકીય વર્ષના હિસાબો રજૂ કરવામાં આવ્યા જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. પ્રમુખશ્રી મિતેશભાઈ પટેલની આગેવાનીમાં મહાજનના ટોપ ટેન ટ્રેડર્સનું બહુમાન કરવામાં આવ્યું. GCCI ની સંકલન સમિતિના ચેરમેન શ્રી આશિષભાઈ ઝવેરીનું બહુમાન કરવામાં આવ્યું. સહુ વહેપારીઓનો આભાર માનવામાં આવ્યો.

ભરૂચના ગામોના વિકાસ માટે રૂ.32.45 કરોડ મંજૂર

# GIDC સમિતિએ 6 નિર્દિષ્ટ વિસ્તારોના કામોને આપી મંજૂરી આપતાં આનંદ

• સૈફ અલી ભટ્ટી વાગરા

ભરૂચ જિલ્લાના નિર્દિષ્ટ વિસ્તારોમાં ગ્રામીણ વિકાસ માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ની સર્વગ્રાહી વિકાસ સમિતિ દ્વારા રૂ. 32.45 કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણય ભરૂચ કલેક્ટર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં લેવાયો હતો. આ ભંડોળ અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા, ભરૂચ, પાલેજ અને વાલિયા સહિતના 6 નિર્દિષ્ટ ઔદ્યોગિક વિસ્તારોની હદમાં આવતા ગામોના સર્વાંગી વિકાસ માટે ફાળવવામાં આવ્યું છે. તેનો ઉપયોગ રોડ-રસ્તા, પીવાનું પાણી, વીજળી, આરોગ્ય, ગટર વ્યવસ્થા અને શૈક્ષણિક સુવિધાઓ જેવી પાયાની માળખાગત



સુવિધાઓને મજબૂત કરા માટે થશે.

જિલ્લા કલેક્ટરે તમામ વિકાસ કાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને અધિકારીઓને સમયાંતરે ફિલ્ડ વિઝીટ કરીને કામગીરીની ચકાસણી કરવા સૂચના આપી હતી. આ કાર્યો જનહિતમાં ઝડપથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને ઝઘડિયા વિધાનસભાના ધારાસભ્ય રીતેશ વસાવાએ આ મંજૂર થયેલા વિકાસ કાર્યોને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ નિર્ણયથી ગ્રામીણ અને ઔદ્યોગિક વિસ્તારો વચ્ચેનું અંતર ઘટશે અને સ્થાનિક નાગરિકોના જીવનધોરણમાં સુધારો થશે. ઉલ્લેખનીય છે કે GIDC દ્વારા ઉઘરાવવામાં આવતા સંકલિત વેરાના 33 ટકા હિસ્સાનો ઉપયોગ નિર્દિષ્ટ વિસ્તારોની હદમાં આવેલા ગામોના વિકાસ માટે કરવામાં આવે છે. આ બેઠકમાં GIDCના અધિકારીઓ અને સમિતિના સભ્યો પણ હાજર રહ્યા હતા. મંજૂર થયેલા ખર્ચની વિગત નીચે મુજબ છે: ભરૂચ - રૂ. 2.11 કરોડ, અંકલેશ્વર - રૂ. 9.90 કરોડ, પાનોલી - રૂ. 10.46 કરોડ, ઝઘડિયા - રૂ. 8.69 કરોડ, પાલેજ - રૂ. 0.89 કરોડ, વાલિયા - રૂ. 0.40 કરોડ

# ભીલાડ હાઈવે પરથી વલસાડ SOG એ દેશી તમંચા સાથે યુવક ઝડપી પાડ્યો

### તમંચા પ્રકરણમાં ઉત્તર પ્રદેશનું કનેક્શન બહાર આવ્યું

• વલસાડ/ભીલાડ




વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ બાતમીના આધારે ભીલાડ નેશનલ હાઈવે પરથી એક શખ્સને ગેરકાયદેસર દેશી બનાવટના તમંચા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી હથિયાર ક્યાંથી લાવવામાં આવ્યું હતું તે દિશામાં તપાસ તેજ કરી છે.

ઘટનાની વિગત મુજબ, વલસાડ SOGને બાતમી મળી હતી કે એક યુવક હથિયાર સાથે ભીલાડથી મુંબઈ તરફ જતા રોડ પર પસાર થનાર છે. જે અંતર્ગત નરોલી ઓવરબ્રિજ પાસે વો ચ ગોઠવી પોલીસે શંકાસ્પદ હાલતમાં જણાતા સૌરભ ઉર્ફે છોટુ સંતોષ શર્મા (ઉ.વ. ૨૬) ને અટકાવ્યો હતો. તેની તલાશી લેતા કબ્જામાંથી ૧૫,૦૦૦ની કિંમતનો ગેરકાયદેસર દેશી હાથ બનાવટનો તમંચો મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી મૂળ ઉત્તર પ્રદેશના રાયબરેલીનો વતની છે અને હાલ વાપી GIDC વિસ્તારમાં રહે છે. પોલીસે હથિયાર કબજે કરી આરોપીની અટકાયત કરી છે અને તેની વિરુદ્ધ ભીલાડ પોલીસ મથકમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધરમપુરના પ્રોહિબિશનના ગુનામાં ફરાર 'જીગો ટાલ' ઝડપાયો



• વલસાડ

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB)ની ટીમે બાતમીના આધારે ધરમપુર પોલીસ મથકના પ્રોહિબિશન (દારૂબંધી) ના ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે.

મળતી વિગતો મુજબ, ધરમપુર પોલીસ મથ કે નોંધાયેલા પ્રોહિબિશન એક્ટના ગુનામાં કપરાડા તાલુકાના ખડકવાડ ગામનો જીજ્ઞેશભાઈ ઉર્ફે જીગો ટાલ ઝીપરભાઈ ભોયા (ઉ.વ. ૪૩) પોલીસને થાપ આપી નાસતો-ફરતો હતો. વલસાડ LCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે આ આરોપી ધરમપુર વિસ્તારમાં છે, જેના આધારે વોચ ગોઠવીને તેને દબોચી લેવામાં આવ્યો હતો. LCB દ્વારા આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને વધુ તપાસ માટે તેનો કબજો ધરમપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

વિરોધ

### ચૂંટણી બહિષ્કારનું એલાન : 'સ્મશાન નહી તો વોટ નહી'

# અમદાવાદના થલતેજ વોર્ડના ભાડજ ગામમાં ભાજપ અને AMC વિરુદ્ધ આક્રોશ

### પાયાની જરૂરિયાત આપવામાં વાંધો વચકો : 'સ્મશાન નહીં તો વોટ નહીં'

• અમદાવાદ

સ્માર્ટ શહેર અમદાવાદની આ એક તસવીર જુઓ! જ્યાં નેતાઓના નામ મોટા દર્શન ખોટા વાળી કહેવત સાચી ઠરે છે. થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્મશાનની તકલીફ છે, અનેક રજૂઆત છતાં પણ ચૂંટાયેલા નેતાઓ અને AMC આંખ આડા કાન કરી રહ્યું છે, આખરે લોકોએ કંટાળી 'સ્મશાન નહીં તો વોટ નહીં'ના પોસ્ટરો સાથે ભાજપ અને AMC સત્તાધીશોનો વિરોધ કર્યો છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્થાનિક સુવિધાઓના અભાવે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. લાંબા સમયથી સ્મશાનગૃહની માંગણી સંતોષવામાં ન આવતા ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. વિકાસના દાવાઓ વચ્ચે પાયાની જરૂરિયાત ગણાતી સ્મશાનની સુવિધા ન મળતા ગ્રામજનોએ એકસૂરે આગામી ચૂંટણીઓના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે અને ગામના પ્રવેશદ્વારો પર વિરોધ પ્રદર્શન કરતા બોર્ડ લગાવી દીધા છે. આ વિરોધ પ્રદર્શનમાં ભાડજ ગામના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા છે. ગામના




રહીશોનું કહેવું છે કે, આધુનિક અમદાવાદમાં સમાવિષ્ટ હોવા છતાં તેમના વિસ્તારમાં અંતિમ સંસ્કાર માટે કોઈ વ્યવસ્થા નથી. જ્યારે પણ ગામમાં કોઈનું મૃત્યુ થાય છે, ત્યારે મૃતદેહને છેક એસ.જી. હાઈવે ઓળંગીને દૂર આવેલા થલતેજ સ્મશાનગૃહ સુધી લઈ જવો પડે છે. ટ્રાફિક અને અંતરના કારણે અંતિમ યાત્રામાં જે મુશ્કેલીઓ પડે છે તેનાથી કંટાળીને હવે ગ્રામજનોએ 'સ્મશાન નહીં તો વોટ નહીં'નું સૂત્ર બુલંદ કર્યું છે. ભાડજ ગામમાં હાલ ઠેર-ઠેર ભાજપ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) વિરુદ્ધ બેનરો જોવા મળી રહ્યા છે. આ બેનરોમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, 'જ્યાં સુધી સ્મશાનનું નિર્માણ નહીં થાય, ત્યાં સુધી ભાજપના કોઈ પણ નેતા કે AMCના પદાધિકારીઓએ ગામમાં પ્રવેશ કરવો નહીં.' ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા આ બાબતે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. બીજી તરફ, આ મામલે રાજકીય વિવાદ પણ છેડાયો છે. સ્થાનિક કોર્પોરેટરે ગ્રામજનોની આ માંગણીને ગેરવાજબી ગણાવતા તર્ક આપ્યો છે કે થલતેજ વોર્ડમાં પહેલેથી જ બે સ્મશાનગૃહ કાર્યરત છે.

### બગદાણામાં હુમલાની ઘટનાના મામલે

# રાણપુર તાલુકા કોળી સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું, કડક સજાની માગ

આક્રોશ

### રાણપુર તાલુકામાં કોળી સમાજમાં ભારે રોષ ફેલાયો

• વિપુલ લુહાર

બગદાણામાં હુમલાની ઘટના મામલે બોટાદ જીલ્લાના રાણપુર તાલુકામાં કોળી સમાજમાં ભારે રોષ ફેલાયો છે.આરોપીઓને કડક સજાની માંગ સાથે રાણપુર મામલતદાર ને આવેદનપત્ર આપ્યુ હતુ.બગદાણામાં કોળી સમાજના યુવક પર થયેલા હુમલાને પગલે રાણપુર તાલુકા કોળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ મામલે આરોપીઓને કડકમાં કડક સજા કરવાની માંગ સાથે આજે કોળી સમાજ દ્વારા રાણપુર મામલતદાર કે.બી.ગોહીલ ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ આવેદનપત્ર બગદાણાના સ્વયમ સેવક નવનીતભાઈ બાલધીયા પર તાજેતરમાં થયેલા હુમલાના વિરોધમાં આપવામાં આવ્યું.. કોળી સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે આ હુમલો અત્યંત ગંભીર છે અને આવા કૃત્યોને કોઈપણ ભોગે સહન કરવામાં આવશે નહીં.રાણપુર તાલુકા કોળી સમાજે માંગ કરી છે કે આ સમગ્ર ઘટનાની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. દોષિતોને કાયદા મુજબ કડકમાં કડક સજા ફટકારવામાં આવે જેથી ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય સાથે રાણપુર તાલુકા કોળી સમાજે ચિમકી ઉચ્ચારી છે કે જો નવનીતભાઈ બાલધીયા ને યોગ્ય ન્યાય નહી મળે તો આગામી દિવસોમાં ગાંધી ચિંન્ધા માર્ગે આંદોલન કરવામાં આવશે. રાણપુર મામલતદાર ને આવેદનપત્ર આપવા સમયે રાણપુર તાલુકા કોળી સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.



# ડભોઈ કરજણ રેલવે લાઈન: બ્રોડગેજનું કામ પૂર્ણ છતાં ટ્રેન શરૂ ન થતા જનતામાં રોષ

### રેલવે મુસાફરોની હાલાકીને ધ્યાને રાખીને ટ્રેન શરૂ કરવા માગ કરવામાં આવી

• ફકીરા ખત્રી ડભોઈ

GMને રજૂઆત ડભોઈ અને કરજણ વચ્ચેના રેલવે માર્ગનું નેરોગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતર થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી નથી. આ મામલે રેલવે મુસાફરોની હાલાકીને ધ્યાને રાખીને DRUCC (ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી) દ્વારા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) ને લેખિત રજૂઆત કરવામાં આવી છે. મુખ્ય મુદ્દાઓ અને મુસાફરોની વ્યથા D RUCC ના સભ્ય એમ. હબીબ લોખંડવાલા દ્વારા કરવામાં આવેલી ર જૂ આતમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવી છે: સફળ ટ્રાયલ બાદ પણ વિલંબ ડભોઈ-ક રજ ણ રૂટ પર બ્રોડગેજનું કામ પૂર્ણ થ ઈ ચૂક્યું છે અને રેલવે તંત્ર દ્વારા તેનું ટ્રા યલ રન પણ સફળતાપૂર્વક કરી લેવામાં આવ્યું છે. આમ છતાં, નિયમિત ટ્રેન સેવા શરૂ કરવામાં તંત્ર દ્વારા થઈ રહેલો વિલંબ અકળાવનારો છે. આર્થિક બોજ ટ્રેન સેવા ઉપલબ્ધ ન



હોવાથી મધ્યમ અને ગરીબ વર્ગના મુસાફરોએ ખાનગી વાહનો કે એસ.ટી. બસ પર નિર્ભર રહેવું પડે છે, જે રેલવેની સરખામણીએ ઘણી મોંઘી પડે છે રોજગાર પર અસર: ડભોઈ અને કરજણ વચ્ચે મોટી સંખ્યામાં શ્રમિકો અને નોકરિયાત વર્ગ અવરજવર કરે છે. ટ્રેન ના અભાવે તેઓ સમયસર કામના સ્થળે પહોંચી શકતા નથી, જેની સીધી અસર તેમના વેતન અને રોજગાર પર પડી રહી છે વિદ્યાર્થીઓની પરેશાની: આ રૂટ પર અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓને શાળા-કોલેજ પહોંચવામાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. તેમના સમય અને નાણાં બંનેનો વ્યય થઈ રહ્યો છે માંગણી જો આ રૂટ પર ત્વરિત પેસેન્જર ટ્રેન શરૂ કરવામાં આવે તો હજારો મુસાફરોને સસ્તી અને સલામત મુસાફરીનો લાભ મળી શકે તેમ છે. આનાથી માત્ર મુસાફરોને જ નહીં, પરંતુ વિસ્તારના વેપાર અને ઉદ્યોગ જગતને પણ મોટો ફાયદો થશે- એમ. હબીબ લોખંડવાલા (સભ્ય, DRUCC) નિષ્કર્ષ સ્થાનિક લોકોની એક જ માંગ છે કે રેલવે તંત્ર વહેલી તકે આ રૂટ પર પેસેન્જર ટ્રેન દોડાવવાનું શરૂ કરે, જેથી સા માન્ય જનતાને હાલાકીમાંથી મુક્તિ મળે અને રેલવેના કરોડોના ખર્ચે બનેલા બ્રોડગેજ ટ્રેકનો સાચો ઉપયોગ થાય.

# વંથલી સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.તુષાર જેઠવાની બદલી કરવા માંગ ઉઠી

### કલેક્ટર અને જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિત રજૂઆત

• જીજ્ઞેશ પટેલ માણાવદર વંથલી

જુનાગઢ જિલ્લાના વંથલી શહેર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા અને અનેકવાર વિવાદમાં આવી ચૂકેલા ડો.તુષાર જેઠવાની બદલી કરવા ફરી એકવાર માંગ ઉઠી છે. સર્વજ્ઞાતિ હિત રક્ષક સમિતિએ કલેક્ટર અને જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિત રજૂઆત કરી જણાવ્યું કે ડો.તુષાર જેઠવા અવારનવાર દર્દીઓ સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરે છે.દર્દીઓને પૂરતી સારવાર પણ આપતા ન હોવાની રાવ કરી છે.

વધુ માં જણાવ્યું કે એક વર્ષ અગાઉ પણ વંથલીના રહીશ જાવિદ વાજા નામના વ્યક્તિને હૃદય રોગનો હુમલો આવેલ,ત્યારે પણ જરૂરિયાત મુજબ ડો.તુષાર જેઠવા દ્વારા પ્રાથમિક સારવાર ન અપાતા સારવાર અર્થે જૂનાગઢ જતા હતા તે સમયે જ રસ્તામાં મૃત્યુ પામેલ છે.તેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.વધુમાં મૃતક સાથે પણ ગેર વર્તન કર્યું હોવાનું ખુદ મૃતક દ્વારા જ મૃત્યુ પહેલા કોલ કરી અન્ય આગેવાનોને જણાવ્યું હતું. તે કોલ રેકોર્ડિંગ પણ વાયરલ થયું હતું.

ત્યારે તાજેતરમાં જ વંથલીના જાણીતા સામાજિક અગ્રણી હાર્દિક વાણીયા ની સાથે પણ અસભ્યતા ભર્યું વર્તન કરવામાં આવ્યું છે. રજૂઆત દરમિયાન વધુમાં જણાયું છે કે આ ડોક્ટરને કારણે ભવિષ્યમાં કોઈ માનવ મૃત્યુ થશે તો જવાબદાર કોણ બનશે ? તેવા ગંભીર સવાલો સાથે અવારનવાર વિવાદોની વચ્ચે સપડાયેલા રહેતા ડો.તુષાર જેઠવાની બદલી કરવા શહેરીજનોએ માંગણી કરી છે.

## ડભોઈ -કરજણ રૂટ પર પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરવાની માગ ઉઠી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ -કરજણ વચ્ચે પેસેન્જર ટ્રેન સેવા તાત્કાલિક શરૂ કરવા ડી.આર.યુ.સી.સી.(ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી)ના સભ્યએ પશ્ચિમ રેલવેના જૈનરલ મેનેજરને રજૂઆત કરી છે. ડી.આર.યુ.સી.સી. સભ્ય એમ. હબીબ લોખંડવાલાની રજૂઆત હતી કે, ડભોઈ-કરજણ સુધીનો રેલ માર્ગ । નેરોગેજ માંથી બ્રોડગેજ માં રૂપાંતરિત થઈ ચુક્યો છે અને તેનું ટ્રાયલ રન પણ ઘણા સમય પહેલાં સફળ થયું હોવા છતાં નિયમિત પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી નથી. છે. દૈનિક મુસાફરો અને શ્રમિકોના રોજગાર પર અસર, મોંઘા રોડ ટ્રાન્સપોર્ટનો વધારાનો બોજ, । વિદ્યાર્થીઓને કોલેજ-સ્કૂલ આવાગમનમાં સમય અને ખર્ચ બંને વધ્યા, કામના સ્થળે સમયસર ન પહોંચતા રોજગારમાં અવરોધ વગેરે સમસ્યાઓ થઈ રહી છે. આ રૂટ પર પેસેન્જર ટ્રેન થાય તો અસંખ્ય મુસાફરોને રાહત થશે તેમજ વેપાર, રોજગાર અને શિક્ષણ ક્ષેત્રે સુગમતા થાય આવાં સંજોગો માં સસ્તી અને સલામત મુસાફરી નો લાભ મેળવી શકે છે

### કુદરતી વેલોએ ઝાડને એવી રીતે ઢાંકી દીધા છે કે તે એક મનોહર આકૃતિ સમાન ભાસે છે

# ડભોઈના પલાસવાડા પાસે ગ્રીન ડેકોરેશન' પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ચોમાસાની ઋતુમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠે છે, ત્યારે વડોદરા-ડભોઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય માર્ગ પર કુદરતનું એક અદભૂત સર્જન જોવા મળી રહ્યું છે. ડભોઈના પલાસવાડા ફાટક પાસે કુદરતી રીતે ઉગી નીકળેલી વેલોએ ઝાડ પર એવું સુંદર 'ડેકોરેશન' કર્યું છે કે જાણે કોઈ નિષ્ણાંત ડેકોરેટરે લાખોના ખર્ચે આખું વન શણગાર્યું હોય મુખ્ય આકર્ષણો કરોડોનું કામ કુદરતે મફતમાં કર્યું: સામાન્ય રીતે આવું ડેકોરેશન કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે, પરંતુ અહીં કુદરતી વેલોએ ઝાડને એવી રીતે ઢાંકી દીધા છે કે તે એક મનોહર આકૃતિ સમાન ભાસે છે.સેલ્ફી



પોઈન્ટ બન્યું પલાસવાડા: સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) તરફ જતાં પ્રવાસીઓ અને સ્થાનિક મુસાફરો આ નયનરમ્ય દ્રશ્યો જોઈને પોતાના વાહનો થોભાવી રહ્યા છે. લોકો અહીં ઉભા રહીને ફોટોગ્રાફી અને સેલ્ફીનો આનંદ માણી રહ્યા છે.ગ્રીન કાર્પેટ જેવો નજારો: સમગ્ર માર્ગ પર કુદરતી હરિયાળીની ચાદર પથરાઈ હોય તેવું દ્રશ્ય સર્જાયું છે, જે પ્રવાસીઓના મન મોહી રહ્યું છે આ કુદરતી સુંદરતા જોઈને એવું લાગે છે કે આપણે કોઈ વિદેશી લોકેશન પર આવી ગયા હોઈએ. પલાસવાડા પાસેનું આ દ્રશ્ય ખરેખર અવિસ્મરણીય છે.' - એક પ્રવાસી મુસાફરો માટે સૂચના આ માર્ગ મુખ્ય હાઈવે હોવાથી, ફોટા પાડવા મા ટે વાહન ઉભું રાખતી વખતે ટ્રાફિકને અડચણ ન થાય તેનું ધ્યાન રાખવા વહીવટી તંત્ર દ્વારા પણ અપીલ કરવામાં આવે છે.

# પોરબંદર હાર્બર મરીન પોસ્ટ વિસ્તારમાં ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરના પાછળના ભાગેથી યુવાનની લાશ મળી


### દરિયામાં પડી આપઘાતની આશંકા, હાર્બર મરીન પોલીસ તપાસમાં

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેરના નવા કુંભારવાડા વિસ્તારની શેરી નં.૨૨માં રહેતા અને મજૂરી કામ કરતા વિપુલભાઈ ભુપતભાઈ પરમાર (જાતે કોળી), ઉંમર આશરે ૪૦ વર્ષ, યુવાનની લાશ મળી આવતા વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મળેલી લાશ પર યુવાને આસમાની બ્લ્યુ કલરનું આખી બાંયનું ટી-શર્ટ તેમજ બ્લેક કલરની લેગી પહેરેલી હતી. તેમજ જમણા હાથના કાંડા ખાતે સાંકળ પ્રકારની ચેન (વિટેલ) દેખાઈ આવી હતી. લાશ મળ્યાની જાણ થતાં હાર્બર મરીન પોલીસ દ્વારા સ્થળ પર પહોંચી લાશનો કબજો લઈ સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે ખસેડવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં યુવાને દરિયામાં પડી આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ સમગ્ર મામલે હાર્બર મરીન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ યુવાનના મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

# વાપીમાં નશાના નેટવર્ક પર વલસાડ SOGની સ્ટ્રાઈક: ૨ કિલોથી વધુ ગાંજા સાથે બિહારના ૩ શખ્સો ઝડપાયા

• વાપી



વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને વાપી ઉદ્યોગનગર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી વાપી GIDC વિસ્તારમાંથી ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીઓને દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી ૨.૧૩૦ કિલોગ્રામ ગાંજો અને વાહન મળી કુલ ૧.૯૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી જેલભેગા કર્યા છે.

ઘટનાની વિગત મુજબ, વાપી GIDC ગુંજન વિસ્તારમાં રામલીલા ગાર્ડન સામેથી પસાર થતી એક પલ્સર મોટરસાયકલને અટકાવી પોલીસે તલાશી લેતા તેમાં થી ૧,૦૬,૫૦૦ની કિંમતનો ૨.૧૩૦ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી સૌરવકુમાર રણજીત શાહ, વિક્કીકુમાર દિવાકર શાહ અને કુણાલકુમાર ઉપેન્દ્ર શાહ (તમામ રહે. ડાભેલ, દમણ, મૂળ રહે. બિહાર) ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત ૫૫,૦૦૦ની મોટરસાયકલ અને ૩૦,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ ૧,૯૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ત્રણેય આરોપીઓ બિહારના વતની છે અને હાલ દમણ ખાતે રહી નશાનો કારોબાર ચલાવતા હતા.

**આક્રોશ** અંતે કૂતરાં પણ જીવ છે, તેમને પણ દુઃખ થાય છે અને તેમને પણ જીવવાનો અધિકાર

# જાહેર સ્થળેથી રસ્તા પર રહેતા કૂતરાંઓને દૂર કરવાના નિર્ણય સામે પોરબંદરમાં શાંતિપૂર્ણ વિરોધ

### જીવદયાપ્રેમીઓએ કહ્યું - કરુણા, સહઅસ્તિત્વ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને અવગણતો નિર્ણય

• વિરમભાઈ કે. આગઠ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર જગ્યાઓમાંથી રસ્તા પર રહેતા કૂતરાંઓને દૂર કરવા અંગે લેવાયેલા નિર્ણયને લઈને સમગ્ર દેશના જીવદયાપ્રેમીઓમાં ચિંતા અને વ્યથા વ્યાપી ગઈ છે. આ નિર્ણય કાયદાકીય દૃષ્ટિએ લેવાયો હોવા છતાં તેની માનવતા, ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક મૂલ્યો સાથેની સુસંગતતા અંગે પ્રશ્નો ઊભા થયા છે. આ નિર્ણય પર પુનર્વિચારણા કરવામાં આવે તેવી માંગ સાથે પોરબંદર શહેરના અનેક જીવદયાપ્રેમી નાગરિકો, પ્રાણીપ્રેમી સંસ્થાઓ તથા સ્વયંસેવકો દ્વારા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ વિરોધ કોઈ સંસ્થા કે વ્યક્તિ વિરુદ્ધ નહોતો, પરંતુ દયા, કરુણા અને સહઅસ્તિત્વ જેવા સંસ્કારિક મૂલ્યોને ઉજાગર કરવાનો પ્રયાસ હતો. વિરોધ દરમિયાન જણાવવામાં આવ્યું કે ભારતીય સંસ્કૃતિ "વસુધૈવ કુટુંબકમ્"ના ભાવ પર આધારિત છે, જેમાં સમગ્ર વિશ્વને એક પરિવાર માનવામાં આવે છે. હિંદુ ધર્મમાં ભગવાન ભૈરવ સાથે કૂતરાનું વિશેષ સ્થાન છે, જ્યારે જૈન અને બૌદ્ધ ધર્મમાં અહિંસા પરમો ધર્મનો સિદ્ધાંત અનુસરવામાં આવે છે. સીખ અને ઈસ્લામ ધર્મમાં પણ કરુણા, સંભાળ અને જવાબદારી પર ભાર મૂકવામાં આવ્યો છે. જીવદયાપ્રેમીઓએ જણાવ્યું કે રસ્તા પર રહેતા કૂતરાં કોઈ ગુનેગાર નથી, પરંતુ બિનયોજિત શહેરીકરણ અને માનવ બેદરકારીનું પરિણામ છે.

તેમને દૂર કરવાને બદલે જન્મ નિયંત્રણ, રસીકરણ, યોગ્ય સંભાળ અને જનજાગૃતિ જેવા માનવીય અને વૈજ્ઞાનિક ઉકેલો અપનાવવાની જરૂર છે. પ્રદર્શન દરમિયાન સ્પષ્ટ કરવામાં આવ્યું કે ન્યાયપાલિકા અને કાયદાનો સંપૂર્ણ સન્માન છે, પરંતુ ન્યાયમાં માનવતા, સંવેદનશીલતા અને કરુણાનો સમાવેશ પણ આવશ્યક છે. હિંસા કે બળજબરી કોઈ ઉકેલ નથી, સહઅસ્તિત્વ અને દયા જ સાચી પ્રગતિનો માર્ગ છે. અંતમાં જીવદયાપ્રેમીઓએ સરકાર અને ન્યાયપાલિકાને અપીલ કરી કે આ નિર્ણય પર ફરીથી વિચારણા કરી ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક મૂલ્યોઅનેમાનવતાનેધ્યાનમાંરાખીપ્રાણીઓના હિતમાં યોગ્ય નીતિ અપનાવવામાં આવે. કારણ કે અંતે કૂતરાં પણ જીવ છે, તેમને પણ દુઃખ થાય છે અને તેમને પણ જીવવાનો અધિકાર છે.



### ડભોઈ તાલુકા ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાના હસ્તે ખાતમૂહુર્ત કરાયું

# ચાણોદ ખાતે ચાણોદ 50 લાખના ખર્ચે સુવિધા પથ સીસી રોડનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું

**સુવિધામાં વધારો થશે** ચાણોદ ભીમપુરા બદ્રીકાશ્રમ ગામ ખાતે આવતા જતા લોકોને લાભ મળશે

• મુકેશ ખત્રી ચાણોદ

ડભોઈ તાલુકા ના તીર્થસ્થાન ચાણોદ ખાતે થી ચાણોદ ભીમપુરા બદ્રીકાશ્રમ માર્ગ પર થી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ સહિત પંથકના ગ્રામજનો ની મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય ત્યારે આ માર્ગ પર ઠેકઠેકાણે ખાડાઓ રોડ તૂટેલા હોય આજરોજ ચાણોદ બસ સ્ટેન્ડ ખાતે ચાણોદ ભીમપુરા બદ્રિકાશ્રમ ગામ ખાતે સરકાર શ્રી ની સુવિધા પથ યોજના હેઠળ સીસી રોડ ૦ થી ૪૫૦ કિમી નો આરસીસી રોડ રૂપિયા 50 લાખ ના ખર્ચે તૈયાર થનાર રોડ નું ભૂમિ પૂજન ડભોઈ તાલુકા ના ધારાસભ્ય શૈલેષ મહેતા ના હસ્તે બપોરે 1:00 કલાકે ચાણોદ બસ સ્ટેન્ડ ખાતે કરવામાં આવ્યું હતું ચાણોદ ના ભૂદેવશાસ્ત્રોક શાસ્ત્રો વિધિ વિધાન સાથે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ અશ્વિનભાઈ વકીલ સહિત ચાણોદના તાલુકા સદસ્ય ચાણોદ ના સરપંચ માંડવાના સરપંચ સહિત નગરજનો ચાણોદ વિભાગના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આરસીસી રોડ તૈયાર થઈ જતા ચાણોદ ભીમપુરા બદ્રીકાશ્રમ ગામ ખાતે આવતા જતા લોકો સ્થાનિકોને યાત્રિકોને લાભ મળશે.આ પ્રસંગે હાલ બસ ચાણોદ ખાતે ગામમાં બસ ના આવતી હોય જેથી લોકોને તકલીફ પડી રહી હોય અનુલક્ષીને ચાણોદ ખાતે બસ વાયા જુના માંડવા થઈ ચાણોદ ખાતે બસ આવે તો લોકોની મુશ્કેલી ઓછી થાય એબાબતે ડભોઈ તાલુકા ના ધારાસભ્ય ને રજૂઆત કરાઈ હતી ડભોઈ તાલુકા ધારાસભ્ય એ ચાણોદ ના જુના પ્રોજેક્ટ અનુલક્ષીને વિકાસ અંગે માહિતી આપી હતી .



# રાણપુર તાલુકાના ધારપીપળા ગામે આવતીકાલે બજરંગદાસબાપાની તિથીવાર ની ભવ્ય ઉજવણી

### સર્વજ્ઞાતિ ની 61દીકરીઓના સમૂહ લગ્ન તેમજ લોકમેળો અને લોક ડાયરો યોજાશે

• વિપુલ લુહાર,રાણપુર

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે બોટાદ જિલ્લાનો સૌથી મોટો સમૂહ લગ્ન મહોત્સવ અને લોકમેળો અંદાજે ૭૫ વિઘા જેટલું વિશાળ જમીન માં યોજાશે ધારપીપળા તાલુકા રાણપુર ખાતે તારીખ ૭/૧/૨૦૨૬ ના રોજ ધારપીપળા ગામ સમસ્ત સનાતન હિંદુ ધર્મની સર્વ સમાજની જરૂરિયાતમંદ એકશઠ દીકરીઓનો 11 મો સમૂહ લગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને સાથે જેને રાણપુર તાલુકા નો મીની કુંભ મેળો કહી શકાય એવો સહુ થી મોટો લોક મેળો યોજાશે આ સમૂહ લગ્ન મહોત્સવ અને લોક મેળા ના મુખ્ય આયોજક જેમાંભાઈ ધરજીયા એ જણાવ્યું કે આ સમૂહ લગ્નમાં એકસઠ દીકરીઓના સમૂહ લગ્ન ઉત્સવ થશે તેમ જ આ સમૂહ લગ્ન માં અંદાજે પંચોતેર હજાર થી વધુ ભાવિક ભક્ત જનો આવનાર છે અને એક અંદાજ મુજબ પચાસ હજાર થી વધુ ભક્ત જનો ભોજન પ્રસાદ લેશે તેવું આયોજન કરેલ છે. આ સમૂહ લગ્ન ની વિશેષતા એ છે કે 15 ગામના માતાઓ બહેનો સવારથી ત્યાં આવી જશે અને સાંજ સુધી સતત કીર્તન આરાધના નો કાર્યક્રમ કરશે એ સિવાય બીજો વિશેષ કાર્યક્રમ એ છે કે લગ્ન સ્થળમાં માં અંદર દાખલ થાવ ત્યાં જમણા હાથે સવાર સાત વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી સળંગ અખંડ સંતવાણી ભજન નો કાર્યક્રમ ચાલુ રહેશે. તેમજ આ ગામના જ પૂજ્ય હરિરામ બાપુ દેસાણીને પૂછતા જણાવે છે કે આ સમૂહ લગ્ન મહોત્સવ ના ઉદઘાટક અને અધ્યક્ષ તરીકે શ્રી વીરભૂષણ ધર્મ રક્ષક શ્રી વિજયસિંહ બાપુ દાદાબાપુ ધામ પચ્છમ રહેશે તેમજ આ કાર્યક્રમમાં આવનાર પરમ પૂજ્ય સંતો મહંતો જેમાં મહામંડલેશ્વર 1008 શ્રી પતિત પાવનદાસજી મહારાજ નાગનેશ ધામ તેમજ મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી નિર્મળદાસજી મહારાજ કાપડીયાળી તેમજ સેવા ભૂષણ મહંત શ્રી શાંતિલાલ અઢીઆખરી મેલડી માં લીમડી તેમજ સેવાના ભેખધારી એવા શ્રી ગોપાલદાસજી મહારાજ અઘોરી મસાણી મેલડી માનુ મંદિર ગોધાવટા એમજ સનાતન સેવા ન ભેખધારી શ્રી પ્રવીણ સિંહ ગોહિલ જેઓ સમગ્ર કાર્યક્રમ નું સંકલન અને સંચાલન અને આયોજન નું માર્ગદર્શન કરશે તેઓ ખાસ ઉપસ્થિત રહેશે તેમજ તેઓ એ વધુમાં જણાવેલ કે નાના બાળકો માટે અને કિશોરો માટે એક આનંદ મેળા ની પણ મોટી વ્યવસ્થા કરવામાં આવી છે તે સિવાય આ કાર્યક્રમમાં આખો દિવસ 400 જેટલા નાના મોટા વેપારીઓ પાથરણા લઈ અને ત્યાં પોતાની વસ્તુ લાવી અને વેપાર કરશે અને સાથે સાથે આ લગ્ન મહોત્સવ આવા જરૂરિયાતમંદ લોકો ને રોજગારી માટે ઉપયોગી થશે તેમજ તેઓ શ્રી એ વધારેમાં જણાવેલ કે છેલ્લા એકવીસ વરસ થી પૂજ્ય બજરંગ દાસ બાપા ના ભંડારો કરે છે એક સર્વે મુજબ બજરંગ દાસ બાપા ના ભંડારા નિમિતે બગદાણા પછી સમગ્ર ગુજરાત માં આ બીજા નંબર ના મોટો કાર્યક્રમ થવા જઈ રહ્યો છે.તેમજ સમગ્ર ગુજરાત માં થી આ મીની કુંભ માં અંદાજે ૫૦૦ જેટલા સંતો પણ પધારવા હોય હાલ તેની તૈયારી પૂર જોશ માં ચાલી રહી છે.

# નોઘણવદર શાળાના ૧૫૦મા સ્થાપના દિવસની ભાવપૂર્ણ ઉજવણી



• વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ભાવનગરના પાલીતાણા તાલુકાના નોઘણવદરની પ્રા. શાળાના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા કલેકટર શ્રી મનિષ બંસલના અધ્યક્ષસ્થાને સુંદર કાર્યક્રમનુ તા. 3/1/26 શનિવારે આયોજન કરવામાં આવ્યું.જેમાં શાળાના ભૂતપૂર્વ શિક્ષકોનુ સન્માન ગામના ઉધોગપતિઓ અને ગામના દાતાશ્રીઓનુ મોમેન્ટ અને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યું. શાળાના બાળકો દ્વારા વિવિધ વેશભૂષાઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામા આવ્યો. આ કાર્યક્રમમાં કલેકટરશ્રી ઉપરાંત પાલીતાણા પ્રાંત અધિકારી શ્રી અંકીત પટેલ,ડી વાય એસ પી શ્રી મહિર બારીઆ,મામલતદાર શ્રી અર્જુનસિંહ ડોડીયા સહિતના અધિકારીઓએ ખાસ હાજરી આપી હતી.

નોઘણવદર ગામના ઉધોગપતિઓ, દાતાશ્રીઓ સહિત સૌએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી. ૧૫૦મા સ્થાપના દિવસે પધારેલ મહેમાનો માટે ભોજન વ્યવસ્થા કેવિન મુકેશભાઈ દવે તરફથી અને તમામ બાળકોને સેવ ખમણ શિક્ષક શ્રી કપિલભાઈ બારૈયા તરફથી કરવામાં આવી હતી. ગ્રામજનો શિક્ષણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

# તાલાલાના રિસોર્ટમાં દરોડા, દારૂની મહેફિલ માણતા પાંચ શખ્સો પકડાયા, સંચાલકની પણ ધરપકડ

• ગીર


ગીર સોમનાથ એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમોએ એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને તાલાલામાં ચાલતી દારૂની મહેફિલ પર દરોડો પાડ્યો છે. તાલાલાના એક રિસોર્ટમાંથી દારૂના નશામાં ચૂર 5 લોકોને ઝડપી, રિસોર્ટના સંચાલકની પણ ધરપકડ કરી છે. 21,76,000નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ચોક્કસ બાતમીને આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં તાલાલાના ચિત્રોડ ગામની સીમમાં આવેલા 'લોટસ લક્ઝરી રિસોર્ટ' દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં 5 ઈસમો દારૂની મહેફિલ માણી રહ્યા હતા અને નશો કરેલી હાલતમાં હતા. જેથી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તાલાલા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. બીજી તરફ રિસોર્ટ સંચાલક પર સંકજો કસવામાં આવ્યો છે. ઝડપાયેલા યુવકો રાજકોટના હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા 6 આરોપીઓમાં -આકાશ મહેશભાઈ ગુર્જર (રિસોર્ટ સંચાલક, વિસાવદર)-શુભમ ગોપાલભાઈ ડોડીયા-હર્ષ પ્રવીણભાઈ ધકાણ-તરંગ નરેશભાઈ કક્કડ-વિશાલ ભરતભાઈ ધકાણ-કિશન મુકેશભાઈ ગોહેલ પોલીસે ઘટનાસ્થળેથી દારૂની બોટલો અને અન્ય સામગ્રી સહિત કુલ રૂપિયા 21,76,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ રોકવા માટે પોલીસ એક્શન મોડમાં છે.

### નરાધમ અજાણ્યા ઈસમ સામે કડક કાર્યવાહી કરવા માંગ, હિંદુ સમાજમાં રોષની લાગણી

# આદિત્યાણા નજીક હિન્દુ સમાજમાં ગૌમાતા તરીકે પૂજનીય તે ગાયમાતા પર કુવાડીથી હુમલો

• વિરમભાઈ કે.આગઠ





પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના આદિત્યાણા ગામે હિંદુ સમાજ માટે પૂજનીય ગણાતી ગાયમાતા પર અમાનવીય હુમલાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આદિત્યાણા ગામ નજીક દશટાંક વિસ્તારમાં ચુનારવાડના ખુણા પાસે તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ રાત્રિના અંદાજે નવ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ગાયમાતા પર કુવાડીથી હુમલો કરાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, આદિત્યાણા ગૌસેવા ગ્રુપના સભ્ય ગુલાબ મનસુખભાઈ જોષીને તેમના ગ્રુપના સભ્યો દ્વારા ફોન કરી જાણ કરવામાં આવી હતી કે ચુનારવાડના ખુણા પાસે એક ગાયમાતા પીઠના ભાગે કુવાડી વાગેલી હાલતમાં લોહી વહેતી સ્થિતિમાં ઉભી છે. જાણ થતાં જ ગુલાબભાઈ જોષી તથા ગૌસેવા ગ્રુપના અન્ય સભ્યો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઘટનાસ્થળે પહોંચ્યા બાદ જોતા ગાયમાતા ગંભીર રીતે ઘાયલ થઈ વાડામાં ઘુસી ગઈ હતી અને હુમલામાં વપરાયેલ કુવાડી ત્યાં જ પડી હતી. ગાયના શરીરમાંથી ભારે પ્રમાણમાં લોહી નીકળતું હોવાથી પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી. આથી ગૌસેવા ગ્રુપ દ્વારા તાત્કાલિક ઝીઝરકા વિસ્તારમાં ગાયોની સેવા કરતા મુન્નાભાઈને જાણ કરવામાં આવી હતી. મુન્નાભાઈએ સૂચના આપી કે ગાયમાતાને તાત્કાલિક ઝીઝરકા વિસ્તારમાં આવેલી ગૌશાળામાં લઈ જવામાં આવે. આ બાદ ગૌસેવા ગ્રુપના સભ્યો દ્વારા ઘાયલ ગાયમાતાને ઝીઝરકા વિસ્તારની ગૌશાળામાં ખસેડવામાં આવી, જ્યાં બાદમાં મુન્નાભાઈ પહોંચ્યા હતા અને ગાયમાતા પર જરૂરી સારવાર કરી ટાંકા લેવામાં આવ્યા હતા. હાલ ગાયમાતા ગૌશાળામાં સારવાર હેઠળ છે. આ ઘટનાને લઈ આદિત્યાણા ગામ તથા આસપાસના વિસ્તારમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. હિંદુ સમાજ માટે માતાનું દરજ્જો ધરાવતી ગાય પર થયેલ આ હુમલાને લઈ લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ મામલે ગુલાબ મનસુખભાઈ જોષી દ્વારા રાણાવાવ પોલીસ સ્ટેશન ખાતે લેખિત અરજી આપી અજાણ્યા હુમલાખોર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સ્થાનિક લોકોએ પણ પોલીસ તંત્રને આ ઘટનાની ગંભીરતાથી તપાસ કરી આરોપીને ઝડપથી ઝડપી કડક સજા આપવામાં આવે જેથી ભવિષ્યમાં આવાઅમાનવીય બનાવો ફરી ન બને. તેવી માંગ ઉઠાવી છે.

# પોરબંદર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

### પ્રજાસત્તાક પર્વની ગરિમાપૂર્ણ ઉજવણી માટે જિલ્લા કલેક્ટરે અધિકારીઓને આપ્યા

• વિરમભાઈ કે. આગઠ



આગામી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉજવાતી રાષ્ટ્રીય પ્રજાસત્તાક પર્વની પોરબંદર જિલ્લા કક્ષાની ઉજવણીનું સુચારુ આયોજન કરવા જિલ્લા કલેક્ટર એસ.ડી. ધાનાણીના અધ્યક્ષસ્થાને પોરબંદર કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે રાષ્ટ્રીય પર્વની ગરિમા જળવાઈ રહે અને નાગરિકોમાં દેશભક્તિની ભાવના પ્રબળ બને તે રીતે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. બેઠક દરમિયાન જિલ્લા કક્ષાના મુખ્ય સમારોહમાં પરેડ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિના ગીતો તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, કાર્યક્રમ સ્થળે બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, ટ્રાફિક નિયંત્રણ, કાયદો-વ્યવસ્થા તેમજ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરવા વિવિધ સમિતિઓની રચના કરી જવાબદારીઓ સોંપવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જિલ્લાની તમામ સરકારી ઈમારતોને રોશનીથી શણગારવા, સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કરવા પણ કલેક્ટરે સૂચન કર્યું હતું. બેઠકમાં વિવિધ સરકારી વિભાગો દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓને પ્રદર્શિત કરતા ટેબ્લો અને સ્ટોલ તૈયાર કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પોરબંદર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વના મુખ્ય કાર્યક્રમ માટે રાણાવાવ સ્થિત સરકારી વિનયન કોલેજને કાર્યક્રમ સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ઈનચાર્જ નિવાસી અધિક કલેક્ટર શ્રીમતી રેખાબા સરવૈયા, અધિક કલેક્ટર એન.બી. રાજપુત, પોરબંદર પ્રાંત અધિકારી સંદીપ જાદવ, નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષ પટેલ, ડીવાયએસપી ધ્રુવલ સુતરીયા તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડી.બી. મહેતા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ સાથે અન્ય કેટલાક અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી પણ બેઠકમાં જોડાયા હતા.

**શંકા-કુશંકા** અરવલ્લી અને જસદણ બાદ હવે ડાંગ જિલ્લામાં બનેલી આ ઘટના થી વિવાદ થયો છે

# ડાંગ ઉત્તર વન વિભાગ માં આવતી પીપલાઈદેવી રેન્જમાં ગેરકાયદે લાકડાની હેરાફેરીમાં વન વિભાગની કામગીરી શંકાના ઘેરામાં

### આરોપીઓને નજીવો દંડ કરી છોડી મુકાતા સ્થાનિકોમાં રોષ; જવાબદાર અધિકારીઓ સામે તપાસની માંગ

•આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના ઉત્તર વન વિભાગ હેઠળ આવતી પીપલાઈદેવી રેન્જમાં ગેરકાયદેસર લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપાયા બાદ, વન વિભાગના અધિકારીઓએ અપનાવેલી કુણી નીતિને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. મહારાષ્ટ્રના આરોપીઓને માત્ર નજીવો દંડ વસૂલીને મુક્ત કરી દેવાની ઘટનાએ વન વિભાગની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ઘટનાની વિગત અને શંકાસ્પદ મુક્તિ

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૦૨/૦૧/૨૦૨૬ના રોજ મોરજીરા ગામ તરફથી ગેરકાયદેસર લાકડાનો જથ્થો ભરીને જઈ રહેલું એક ટ્રેક્ટર (નંબર: MH 41 BR 2997) પીપલાઈદેવી રેન્જના RFO દ્વારા ઝડપી પાડવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા આ ટ્રેક્ટર અને ત્રણ આરોપીઓને રેન્જ ઓફિસ ખાતે લાવવામાં આવ્યા હતા. જોકે, આશ્ચર્યજનક રીતે, આટલા મોટા પ્રમાણમાં લાકડાનો જથ્થો હોવા છતાં, અધિકારીઓએ માત્ર રૂ. ૧૫,૦૦૦/- નો નજીવો દંડ વસૂલી, માત્ર ફોટોગ્રાફી કરીને આરોપીઓ અને ટ્રેક્ટરને ત્વરિત મુક્ત કરી દીધા હતા.

સ્થાનિકોમાં પક્ષપાતી વલણ સામે આક્રોશ

આ ઘટનાને પગલે વન પ્રેમીઓ અને સ્થાનિક આદિવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, જ્યારે ડાંગના આદિવાસીઓ પોતાના ઘરના વપરાશ માટે સામાન્ય લાકડું લાવતા હોય છે, ત્યારે વન વિભાગના કર્મચારીઓ તેમને ભારે હેરાનગતિ કરે છે અને કડક કાયદાકીય કાર્યવાહીની ધમકી આપે છે. તેની સામે મહારાષ્ટ્રના મોટા લાકડા ચોરોને આટલી સરળતાથી અને નજીવા દંડે છોડી દેવા પાછળ અધિકારીઓની મિલીભગત હોવાની પ્રબળ શંકા સેવાઈ રહી છે.

ઉચ્ચ સ્તરીય તપાસની માંગ

આ મામલે નાયબ વન સંરક્ષક (DCF), ઉત્તર ડાંગને પત્ર લખીને નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે. તપાસમાં મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે:

૧. પકડાયેલ લાકડાની વાસ્તવિક કિંમત કેટલી હતી અને શું નિયમ મુજબ પંચનામું કરવામાં આવ્યું હતું?

૨. કયા કાયદાકીય જોગવાઈ હેઠળ આટલા મોટા ગુનામાં આટલી ઝડપી મુક્તિ આપવામાં આવી?

૩. જવાબદાર RFO અને અન્ય સ્ટાફની ભૂમિકાની તટસ્થ તપાસ કરવી.

જો વન વિભાગ દ્વારા આ બાબતે સંતોષકારક તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આગામી સમયમાં સ્થાનિક સંગઠનો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. ડાંગની અમૂલ્ય વન સંપત્તિની ચોરી રોકવા માટે તંત્રની વિશ્વસનીયતા જળવાઈ રહે તે જરૂરી છે.



### મરીન કમાન્ડો ની અલગ-અલગ ટીમે શંકાસ્પદ બોટ, વાહનો અને વ્યક્તિઓનું સઘન ચેકીંગ કર્યું

# ઓલપાડના ડભારી બીચ દરિયાકાંઠા વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડોનું સઘન પેટ્રોલિંગ

**સાવચેતીના પગલાં** આંતકી હુમલો સહિત કોઈ અગમ્ય ઘટનાઓની સાવચેતીના ભાગરૂપે ચેકીગ હાથ ધરાયું



•ઓલપાડ

સુરત જિલ્લાના ઓલપાડ કાંઠાના ડભારી બીચ અને તેની આસપાસના વિસ્તાર માં સોમવારે દરિયાઈ સીમા સુરક્ષાની મરીન ટાસ્કફોર્સ સહિતની અલગ-અલગ ટીમોએ કોસ્ટલ ફૂટ પેટ્રોલિંગ દ્વારા વિવિધ ક્ષેત્રે ચેકીંગની કામગીરી હાથ ધરી હતી.

સોમવાર, તા.૦૫ ના રોજ સવારના સુમારે ઓલપાડ તાલુકાના ડભારી દરિયાઈ બીચ ઉપર અચાનક મરીન કમાન્ડો ફોર્સ, એ.ટી.એસ.અને કોસ્ટલ સિક્યુરીટી કમાન્ડોની અલગ- અલગ ટીમો પહોંચી હતી. જયારે દરિયાઈ સુરક્ષાના કમાન્ડોની આ ટીમે કોસ્ટલ એરિયામાં સઘન ચેકીંગ હાથ ધરતા શરૂઆતના તબક્કામાં કાંઠા વિસ્તારના સ્થાનિક લોકોએ ઓલપાડમાં આતંકવાદીઓનો પગ પેસારો થયો હોવાની દહેશત સેવતા ભયનો માહોલ ફેલાયો હતો. જેથી કેટલાક જાગૃત નાગરીકો ડભારી બીચ ઉપર પહોંચ્યા હતાં અને દરિયાઈ સુરક્ષા ટીમના અધિકારીઓ સાથે આ ચેકીંગ મામલે ચર્ચા કરતા જણાયું હતું કે,આ કાર્યવાહી માત્ર દેશ સુરક્ષાની સાવચેતીના ભાગરૂપે કરવામાં આવી છે.જેના પગલે સ્થાનિકોએ રાહતનો દમ લીધો હતો.આ સમયે એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના પોલીસ મહાનિરીક્ષક પી.એલ.માલસરે કહ્યું કે,કોઈપણ આતંકવાદી ઘટના બને ત્યારે અને આંતકવાદી ઘટના પછીનો હાઈ એલર્ટનો સમયગાળો કટોકટીપૂર્ણ અને સંવેદનશીલ હોય છે. જયારે ઉપરોક્ત બંને સમયગાળાઓ કરતાં પણ વધુ અગત્યનો સમયગાળો હાઈએલર્ટ બાદ થાળે પડેલ અને નોર્મલ બનેલ પરિસ્થિતિ દરમ્યાનનો હોય છે. કારણ કે,આ સમયગાળામાં જો પૂરતી તકેદારી રાખવામાં આવે તો ઉપર મુજબના કટોકટીપૂર્ણ સમયગાળામાંથી પસાર થવું પડતું નથી. આ બાબતે ધ્યાને લઈ ડભારી બીચ અને તેની આસપાસના કોસ્ટલ વિસ્તારમાં એ.ટી. એસ.અને કોસ્ટલ સિક્યુરીટી કમાન્ડો, મરીન ટાસ્ક ફોર્સના કમાન્ડોએ અમારા માર્ગદર્શન હેઠળ સાવચેતીના ભાગરૂપે આ કાર્યવાહી હાથ ઘરેલ છે.આ ચેકીંગ દરમ્યાન અલગ-અલગ ટીમના કમાન્ડોએ સંયુક્ત રીતે ફુટ પેટ્રોલિંગ દ્વારા ડભારી બીચના કોસ્ટલ એરિયામાં ચેકીંગ હાથ ધરી દરિયા કાંઠે ટહેલતા શંકાસ્પદ ઈસમો,મળી આવેલ શંકાસ્પદ વાહનો અને બોટો તથા દરિયાકાંઠાની અવાવરૂ જગ્યાઓનું નિરીક્ષણ કરી ચેકીંગ હાથ ધર્યું હતું.આ કામગીરીમાં મરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષક એસ.જે.પરમાર, પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ.જાંબુકીયા, પીએસઆઈ એસ.બી.પટેલ અને મરીન સેકટર હજીરાના તમામ મરીન કમાન્ડો જોડાયા હતાં.

### ખાનપુર તાલુકાના બાકોર ખાતે આવેલ

# બાકોર પોસ્ટ ઓફિસ પાસે આવેલ સરકારી પુસ્તકાલય ખંડેર હાલતમાં

•વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

બાકોર ગામમાં પોસ્ટ ઓફિસ પાસે આવેલ સરકારી માન્ય જાહેર વાંચનાલય (પુસ્તકાલય) હાલ ગંભીર હાલતમાં જોવા મળી રહ્યું છે. વર્ષોથી જાળવણીના અભાવે પુસ્તકાલયની ઈમારત જર્જરિત બની ગઈ છે . તેમજ અહીં બાકોર ગામના જાગૃત નાગરિક કમલભાઈ ચૌધરી અને સ્થાનિક લોકોનું કહેવું છે કે જો આ પુસ્તકાલયને ફરીથી ચાલુ કરવામાં આવે તો ગામના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તેમજ સામાન્ય જનતાને વાંચન માટે મહત્વપૂર્ણ સુવિધા મળી શકે તેમ છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે આ પુસ્તકાલય ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે. ગામજનો દ્વારા સંબંધિત વિભાગ અને સત્તાધીશોને વિનંતી કરવામાં આવી છે કે પુસ્તકાલયની તાત્કાલિક મરામત કરી તેને ફરી કાર્યરત કરવામાં આવે, જેથી બાકોર ગામના વિદ્યાર્થીઓ અને જનતા તેનો લાભ લઈ શકે.




# ઓલપાડ-કીમ રાજ્યધોરી માર્ગ ઉપર અજાણ્યા કાર ચાલકે ઓલપાડ એસ.ટી. ડેપોના કન્ડકટરને અડફેટે લેતા મોત

•ઓલપાડ

ઓલપાડ-કીમ રાજ્યધોરી માર્ગ ઉપર ઓલપાડની હદના શિવમનગર પાસેના રોડ કટ ક્રોસ કરી બાઈક હંકારી જઈ રહેલ ઓલપાડ એસ. ટી.ડેપોના કન્ડકટરને કીયા કારના અજાણ્યા ચાલકે પાછળથી ટક્કર મારતાં સર્જાયેલ અકસ્માતની ઘટનામાં કન્ડકટરને મોત ભરખી ગયું છે.

વિગત મુજબ ઓલપાડ તાલુકાના નઘોઈ ગામે પટેલ ફળિયામાં ધર્મેન્દ્રભાઈ અરવિંદભાઈ પટેલ(ઉ. વર્ષ.૫૨ )રહેતા હતાં. તેઓ ઓલપાડ એસ. ટી.ડેપો ખાતે કન્ડકટર ની નોકરી કરતાં હતાં. ધર્મેન્દ્રભાઈની સોમવાર,તા.૦૫ ના રોજ સવારના સુમારે પોતાની બગડી ગયેલ મો.સા. હંકારી ઓલપાડ ખાતેના ગેરેજમાં બતાવી ફરી ઘરે પરત આવી રહ્યા હતાં.તેઓ સવારે-૧૦:૩૦ કલાકના સુમારે ઓલપાડ-કીમ રોડ ઉપર ઓલપાડની સીમમાં શિવમનગર સોસાયટીની સામે રોડના રોડ કટ ક્રોસ કરી બાઈક રોડ ઉપર આગળ હંકારી રહ્યા હતાં,ત્યારે કીમ તરફથી પુરઝડપે દોડતી કિયા સોનેટ કાર નં:જીજે-૦૫, આર.પી-૭૮૮૩ ના અજાણ્યા ચાલકે પોતાની કાર પુરઝડપે હંકારી બાઈક ઉપર જતાં ધર્મેન્દ્રભાઈને પાછળથી ટક્કર મારી હતી.જેથી સર્જાયેલા અકસ્માતમાં ધર્મેન્દ્રભાઈ બાઈક સાથે રોડ ઉપર પટકાતા તેમના શરીરે ગંભીર અને જીવલેણ ઈજા થવાથી સારવાર અર્થે ઓલપાડ ખાતેની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને તપાસી મૃત જાહેર કર્યો હતો.

અકસ્માત મોતની આ ઘટના બાબતે મૃતકના નાનાભાઈ મનોજ પટેલે ઓલપાડ પોલીસ મથકમાં અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાર ચાલક વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. શક્તિસિંહ નારૂ કરી રહ્યા છે.

# લુણાવાડા ખાતે માર્ગ સલામતી માસ અંતર્ગત નિ:શુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો

•વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

માર્ગ સલામતી માસ ૨૦૨૬ ની ઉજવણીના ભાગરૂપે આજરોજ તારીખ ૦૪ જાન્યુઆરીના રોજ એઆરટીઓ (ARTO) લુણાવાડા અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી હતી. વાહન ચાલકોની સુરક્ષા અને માર્ગ અકસ્માતો ઘટાડવાના ઉમદા હેતુથી, ડૉ. યશ ગાંધી અને લાયન્સ ક્લબના સહયોગથી લુણાવાડાની 'ત્રિનેત્રક આંખની હોસ્પિટલ' ખાતે નિ:શુલ્ક આઈ ચેકઅપ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સલામત ડ્રાઈવિંગ માટે દ્રષ્ટિની સ્પષ્ટતા અત્યંત અનિવાર્ય હોવાથી આ કેમ્પમાં બહોળી સંખ્યામાં લોકો અને વાહન ચાલકો જોડાયા હતા. આ કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબો દ્વારા ઉપસ્થિત નાગરિકોની આંખોની સંપૂર્ણ અને ઝીણવટભરી તપાસ વિનામૂલ્યે કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, માર્ગ પર વાહન ચલાવતી વખતે ડ્રાઈવરની આંખની ક્ષમતા સીધી રીતે સુરક્ષા સાથે જોડાયેલી છે, તેથી સમયાંતરે આંખની તપાસ કરાવવી જરૂરી છે. આ આયોજનને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબના સભ્યો, પોલીસ વિભાગ અને હોસ્પિટલના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી, જે બદલ સ્થાનિક લોકોએ આ પ્રેરણાદાયી કામગીરીને બિરદાવી હતી.

### ખેડૂતો માટે તાલીમ તથા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

# શિનોર તાલુકાના રૈયોલી મુકામે ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

•વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગર જિલ્લાના બાલા શિનોર તાલુકાના રૈયોલી મુકામે નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલસીડ્સ (NMEO) યોજના હેઠળ ખેડૂતો માટે એક વિસ્તૃત તાલીમ તથા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ સવિતાબેન, બાલા શિનોર તાલુકાના અમલીકરણ અધિકારી સાજીદભાઈ વ્હોરા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શ્રી સાજીદભાઈ વ્હોરાએ NMEO યોજના અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત ખેડૂતોને તેલબીજ પાકોના ઉત્પાદન વધારવા માટે સરકાર દ્વારા ગુણવત્તાયુક્ત બીજ, ટેકનિકલ માર્ગદર્શન, આધુનિક ખેતી પદ્ધતિઓ તેમજ યોગ્ય ખર્ચમાં વધુ ઉત્પાદન મળે તેવા ઉપાયો અંગે સહાય આપવામાં આવે છે. આ સાથે તેમણે દિવેલા, સોયાબીન સહિતના તેલ પાકોમાં સુધારેલી જાતો, સમયસર વાવણી, સંતુલિત ખાતર વ્યવસ્થાપન તથા પાણી વ્યવસ્થાપનના મહત્વ પર ખાસ ભાર મૂક્યો હતો. ટેકનિકલ સપોર્ટ એજન્સી તરીકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરના નિષ્ણાત ડૉ. કનકલતાબેન તથા ડૉ. જયપાલસિંહ જાદવ દ્વારા ખેડૂતોને ઓઈલ પાકો હેતુ ખાસ કરીને દિવેલા પાકમાં વૈજ્ઞાનિક ઢબે ખેતી કેવી રીતે કરી શકાય, જીવાત-રોગ નિયંત્રણ, તેમજ આજના સમયમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ, ફાયદા અને અપનાવી શકાય તેવી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકાના વિસ્તરણ અધિકારી મુકેશભાઈ તેમજ ગ્રામસેવક માનસીબેન દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આપવામાં આવેલી માહિતીનો લાભ લઈને પ્રશ્નોત્તરી સત્રમાં સક્રિય ભાગ લીધો હતો.



# •સંક્ષીપ્ત સમાચાર

## કવાંટ-વખતગઢ રૂટની એસ.ટી. બસ તાકીદે શરૂ કરવા કવાંટ મામલતદારને આવેદનપત્ર

બોડેલી : કવાંટ થી વખતગઢ રોડ પર લાંબા સમયથી એસ.ટી. બસની સુવિધા બંધ થઈ જતા વિદ્યાર્થીઓને પડતી ભારે હાલાકી અંગે આજરોજ આમ આદમી પાર્ટીના છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકાબેન રાઠવાના નેતૃત્વમાં કવાંટ મામલતદારને આવેદનપત્ર પાઠવી બસ તાત્કાલિક શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક સમયથી કવાંટ થી વખતગઢ સુધીનો બસ રૂટ બંધ કરી દેવામાં આવ્યો છે. આ રૂટ પૂર્વપટ્ટીના અનેક ગામોને જોડતો હોવાથી અહીંના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કવાંટ કે છોટાઉદેપુર જવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બસની સુવિધાના અભાવે વિદ્યાર્થીઓ સમયસર શાળા-કોલેજ પહોંચી શકતા નથી.ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડે છે અથવા પગપાળા જવું પડે છે. પરિવહનની યોગ્ય સુવિધા ન હોવાથી ગરીબ આદિવાસી બાળકોના શિક્ષણ પર માઠી અસર પડી રહી છે.

## શેરપુરાની કંપનીમાંથી કેબલ ચોરી કરનાર પાંચ આરોપીઓ ઝડપાયા

**સાવલી**

સાવલી તાલુકાના શેરપુરા ગામે આવેલ કે. ઈ. સી. કેબલ નામની કંપનીમાં કોપરના કેબલ ચોરીના ગુનાને ગણતરીના કલાકોમાં પાંચ આરોપીઓને રૂા. 1.90 લાખના મુદ્દામાલ સાથે ઝડપીને જેલ ભેગા કર્યા છે. 1 જાન્યુઆરી 2026ના રોજ સાવલી પોલીસ સ્ટેશન ખાતે કંપનીમાં સિક્યુરિટી એડમીન તરીકે ફરજ બજાવતા હનીસિંહ કંવરનાએ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું હતું કે કંપનીમાંથી કોઈ અજાણ્યા ઈસમો અંદાજે 80 મીટર કોપરના કેબલની ચોરી ગયાનો ગુનો નોંધાયો હતો. ફરિયાદના પગલે સાવલી પી. આઈ. કે. જે. ચૌહાણે વિવિધ ટીમો કામે લગાવી હતી અને ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના સોર્સના આધારે ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા કુલ પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં (1) બાબુભાઈ ઉર્ફે બાલો ભાઈજીભાઈ પરમાર રહે સીલીયાપુરા સુરેલી તા. ઉમરેઠ જિ. આણંદ (2) ભરત રમેશભાઈ ઠાકોર રહે સિલિયા પુરા સુરેલી તા. ઉમરેઠ (3) દિનેશ ઉર્ફે બોડો મગનભાઈ ઠાકોર રહે સીલીયાપુરા સુરેલી તા ઉમરેઠ (4) જગદીશ મગનભાઈ પરમાર રહે સીલીયાપુરા સુરેલી તા ઉમરેઠ (5) ચિરાગ કાંતિભાઈ મકવાણા રહે કઠવાડા રોડ સાકર રાજ રેસીડેન્સી સિંગરવા અમદાવાદને ઝડપી પાડ્યા છે.

### ▶કોરિયન ટેકનોલોજીથી બનનાર રબર ડેમનું ઈન્સ્ટોલેશન જે તે કંપની પોતે કરશે

# બોડેલી તાલુકાના રાજવાસણા પાસે રબર ડેમ બનાવવા સિંચાઈ તંત્રની કામગીરીનો પ્રારંભ

### રબર ડેમ સાથે ની રચનાઓમાં ફિઝિકલ 25% પ્રગતિ થઈ ગઇ હોવાનું જણાવતા અધિકારીઓ



**બોડેલી**

બોડેલી તાલુકાના રાજ વાસણા પાસે 80 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન રબર ડેમ ની સ્ટીપ્યુરેટેડ ટાઈમ લિમિટ 30 મહિના એટલે કે અઢી વર્ષની છે. એજન્સીને વર્ક ઓર્ડર અપાયા પછી આઠ મહિના પૂરા થયા છે. ચોમાસાના ચાર મહિના બાદ કરતાં વર્કિંગ સમય દરમિયાન રબર ડેમ નો ફિઝિકલ પ્રોગ્રેસ 25 ટકા થયો છે. કોરિયન ટેકનોલોજીથી આ રબર ડેમ બનવાનો છે જેની ઉંચાઈ સાડા ત્રણ મીટર જેટલી રહેશે. કોરિયન કંપની જ આ રબર ડેમનું ઈન્સ્ટોલેશન કરશે અને તે કંપની જ મેન્ટેનન્સ પણ કરવાની છે.

બોડેલી તાલુકાના રાજવાસણા પાસે હેરણ નદીમાં પાણીનો આવરો ઘટતા નદી આધારિત હેરણ સિંચાઇ યોજના માં નદીના પાણી આવવાના બંધ થઈ ગયા હતા. દરમિયાન 2003માં ભાટપુરના ખેડૂત આગેવાન સ્વર્ગસ્થ બકોરભાઈ મૂળજીભાઈ પટેલના પ્રયાસોથી હેરણ સિંચાઇ યોજના ના કમાંડ વિસ્તારની નહેરોમાં નર્મદા મુખ્ય નહેરના પાણી રાજ બોડેલી પાસે સ્પેશિયલ સ્ટ્રક્ચર બનાવીને છોડવાનું શરૂ કરાયું હતું આ નિર્ણય તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સરકારે સિંચાઈના નિયમોમાં ફેરફાર કરાવીને સ્થાનિક ખેડૂતો માટે ફાયદો કરી આપવા લીધો હતો. આજે પણ હેરણ સિંચાઈની કેનાલોમાં નર્મદાના પાણી રહ્યા છે. રાજવાસણા વેસ્ટ વિયર પાસે કોંક્રિટનો જુનો ડેમ તોડીને રબર ડેમ બનાવવા માટે હવે નવી યોજના આકાર લઈ રહી છે.

બોડેલીની સિંચાઈ યોજના વિભાગ નંબર 2 હેઠળ આ કામગીરી હાથ ધરવાની થાય છે. સમગ્ર ગુજરાતમાં રબર ડેમના બે માળખા અલગ-અલગ યોજના હેઠળ નિર્માણ કરવાનું નક્કી કરાયું હતું. છોટાઉદેપુર જિલ્લામાં સંસદ સભ્ય જશુભાઈ રાઠવાના પ્રયાસોથી કોરિયન ટેકનોલોજી રબર ડેમ બનાવવા માટે મંજૂરી અપાઈ હતી. આ કામ હાલ પ્રગતિમાં છે. વર્ક ઓર્ડર અપાયા પછી નવેમ્બર થી કામનો આરંભ થતાં રબર ડેમ પ્રોજેક્ટના એક ભાગરૂપે પથ્થરની પુરુષ સંરક્ષણ દિવાલ નજીકમાં બનાવવાની થતી હતી તે બનાવી દેવાઈ છે તેમ વિભાગના ડેપ્યુટી એન્જિનિયર જે.જી.રાણપરા જણાવી

### ▶દુગ્ધા પીએચસીમા સગર્ભાએ બાળકને જન્મ આપ્યો હતો

# કુપ્પાની સગર્ભાને પ્રસુતીનો દુઃખાવો ઉપડતા ઝોળીમાં નાંખી સાંકડીબારી સુધી લઈ જવાઈ

### વડોદરા ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી

**બોડેલી**

નસવાડી તાલુકાના ડુંગર વિસ્તારના કુપ્પા ગામની સગર્ભાને ઝોળીમા નાખી સાંકડીબારી ગામ સુધી લઈ જવાઈ કુપ્પા ગામ સુધીના કાચા રસ્તાને લઈ સાંકડીબારી ગામે 108 ઉભી હતી. નસવાડી તાલુકામા ફરી એકવાર વિકાસની વરવી વાસ્તવિકતા સામે આવી છે. કુપ્પા ગામની સગર્ભા રસીલા રીનેસ ડુંગરા ભીલને પ્રસુતીનો દુઃખાવો ઉપડતા કુપ્પા ગામે કાચા રસ્તાને લઈ 108 આવી શકતી ન હોઈ પરિવારજનો લાકડાની ઝોલી બનાવી સગર્ભાને અંદર સુવડાવી ખભે ઉંચકીને કુપ્પા ગામથી સાંકડીબારી ગામ સુધી



લઈ જવા મજબુર બન્યા હતા. સાંકડીબારી ગામે 108 ઉભી હોઇ ત્યાં સગર્ભાને સોંપ્યા બાદ દુગ્ધા પીએચસીમા સગર્ભાએ બાળકને જન્મ આપ્યો હતો.જન્મ આપ્યા બાદ સગર્ભાને ફરી નસવાડી સીએચસીમા રીફર કરાઈ હતી. આઝાદીના વર્ષો વીતે હજુ કુપ્પાથી સાંકડીબારી નો કાચો રસ્તો સરકારે બનાવ્યો નથી. નસવાડી પંચાયત આર એન્ડ બી એ 13 કરોડની કાચો રસ્તો પાકો બનાવવા દરખાસ્ત કરી છે. જે સરકાર રસ્તો મજુર કર્યા બાદ નવો બને તેમ નસવાડી પંચાયત આર એન્ડ બીમાંથી જાણવા મળ્યું છે. આવર નવાર સગર્ભાઓને દવાખાને પોંહચવાની મુશ્કેલી પડતી હોવાના વિડિઓ સામે આવ્યા બાદ હવે સરકાર આંતરિયાળ વિસ્તારના પાકા રસ્તા ક્યારે બનાવશે જોવું રહ્યું.

# એસએમસીના પીએસઆઈનું ગળું દબાવનારા કુખ્યાત અશોક બિશ્નોઈને 14 દિવસના રિમાન્ડ

**વડોદરા**

રાજ્યમાં દારૂનો મોટો જથ્થો સપ્લાય કરનાર ગુજસીટોકનો આરોપી આસામથી ઝડપાયા બાદ ગાંધીનગર લઈ જતા સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈની હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેની ઉપર સ્વ બચાવમાં પીઆઈએ પગમાં ફાયરિંગ કર્યું હતું. આરોપી અશોક પંવાર બિશ્નોઈને હોસ્પિટલમાંથી રજા અપાતાં વડોદરા કોર્ટમાં રજૂ કરી 14 દિવસના રિમાન્ડ SMCએ મેળવ્યા છે. ગુજસીટોકમાં અશોક બિશ્નોઈ અને બે સાગરિતને આસામથી ઝડપી પાડ્યા હતા. જેમને લઈ SMC ગાંધીનગર રવાના થઈ હતી મદદ માટે ગાંધીનગરથી પીઆઈ આર.જી.ખાંટને મોકલાયા હતાં.

રસ્તામાં અશોકે પીએસઆઈના ગળે સીટબેલ્ટ વીંટાડતાં ફાંસો છોડાવવા પીઆઈ આર.જી.ખાંટે અશોકના પગે ગોળી મારી ફાંસો છોડાવ્યો હતો. 2 જાન્યુઆરીએ તેને કોર્ટમાં રજૂ કરી ખાસ સરકારી વકીલ રઘુવીર પંડ્યાએ રિમાન્ડ માગતાં 14 દિવસના મંજૂર કર્યા છે.ત્રણ રાતના ઉજાગરા હોવાથી પીએસઆઈ સહિત હું ચાલુ કારે જ આરામ કરી વારાફરતી કાર ચલાવતા હતા. ગુજરાત આવતાં જ તેણે સીટ બેલ્ટ વડે ચાલક પીએસઆઇ રાવીયાને ગળે ફાંસો આપ્યો હતો. કાર સાઈડ ઉપર થોભાવી હતી. મેં આરોપીને ફાંસો છોડવા કહ્યું હતું. તેણે ન છોડતાં પગમાં ગોળી મારવી પડી હતી. જેનાથી ફાંસો છુટી જતા પીએસઆઇનો જીવ બચ્યો હતો.

## રાશીફળ (તા.06-01-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ ઊર્જા અને ઉત્સાહથી ભરેલો રહેશે. અટકળાયેલા કામ પૂરા થશે. કોઈ પ્રભાવી વ્યક્તિ સાથે મુલાકાત લાભદાયક રહેશે. |
| વૃષભ (બ.વ.ઉ) | પરિવારમાં સૌહાર્દ અને સમન્વય બન્યો રહેશે. આર્થિક સ્થિતિ સુધરશે. જુના મિત્રો સાથે મુલાકાત આનંદ આપશે. |
| મિથુન (ક.છ.ઘ) | આજે સંવાદ તમારી શક્તિ રહેશે. કાર્યક્ષેત્રમાં યોજનાઓ સફળ થશે. નવા કામની શરૂઆત માટે સમય ઉત્તમ છે. |
| કર્ક (ડ.હ) | આજે ભાવનાત્મક રીતે શાંતિ અનુભવશો. પરિવારમાં તમારી સલાહને મહત્વ મળશે. ધનલાભના યોગ છે. |
| સિંહ (મ.ટ) | આત્મવિશ્વાસ વધશે. કોઈ મોટા નિર્ણયમાં સફળતા મળશે. કરિયરમા પ્રગતિના સંકેત છે. |
| કન્યા (પ.ઠ.ણ) | કામકાજમાં પ્રશંસા મળશે. આરોગ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. કોઈ પ્રવાસની સંભાવના છે. |
| તુલા (ર.ત) | આજે સંતુલન જાળવીને ચાલવું લાભદાયક રહેશે. ભાગીદારીના કામોમાં સફળતા મળશે. પ્રેમ સંબંધ મધુર રહેશે. |
| વૃશ્ચિક (ન.ય) | ગૂપ્ત રીતે કરેલા કાર્યોમાં લાભ મળશે. જૂના રોકાણમાંથી ફાયદો થઈ શકે છે. મનની ઉલઝણો ઓછી થશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ભાગ્ય સાથ આપશે. કરિયર અને અભ્યાસમાં નવા અવસર મળશે. ધાર્મિક કાર્યોમાં રસ વધશે. |
| મકર (ખ.જ) | મહેનતનું ફળ મળશે. પરિવારમાં શાંતિ અને સૌહાર્દ રહેશે. નાણાકીય મામલોમાં સાવચેત રહેવું જરૂરી છે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | નવી વિચારો તમને આગળ વધારશે. મિત્રોનો સહયોગ મળશે. કોઈ સર્જનાત્મક કાર્યની શરૂઆત કરી શકશો. |
| મીન (દ.ચ.ઝ.થ) | મન શાંત રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં સફળતા મળશે. આરોગ્ય અને ધનમાં સુધારો થશે. |

# દહેગામ પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને અલીગઢના બુટલેગરને દબોચ્યો:પીકઅપ ડાલામાંથી રૂા.15 લાખનો દારૂ ઝડપી પાડ્યો



**•ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાની દહેગામ પોલીસ સ્ટેશનની ટીમે મધરાતે હાઈવે પર એક ઓપરેશન પાર પાડીને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે ઉત્તર પ્રદેશના એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. પોલીસને જોઈને પીકઅપ ડાલાના ચાલકે વાહન ભગાવ્યું હતું, જેનો પોલીસે પીછો કરી મહાવીર ફાર્મ પાસે બુટલેગરને ઝડપી પાડતા તેની પાસેથી 15 લાખની કિંમતનો હરિયાણાનો દારૂ મળી આવ્યો હતો.આ અંગે પોલીસે ગુનો નોધી દારૂ સહિત 20 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દહેગામ પોલીસે બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવીને વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ પસાર થતી પીકઅપ ગાડીને ઝડપી પાડી છે. પોલીસને જોઈને બુટલેગરે વાહન ભગાવતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી તેને આંતરી લીધો હતો. દહેગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એન. દેસાઈને બાતમી મળી હતી કે, એક સફેદ કલરની બંધ બોડીની મારુતિ સુપર કેરી પીકઅપ (નંબર GJ-18.BV.3347) વિદેશી દારૂ ભરીને દહેગામથી કપડવંજ રોડ તરફ જવાની છે. આ બાતમીના આધારે પોલીસની અલગ-અલગ ટીમોએ હરસોલી ચોકડી વોચ ગોઠવી હતી. ત્યારે બાતમી મુજબનું વાહન આવતા પોલીસે તેને ઉભા રહેવા ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે વાહન ઉભું રાખવાને બદલે હાઈવે પર પૂરઝડપે હંકારી મૂક્યું હતું. આથી પોલીસે ખાનગી વાહનોમાં તેનો પીછો કર્યો અને હરખજીના મુવાડા ગામ પાસે મહાવીર ફાર્મ સામે આડશ ઉભી કરી ગાડીને રોકી દીધી હતી. જોકે ગાડી ઉભી રહેતા જ ચાલકે ઉતરીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે કોર્ડન કરી તેને પકડી પાડ્યો હતો. જેને ભાગવા જતાં જમણા પગે સામાન્ય ઈજા પણ પહોંચી હતી. બાદમાં પકડાયેલા શખ્સનું નામ પૂછતા તેણે પોતાનું નામ દિગંબર સિંહ ઉર્ફે ભુરો જહાનસિંહ જાટ (રહે. અલીગઢ, ઉત્તરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. ત્યારે રાત્રિનો સમય અને હાઈવે પર ટ્રાફિક હોવાથી પોલીસ ગાડીને દહેગામ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં ગણતરી કરતા 15 લાખની કિંમતની કુલ 3 હજાર 744 નંગ નાની મોટી દારૂની બોટલો મળી આવી હતી. આ અંગે પોલીસે દારૂનો જથ્થો સહિત કુલ રૂ.20 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર વિરુધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાથી આજવા જતી સિટિ બસને અકસ્માત : એકનું મોત, ૭ ને ઈજા




**•જરોદ**

વડોદરાથી આજવા જતી સિટિ બસ આગળ જતી સિટિ બસને રવાલ ચોકડી પાસે અકસ્માત નડયો હતો. જેમાં એક મહિલાનું મોત થયું હતું. જ્યારે ૭ મુસાફરોને ઈજા થતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. વાઘોડિયા પોલીસે આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આજે બપોરે એક સિટિ બસ વડોદરાથી આજવા તરફ જતી હતી. તે દરમિયાન બપોરે સાડા ત્રણ વાગ્યે રવાલ ગામના ત્રણ રસ્તા નજીક આગળ જતી ટ્રકમાં બસ પાછળથી અથડાતા રોડની બાજુમાં ગટરમાં પલટી ગઈ હતી. બસામાં બેઠેલા મુસાફરોની બૂમાબૂમથી આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. બસ ડ્રાઈવરની બેદરકારીથી થયેલા અકસ્માતમાં વાઘોડિયા તાલુકાના જૂના રામપુરા ગામમાં રહેતા ચંપાબેન મહેશભાઈ વસાવાનું મોત થયું હતું. જ્યારે બસના કંડક્ટર અને ડ્રાઈવરને નજીવી ઈજા થઈ હતી. જ્યારે અન્ય ૭ મુસાફરોને ઈજા થતા સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં (૧) માલતીબેન અનિલભાઈ પટેલ (રહે.અંબિકા દર્શન સોસાયટી, આજવા રોડ) (૨) ધીરજબેન ગોવિંદભાઈ પાટણવાડિયા (રહે.મથુરનગર, આજવા ગામ) (૩) રમીલાબેન રેવાનદાસ વસાવા (૪) કપીલાબેન જેંતિભાઈ વસાવા (૫) વિદ્યાબેન મોગાભાઈ વસાવા (૬) અનિતા રમેશભાઈ વસાવા ( તમામ રહે.જૂના રામપુરા, વાઘોડિયા તથા (૭) મુકેશ મગનભાઈ ડામોર (રહે. દાહોદ) નો સમાવેશ થાય છે. બે મુસાફરોના દાંત તૂટી ગયા હતા. જ્યારે અન્યને હાથ અને પગ પર ઈજા પહોંચી હતી.

# આંકલાવના અંબાવમાં ભ્રષ્ટાચારની ફરિયાદ કરનાર ખેડૂતને જીવતો સળગાવવાનો પ્રયાસ

### મહિલા સરપંચ સહિત ૫ સામે ફરિયાદ

• આંકલાવ/વડોદરા

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાવ ગામમાં પંચાયતના ભ્રષ્ટાચારની ફરિયાદ કરનાર એક ખેડૂતને ગામની વચ્ચે જીવતો સળગાવી દેવાનો પ્રયાસ કરાતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

આ હચમચાવી દેતી ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા ભરતભાઈ પઢિયારને હાલ વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ભોગ બનનાર ભરતભાઈના જણાવ્યા અનુસાર, તેમણે પંચાયતમાં ચાલતા ભ્રષ્ટાચાર અંગે મુખ્યમંત્રી અને વિકાસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી હતી. આ બાબતની અદાવત રાખી અંબાવ ગામના મહિલા સરપંચ કોકિલાબેન, તેમના પતિ દિનેશભાઈ, પુત્રો નિલેશભાઈ અને રાજેશભાઈ તેમજ તેમના ભત્રીજાએ એકસંપ થઈ ભરતભાઈ પર હુમલો કર્યો હતો. આરોપ છે કે, જાહેર રસ્તા પર તેમને ગડદાપાટુનો માર મારી મહિલા સરપંચે પકડી રાખ્યા હતા અને પુત્રએ પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપી દેતા ભરતભાઈ આગની લપેટમાં આવી ગયા હતા.

આ મામલે આંકલાવ પોલીસે મહિલા સરપંચ કોકિલાબેન પઢિયાર સહિત પરિવારના પાંચ સભ્યો વિરુદ્ધ હત્યાના પ્રયાસ (IPC 307) સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વાગરા મામલતદારે સાયખા પાસે ગેરકાયદે માટી ભરેલું ડમ્પર ઝડપી પાડ્યું

• વાગરા

વાગરા મામલતદાર મીના પટેલ અને તેમની ટીમ દ્વારા સાયખા પંથકમાં કરવામાં આવેલી ઓચિંતી કાર્યવાહીમાં બિનઅધિકૃત રીતે માટીનું વહન કરતું એક હાઈવા ડમ્પર ઝડપી પાડ્યું છે.

મળતી વિગતો મુજબ, મામલતદારની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોઈપણ પ્રકારની પાસ-પરમિટ વગર માટીની હેરાફેરી કરતું એક ડમ્પર શંકાસ્પદ હાલતમાં મળી આવ્યું હતું. તપાસ દરમિયાન વાહન ચાલક પાસે રોયલ્ટી પાસ કે અન્ય કોઈ કાયદેસરના આધાર-પુરાવા ન હોવાથી મામલતદારે તાત્કાલિક ડમ્પરને કબજે લઈ સીઝ કરવાની તજવીજ હાથ ધરી હતી.

આ મામલે વહીવટી તંત્ર દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી અને દંડની વસૂલાત માટે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગને રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ભૂસ્તર વિભાગ દ્વારા વાહન માલિક સામે તપાસ હાથ ધરી મોટો દંડ ફટકારવામાં આવશે.

**મોરચો**

### માણેકબાગ-આંબાવાડીમાં આવેલા સનપ્રીમા એપાર્ટમેન્ટની ઘટના

# સનપ્રીમા એપાર્ટમેન્ટમાં બે માથાભારે સભ્યો વિરુદ્ધ સ્થાનિક રહેવાસીઓ કંટાળીને મોરચો માડયો

### સ્થાનિક મહિલાઓને કમિટીમાં નહી પણ રસોડામાં રહેવુ જોઈએ તેવુ વિવાદાસ્પદ નિવેદન પણ આપ્યાનો આક્ષેપ

• અમદાવાદ



શહેરના આંબાવાડી-માણેકબાગ વિસ્તારમાં આવેલા સનપ્રીમા એપાર્ટમેન્ટમાં રહેતા સ્થાનિક રહેવાસીઓએ તેમના જ એપાર્ટમેન્ટના બે સભ્યો દ્વારા સતત હેરાનગતિ કરવાનો ગંભીર આરોપ લગાવીને સમગ્ર મામલે મહિલા પોલીસ મથક અને સેટેલાઇટ પોલીસ મથકે ન્યાય માટે રજૂઆત કરી છે. જેમાં એપાર્ટમેન્ટમાં રહેતી મહિલાઓએ ગંભીર આરોપ લગાવ્યો છે કે આક્ષેપિત સભ્યએ મહિલાઓની કમિટીમાં લેવાના બદલે મહિલાઓને રસોડામાં રહેવું જોઈએ તેમ કહીને અપમાન કર્યુ હતું. એટલુ જ નહી સ્થાનિક સિક્યોરીટી ગાર્ડ સાથે પણ ગેરવર્તન કરીને ધમકી આપ્યાના આરોપ કરાયો છે.

માણેકબાગ-આંબાવાડી પાસે આવેલી સનપ્રીમા એપાર્ટમેન્ટમાં રહેતા સ્થાનિક લોકોએ સેટેલાઇટ પોલીસ મથકે તેમના એપાર્ટમેન્ટમાં રહેતા ડૉ. રોનક શાહ અને નિસર્ગ શેઠ નામના બે સભ્યો દ્વારા સતત હેરાનગતિ કરવામાં આવતી હોવાનો ગંભીર આરોપ કરતી ચોંકાવનારી રજૂઆત કરી છે. જેમાં સનપ્રીમા એપાર્ટમેન્ટમાં રહેતી મહિલાઓએ મહિલા પોલીસ સ્ટેશનમાં અને સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં નિસર્ગ શેઠ અને રોનક શાહ પર આક્ષેપ કર્યો છે કે એપાર્ટમેન્ટના મોટાભાગના ફ્લેટ મહિલાઓના નામે છે. જેથી કમિટીમાં મહિલાઓનો સમાવેશ કરવાની રજૂઆત થતા નિસર્ગ શેઠે મહિલાઓનું અપમાન કરતા જાહેરમાં કહ્યુ હતુ કે લેડીઝ કંઈ ન કરી શકે તેમને રસોડામાં જ રહેવુ જોઈએ. એટલુ જ નહી એપાર્ટમેન્ટમાં નાની નાની વાતને ઉગ્ર સ્વરૂપ આપીને કોર્ટ અને પોલીસ સુધી મામલો પહોંચતો કરીને સોસાયટીના સ્થાનિક લોકોને સતત પરેશાન કરે છે.

આ ઉપરાંત, ગત ૯ ડિસેમ્બરના રોજ રોજ રાતના સમયે નિસર્ગ શેઠ અને રોનક શાહ અન્ય બે લોકો સાથે આવ્યા હતા અને સિક્યોરીટી ગાર્ડ સાથે ગેરવર્તન કરીને સીસીટીવી સાથે ચેડા કર્યા હતા. ત્યારબાદ ૧૦ ડિસેમ્બરના રોજ ફરીથી કમિટી મેમ્બરનીજાણ બહાર સીસીટીવીના ડીવીઆરમાં ચેડા કર્યા હતા. તે પછી ૧૩મી તારીખે ફરીથી આવીને દાદાગીરી કરીને કમિટી મેમ્બર સાથે દાદાગીરી કરી હતી. ત્યારબાદ ડીવીઆર અને કેટલાંક સાધનો ગાયબ હતા. આ અંગે સેટેલાઇટ પોલીસ મથકે રજૂઆત કરવામાં આવી હતી. તેમજ સિક્યોરીટી ગાર્ડ તરીકે કામ કરતા હર્ષ તિવારી, કુલદીપસીંગ અને બ્રીજેશ શુક્લાએ પણ સેટેલાઇટ પોલીસ મથકે ફરિયાદ કરી હતી કે નિસર્ગ શેઠ અને રોનક શાહ દ્વારા ધમકી આપવામાં આવી હતી. જ્યારે આ અંગે સેટેલાઇટ પોલીસના અધિકારીઓએ જણાવ્યું કે આ અંગે તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે.એટલુ જ નહી સોસાયટીના સભ્યોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે બંને સભ્યોએ એવી પણ ધમકી આપી હતી કે સેક્ટર-૧ જેસીસી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે સંબધ છે. જેથી પોલીસમાં અમારૂ કોઈ નહી બગાડી શકે. આમ, સનપ્રીમા એપાર્ટમેન્ટને મામલે હવે સ્થાનિક લોકોએ ન્યાય માટે પોલીસ કમિશનર અને ગાંધીનગર સુધી દાદા માંગી છે.

### મામા અને ભાઈના સતત ત્રાસથી કંટાળી સગીરાએ આપવીતિ માતાને જણાવી

# અમદાવાદના ચાંદખેડામાં સગીરા પર મામા-ભાઈએ આચર્યું દુષ્કર્મ, ભણાવવાના બહાને ગુજાર્યો ત્રાસ

**કલંકિત ઘટના** સગીરાના મામા તાંત્રિક વિદ્યા કરતા હતા અને વ્યસની હતાનું સૂત્રો દ્વારા જાણવા મળેલ છે

• અમદાવાદ




અમદાવાદમાં ફરી એકવાર લોહીના સંબંધોને લજવતી કલંકિત ઘટના સામે આવી છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતી એક સગીરા પર તેના જ સગા મામા અને મામાના દીકરાએ શારીરિક શોષણ અને બળાત્કાર ગુજાર્યો હોવાની આઘાતજનક વિગતો પ્રકાશમાં આવી છે. ભણાવવાના બહાને અને તાંત્રિક વિધિના નામે સગીરાની મજબૂરીનો ફાયદો ઉઠાવી પિતા-પુત્રએ માનવતા નેવે મૂકી હતી. આ મામલે પીડિતાની માતાએ હિંમત દાખવી ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગતો મુજબ, ફરિયાદી મહિલા ચાંદખેડા વિસ્તારમાં પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમની 17 વર્ષીય સગીર પુત્રી આ ક્રૂરતાનો ભોગ બની છે. સગીરા સાથે તેના જ સગા મામા અને મામાના દીકરાએ વારંવાર અડપલાં કરી બળાત્કાર ગુજાર્યો હતો. પોતાની સાથે થયેલા આ અત્યાચારથી ગભરાયેલી સગીરા લાંબા સમય સુધી મૌન રહી હતી, પરંતુ આખરે માનસિક ભાર ન સહી શકતા તેણે પોતાની બહેન અને માતાને આપવીતી સંભળાવી હતી.

આ ઘટનાની શરૂઆત ગત જુલાઈ માસમાં થઈ હતી જ્યારે સગીરાના મામી તેમને મળવા આવ્યા હતા અને સગીરાને થોડા દિવસ માટે તેમના ઘરે રહેવા લઈ ગયા હતા. સગીરાના મામા તાંત્રિક વિદ્યા કરતા હતા અને વ્યસની હતા. આ દરમિયાન, મામાનો દીકરો સગીરાને 'ગણિત' ભણાવવાના બહાને રાત્રે પોતાના રૂમમાં બોલાવતો હતો. અભ્યાસ કરાવતી વખતે તેણે સગીરા સાથે અડપલાં શરૂ કર્યા હતા. સગીરાએ વિરોધ કરતા તે ગુસ્સે ભરાયો હતો અને તેની પર વિકૃત કૃત્ય આચર્યું હતું. હદ તો ત્યારે થઈ જ્યારે સગીરાના સગા મામાએ પણ તેની લાચારીનો ફાયદો ઉઠાવ્યો. મામાએ તાંત્રિક વિદ્યાનું બહાનું ધરી સગીરાને ડરાવી હતી કે 'તારા શરીરમાં કંઈક ઘૂસી ગયું છે, જે મારે બહાર કાઢવું પડશે', તેમ કહી તેના ગુપ્ત ભાગે અડપલાં કરી છેડતી કરી હતી. ત્યારબાદ મામાના દીકરાએ ફરીથી અભ્યાસના બહાને સગીરા પર અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ સતત થઈ રહેલા શોષણથી કંટાળીને સગીરાએ જ્યારે પોતાની માતાને બધી વાત કરી, ત્યારે પરિવારે તુરંત પોલીસનો સંપર્ક કર્યો હતો. હાલમાં ચાંદખેડા પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેઓની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરી છે.

# આણંદ હાઈવે પર કેમિકલ ભરેલું ટેન્કર પલટ્યું: ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી મોટી હોનારત ટળી

• આણંદ

આણંદ નેશનલ હાઈવે ૪૮ પર એકતા હોટલ નજીક ગામડી રેલ્વે બ્રિજ પાસે ઝાયલિન કેમિકલ ભરેલું એક ટેન્કર અચાનક પલટી જતાં અફરાતફરી મચી ગઈ હતી. અત્યંત જ્વલનશીલ કેમિકલ લીકેજ થવાને કારણે ગંભીર જોખમ ઊભું થયું હતું, પરંતુ આણંદ-કરમસદ ફાયર વિભાગની ત્વરિત કામગીરીને પરિણામે મોટી દુર્ઘટના ટળી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની આગેવાની હેઠળ ૪ ફાયર ફાઈટર અને લશ્કરોનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ઝાયલિન કેમિકલ અત્યંત સંવેદનશીલ હોવાથી આગ ન લાગે તે માટે ટીમ દ્વારા તાત્કાલિક AFFF (Aqueous Film Forming Foam) નો છંટકાવ કરી સતત કુલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. નજીકમાં જ પ્લાસ્ટિકનું ગોડાઉન હોવાથી જોખમ અનેકગણું વધી ગયું હતું, જેને ધ્યાનમાં રાખીને ફાયર સ્ટાફને સતત સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યો હતો.

ત્યારબાદ બે હાઈડ્રા મશીનની મદદથી કેમિકલ ભરેલા ટેન્કરને અત્યંત સાવચેતીપૂર્વક સીધું કરવામાં આવ્યું હતું. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. ફાયર વિભાગની સમયસૂચકતા અને વ્યાવસાયિક કામગીરીને કારણે હાઈવે પર સર્જાયેલું મોટું સંકટ ટળ્યું હતું અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# અંકલેશ્વર રૂરલ પોલીસે જીતાલી ગામેથી મળી આવેલ પાંચ વર્ષની બાળકીનું પરિવાર સાથે મિલન કરાવ્યું

• અંકલેશ્વર

અંકલેશ્વર રૂરલ પોલીસે પરિવારથી વિખુટી પડેલી ૫ વર્ષની બાળકીને તેના વાલીવારસ શોધી હેમખેમ પરત સોંપી છે. મીરાનગર વિસ્તારમાંથી રમતા-રમતા ભીલી પડીને જીતાલી પહોંચી ગયેલી બાળકી સબનમના પરિવારને શોધી કાઢવા પોલીસે રાત્રી દરમિયાન સઘન ઝુંબેશ ચલાવી હતી.

ઘટનાની વિગત મુજબ, અંકલેશ્વરની પદમાવતી સોસાયટી માં રહેતી ૫ વર્ષીય સબનમ રમતા-રમતા રસ્તો ભૂલી જીતાલી ગ્રીન પાર્ક સોસાયટીમાં પહોંચી ગઈ હતી. જનરક્ષક ૧૧૨ પર ગ્રામજનોનો ફોન આવતા પોલીસની ટીમ બાળકીને રૂરલ પોલીસ મથકે લઈ આવી હતી. બાળકીના વાલીની શોધખોળ માટે પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. રાત્રીના સમયે નાઈટ પેટ્રોલિંગમાં રહેલા જવાનોએ જીતાલી, દઢાલ, સેંગપુર, મીરાનગર અને સાળંગપુર વિસ્તારોમાં બાળકીનો ફોટો બતાવી સઘન તપાસ હાથ ધરી હતી.

# અંકલેશ્વર હાઈવે પર SOG એ બિલ વગરનો ભંગાર ભરેલો ટેમ્પો ઝડપી પાડ્યો



• અંકલેશ્વર

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમે અંકલેશ્વર નેશનલ હાઈવે પર નવજીવન હોટલ સામેથી શંકાસ્પદ લોખંડના ભંગાર ભરેલા એક ટેમ્પા સાથે ચાલકની અટકાયત કરી છે. પોલીસે કુલ ૨,૩૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આ મામલે જીઆઈડીસી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

SOGની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક ટેમ્પો લોખંડનો ભંગાર ભરીને પાનોલી તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવી પોલીસે ટેમ્પાને અટકાવ્યો હતો. ટેમ્પો ચાલક કમાલ મહંમદ ઈબ્રાહિમ શાહ (રહે. અન્સાર માર્કેટ) પાસે ભંગારના જથ્થા અંગેના બિલ કે આધારભૂત પુરાવા માંગતા તે રજૂ કરી શક્યો નહોતો. પોલીસે ૩૮,૮૦૦ની કિંમતનો ભંગાર અને ૨ લાખનો ટેમ્પો મળી કુલ મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, નોબલ માર્કેટમાં ગોડાઉન ધરાવતા મનીહાર અબ્દુલ રહીમના કહેવાથી અંકલેશ્વર GIDCમાં આવેલી 'ગુલામ એન્ટરપ્રાઈઝ'માંથી આ જથ્થો ભરાયો હતો. પોલીસે આ મામલે ચોરીના માલની આશંકાએ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# અંકલેશ્વર-ડેડિયાપાડા રોડ પર કાર અને ૧૦૮ એમ્બ્યુલન્સ વચ્ચે જોરદાર ટક્કર: અકસ્માતમાં ૫ વ્યક્તિઓ ઘાયલ

• અંકલેશ્વર

અંકલેશ્વર-ડેડિયાપાડા માર્ગ પર એક કાર અને ૧૦૮ એમ્બ્યુલન્સ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે તેમાં કુલ પાંચ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું પ્રાથમિક જાણકારીમાં સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, અંકલેશ્વરથી ડેડિયાપાડા તરફ જતા મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહેલી કાર અને દર્દીઓ ની સેવામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વચ્ચે કોઈ કારણોસર સામસામે ટક્કર થઈ હતી. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને આસપાસના લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈજાગ્રસ્ત થયેલા પાંચેય વ્યક્તિઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. એમ્બ્યુલન્સ કોઈ દર્દીને લઈને જઈ રહી હતી કે કેમ અને અકસ્માત પાછળ કોની બેદરકારી જવાબદાર છે તે દિશામાં પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે.

### ત્રીજા દિવસે શ્રીકૃષ્ણ જન્મ અને જીવનમાં સંસ્કારના મહત્વ પર ચર્ચા થશે

# ગાંધીનગરમાં રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠે દેશની પ્રથમ પ્રકૃતિ ભાગવત કથા યોજાશે

• ગાંધીનગર



ગાંધીનગરમાં આગામી તા. 1 ફેબ્રુઆરીથી 7 ફેબ્રુઆરી 2026 દરમિયાન એક અનોખી અને ખાસ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની સૌ પ્રથમ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવ રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠ પરથી યોજાશે. આ કથોત્સવનું આયોજન ગાંધીનગરમાં પર્યાવરણ જાગૃતિ માટે કાર્યરત સંસ્થા નેચર ફર્સ્ટ અને પ્રકૃતિપ્રેમી નાગરિકોના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ ભાગવત કથાની સૌથી વિશેષ બાબત એ છે કે તે કોઈપણ મંડપ કે પંડાલ વગર, સંપૂર્ણપણે પ્રકૃતિના સાનિધ્યમાં યોજાશે. માત્ર રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠ ઉપર એક ડોમ બંધાશે. સેક્ટર-૬માં આવેલા પ્રકૃતિ ધામ ખાતે, વૃક્ષોની વચ્ચે ખુલ્લી જગ્યામાં આ કથા યોજાવાની છે. પૂર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદીએ કહ્યું કે ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ અલગ-અલગ પ્રસંગો પર આધારિત કથા કરવામાં આવશે. પ્રથમ દિવસે ભાગવતનું મહાત્મ્ય અને ભક્તિનો અર્થ સમજાવવામાં આવશે. બીજા દિવસે સૃષ્ટિની રચના અને પ્રકૃતિ-પરમાત્માના સંબંધની વાત કરવામાં આવશે.

ત્રીજા દિવસે શ્રીકૃષ્ણ જન્મ અને જીવનમાં સંસ્કારના મહત્વ પર ચર્ચા થશે. ચોથા દિવસે બાળલીલાઓ દ્વારા માનવીના સ્વભાવ અને પ્રકૃતિ વચ્ચેના સંતુલનનો સંદેશ આપવામાં આવશે. પાંચમા દિવસે ગોવર્ધન લીલા મારફતે પર્યાવરણ સંરક્ષણનો ભાવ ઉજાગર કરવામાં આવશે. છઠ્ઠા દિવસે રાસલીલા અને સહઅસ્તિત્વની ભાવનાની વાત કરવામાં આવશે.

વર્કશોપ

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કર્યો શુભારંભ : ઓગસ્ટ માસથી અત્યાર સુધી અંદાજે 3 લાખ ડિજિટલ ચુકવણીઓ સફળતાપૂર્વક કરવામાં આવી

# ડાક વિભાગ દ્વારા અમદાવાદમાં માર્કેટિંગ એક્ઝિક્યુટિવ વર્કશોપ નું આયોજન

## ડાક વિભાગ દ્વારા આયોજિત "માર્કેટિંગ એક્ઝિક્યુટિવ વર્કશોપ"માં પોસ્ટલ સેવાઓમાં નવીનતા, માર્કેટિંગ તથા ગ્રાહક જોડાણની રણનીતિ પર ભાર

• અમદાવાદ

ડાક વિભાગ દેશના સામાજિક-આર્થિક વિકાસમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા મજબૂત બનાવતા સતત આધુનિક ટેકનોલોજી, ડિજિટલ સોલ્યુશન્સ તથા નવીનતાઓ દ્વારા પોતાની સેવાઓનો વિસ્તાર કરી રહ્યો છે. જનસેવાને કેન્દ્રમાં રાખીને વિભાગે પરંપરાગત ડાક વ્યવસ્થાથી આગળ વધી આજે નાણાકીય સમાવેશ, લોજિસ્ટિક્સ, ઈ-કોમર્સ સપોર્ટ તથા ડિજિટલ સેવાઓના ક્ષેત્રમાં એક વિશ્વસનીય સંસ્થા તરીકે પોતાની ઓળખ સ્થાપી છે. આ ઉદ્દગાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત એકદિવસીય 'માર્કેટિંગ એક્ઝિક્યુટિવ વર્કશોપ'ના શુભારંભ દરમિયાન વ્યક્ત કર્યા. આ અવસરે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના વિવિધ મંડળોના 45 માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તથા ડેવલપમેન્ટ ઓફિસર (ડાક જીવન વીમા) ઉપસ્થિત રહ્યા હતા. તેમને બચત બેંક, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, સ્પીડ પોસ્ટ, ઈન્ડિયા પોસ્ટ પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેલ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, જ્ઞાન પોસ્ટ, મેગેઝિન પોસ્ટ, રિટેલ પોસ્ટ, ઈ-પોસ્ટ, ઈ-પેમેન્ટ, આધાર સેવાઓ તેમજ વિવિધ મંદિરોના પ્રસાદ અને ગંગાજળની ડિલિવરી જેવી વિશિષ્ટ સેવાઓ સાથે સાથે તાજેતરમાં શરૂ કરવામાં આવેલી નવી પહેલોની વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ સેવાઓના અસરકારક પ્રચાર-પ્રસાર અને ગ્રાહક જોડાણની રણનીતિઓ અંગે તેમને સશક્ત બનાવવાનું પણ વર્કશોપનું મુખ્ય લક્ષ્ય હતું. આ દરમિયાન સહાયક અધિક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ નવીનતમ ટેકનોલોજી અપનાવીને ડિજિટલ પહેલો તથા આધુનિક સેવાઓ દ્વારા નાગરિકોના અનુભવને સતત વધુ ઉત્તમ બનાવી રહ્યો છે. કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાજી ના દૃષ્ટિકોણથી પ્રેરિત થઈ ઉત્તર ગુજરાતમાં યુવાઓ માટે આઈઆઈટી ગાંધીનગર અને આઈઆઈએમ અમદાવાદ ખાતે એન-જન પોસ્ટ ઓફિસની શરૂઆત કરવામાં આવી છે. શહેરી વિસ્તારોના તમામ પોસ્ટ ઓફિસ સાથે-સાથે હવે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા બ્રાંચ પોસ્ટ ઓફિસો મારફતે પણ ડિજિટલ ચુકવણી જેવી આધુનિક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેના કારણે નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક સેવાઓનો લાભ મળી રહ્યો છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી 2.0 અમલમાં આવ્યા બાદ ઓગસ્ટ માસથી અત્યાર સુધી અંદાજે 3 લાખ ડિજિટલ ચુકવણીઓ સફળતાપૂર્વક કરવામાં આવી છે, જેનાથી ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ ઈકોનોમીને વધુ બળ મળ્યું છે. આ ઉપરાંત, ઈન્ડિયા પોસ્ટે ઓએનડીસી (ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ) ના સહયોગથી માયસ્ટોર પ્લેટફોર્મ દ્વારા દેશભરમાં પાર્સલ પેકેજિંગ, બુકિંગ તથા ડિલિવરી સેવાઓને વધુ મજબૂત બનાવી છે. અમદાવાદ જીપીઓમાં પાયલટ આધાર પર નાના ઉત્પાદકો અને સોશિયલ સેલર્સને નિઃશુલ્ક વેરહાઉસિંગ સુવિધા આપવામાં આવી રહી છે. સાથે સાથે, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ તથા પાર્સલ બુકિંગ પર 10% વિશેષ છૂટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં 1400થી વધુ જથ્થાબંધ ગ્રાહકો છે. સ્પીડ પોસ્ટ વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે જે ગ્રાહકો દ્વારા માસિક 2 લાખથી વધુ વ્યવસાય આપવામાં આવે છે, તેમને બુકિંગ રકમ પર 10%થી 50% સુધીની છૂટની સુવિધા આપવામાં આવી રહી છે. ડિજિટલ યુગમાં પણ ઈન્ડિયા પોસ્ટની સેવાઓ વિશ્વસનીય, સુલભ અને જનહિતકારી છે અને તેમની અસરકારક માર્કેટિંગ દ્વારા વધુમાં વધુ લોકોને લાભાન્વિત કરી શકાય છે.



ગાંધીનગરનાબગદાણા કેસમાં SITની રચના

# પરસોત્તમ સોલંકી, કુંવરજી બાવળિયા સહિતના નેતાઓની ગાંધીનગરમાં રજૂઆત બાદ આદેશ

એક્શન લેવાયા

8 આરોપીની ધરપકડ, પોલીસે કરાવ્યું રિકન્ટ્રક્શન : PI ડાંગરની બદલીનો આદેશ

• મહુવા

મહુવાના બગદાણામાં નવનીત બાલધિયા પર હુમલાની ઘટનાને લઈને પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉઠ્યા હતા. હુમલાના બનાવને લઈને કોળી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. બગદાણા હુમલા કેસને લઈને કોળી સમાજના નેતાઓ મુખ્યમંત્રીને મળ્યા હતા. સમગ્ર કેસ મામલે તપાસ માટે SITની રચના કરાઈ છે. ગાંધીનગરમાં મંત્રી પરસોત્તમ સોલંકીના નિવાસસ્થાને કોળી સમાજના આગેવાનોની આજે(5 જાન્યુઆરી) બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રી કુંવરજી બાવળીયા, સાંસદ અને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા સહિત કોળી સમાજના ધારાસભ્યો અને સાંસદ હાજર રહ્યા હતા. બેઠક બાદ કોળી સમાજના 3 સાંસદ અને 15 ધારાસભ્યોએ બગદાણા કેસ મામલે ન્યાયિક તપાસની માગને લઈને મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. ગાંધીનગરમાં રજૂઆત બાદ સમગ્ર કેસની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ( SIT)ની રચના કરવામાં આવી છે. મહુવાના બગદાણામાં મોણપર ગામ નજીક 29 ડિસેમ્બરની મોડી રાતે આઠ શખસોએ યુવક પર ધોકા અને પાઈપ વડે હુમલો કર્યો હતો. જે બાદ આઠ શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ



હતી. પીડિત યુવકે લોકકલાકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જોકે મહુવાના ઈન્ચાર્જ DYSPએ દાવો કર્યો હતો કે દારૂની બાતમી આપ્યાની શંકાના કારણે નવનીતભાઈ પર હુમલો થયો હતો. મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ધામના મેનેજિંગ ટ્રસ્ટીનું નામ લીધું હતું. જોકે બાદમાં નવનીત બાલધિયાએ તેમને ફોન કરીને જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ પણ મેનેજિંગ ટ્રસ્ટી નક્કી કરાયા નથી. ભૂલ સમજાતા માયાભાઈ આહીરે માફી માંગતો વીડિયો બનાવ્યો હતો. જેની દાઝ રાખી માયાભાઈના પુત્ર જયરાજે હુમલો કરાવ્યો હોય તેવા આરોપ લગાવવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે સમગ્ર કેસમાં પીડિતે લોકકલાકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજનો દોરીસંચાર હોવાનો આરોપ લગાવ્યો હતો. જોકે PI અને DYSPએ પ્રાથમિક તપાસમાં જ જયરાજની કોઈ સંડોવણી નથી તેમ કહી ક્લીનચિટ આપી હતી. બગદાણાના નવનીત બાલધિયા ઉપર થયેલા હુમલાના મામલે પોલીસે તાત્કાલિક આઠ લોકોની ધરપકડ કરી છે. નોંધનીય છે કે, બગદાણા પોલીસ દ્વારા આઠ શખસો ઘટનાસ્થળે લઈ જઈ પંચનામુ કરી ધરપકડ કરી હતી અને રિકન્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય સૂત્રધાર નાજુ કામળીયા, રાજુ ભમ્મર, આતું ભમ્મર, વિરેન્દ્રસિંહ પરમાર, સતીષ વનાળીયા, ભાવેશ શેલાણા, પંકજ મેર, વીરુ સેરડા તમામ આરોપીઓનું પોલીસે રિકન્ટ્રક્શન કરી વધુ તપાસ હાથ ધરી છે. જોકે સમગ્ર મામલે પોલીસ પર ગંભીર આરોપો થતાં હોવાથી જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી બગદાણાના PI ડી વી ડાંગરની બદલી કરીને લીવ રિઝર્વમાં મૂકી દીધા હતા.

# CG રોડ પર ચાલવા નીકળેલા બે મિત્રોને સ્પોર્ટ્સ બાઈકચાલકે મારી ટક્કર, એકનું મોત

• અમદાવાદ

અમદાવાદના હૃદયસમાન સી.જી. રોડ પર મોડી રાત્રે સ્પીડ અને સ્ટંટના ક્રેઝે એક આશાસ્પદ યુવકનો જીવ લીધો છે. પૂરપાટ ઝડપે દોડતી સ્પોર્ટ્સ બાઈકે રસ્તો ઓળંગી રહેલા 25વર્ષીય શ્રમિક યુવકને એવી જોરદાર ટક્કર મારી કે યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ભયાનક અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી વિગતો અનુસાર, સી.જી. રોડ વિસ્તારમાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતો પ્રકાશ ડિંડોર ગત રાત્રે તેના મિત્ર મહેન્દ્ર ચૌહાણ સાથે જમ્યા બાદ ટહેલવા નીકળ્યો હતો. મરડિયા પ્લાઝા પાસે બંને મિત્રો સાવચેતીપૂર્વક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે જ ગોતા તરફથી આવતી એક હાઈ-સ્પીડ સ્પોર્ટ્સ બાઈકે પ્રકાશને અડફેટે લીધો હતો.

પ્રત્યક્ષદર્શીઓના મતે ટક્કર એટલી પ્રચંડ હતી કે પ્રકાશ બાઈક નીચે કચડાઈ ગયો હતો અને તેને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી. આ અકસ્માત સર્જનાર બાઈક ચાલકની ઓળખ સુફિયાન મુસ્તુફા (રહે. ગોતા, PG) તરીકે થઈ છે. અકસ્માત સમયે બાઈકની ગતિ એટલી વધારે હતી કે ટક્કર બાદ ચાલક પોતે પણ રોડ પર ફંગોળાયો હતો, જેને હાલ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલીને અકસ્માત અંગેના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. સી.જી. રોડ પર મોડી રાત્રે ખેલાતા મોતના આ તાંડવે ફરી એકવાર ટ્રાફિક સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે.

# પાવાગઢથી પરત ફરતા બનેલી ઘટના ખંડીવાડા કેનાલમાં વડોદરાના બે શિક્ષકો તણાઈ જતા લાપત્તા

• જરોદ

હાલોલ વડોદરા ટોલ રોડ પર ખંડીવાડા ગામ પાસેની નર્મદા મુખ્ય કેનાલમાં વડોદરાની ખાનગી સ્કૂલના બે પરપ્રાંતિય શિક્ષકો ગઈ રાત્રે ડૂબી ગયા બાદ લાપત્તા થઈ ગયા છે. ચાર શિક્ષકો પાવાગઢ દર્શન કરીને પરત ફરતી વખતે આ દુર્ઘટના સર્જાઈ હતી. બીજા દિવસે પણ બંનેની શોધખોળ કરવા છતાં પત્તો મળ્યો નથી. વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલ ફીનીક્ષ સ્કૂલમાં મેથેમેટિક્સના શિક્ષક વિદ્યુતપ્રકાશ રવિનેદ્ર સિંગે જરોદ પોલીસ સ્ટેશનમાં જણાવ્યું છે કે તા.૪ના રોજ ૨૭ વર્ષના મિત્ર શુભમ મિતિલેશકુમાર પાઠક (રહે.શરણમ રેસિડેન્સી, નિઝામપુરા), અશિત જન્મેજય ઓઝા અને રાહુલ વિરેન્દ્ર યાદવ બપોરના એક વાગ્યાની આસપાસ કારમાં વડોદરાથી પાવાગઢ જવા માટે નિકળ્યા હતા. જ્યાંથી ચારેય મિત્રો સાંજના સાડા સાત વાગ્યાની આસપાસ કારમાં વડોદરા પરત ફરી રહ્યાં હતા. દરમિયાન રાહુલ યાદવ અને શુભમ પાઠકે ખંડીવાડા કેનાલ પર જઈ થોડીવાર બેસીએ તેમ જણાવ્યું હતું. રાત્રે આશરે સવા નવ વાગ્યાની આસપાસ કાર રોકી હતી. આ વખતે અશિત ઓઝા કારમાં બેસી રહ્યો હતો જ્યારે હું તેમજ શુભમ અને રાહુલ નર્મદા કેનાલની પાળે બેઠા હતા. રાહુલ કેનાલમાં પગ ધોવા માટે ઉતર્યો અને તેનો પગ લપસતા પાણીના વહેણમાં તણાયો હતો. રાહુલને તણાતો જોઈ તેને બચાવવા માટે શુભમ પણ કેનાલમાં કૂદયો હતો.

ઝઘડિયા પોલીસે ગોવાલી ગામે

# શેરડીના ખેતરમાં છુપાવેલો ૨.૫૭ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

• ઝઘડિયા,

ભરૂચ જિલ્લાની ઝઘડિયા પોલીસે બાતમીના આધારે ગોવાલી ગામે પ્રમુખ એવન્યુ શોપિંગ સેન્ટરની પાછળ આવેલા એક ખેતરમાં દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી ૨,૫૭,૦૫૦/- ની કિંમતની દારૂની કુલ ૬૯૬ બોટલો કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.

ઘટનાની વિગત મુજબ, પોલીસને બાતમી મળી હતી કે ગોવાલી ગામના જયંતી વસાવાના ઘાસ (ઘણ) ના વાવેતરવાળા ખેતરમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેડ કરતા વેચાણ કરવાના ઈરાદે રાખવામાં આવેલી જુદી-જુદી બ્રાન્ડની નાની-મોટી ૬૯૬ બોટલો મળી આવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી લાલાભાઈ



નગીનભાઈ વસાવાને ઝડપી પાડ્યો હતો, જ્યારે તેનો સાગરીત નિખિલભાઈ લાલાભાઈ વસાવા હાજર ન મળી આવતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

# અંકલેશ્વરમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ: સિગ્નેચર કોમ્પ્લેક્સમાં AHTUનો દરોડો, મેનેજર ઝડપાયો

• અંકલેશ્વર

અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ સ્થિત સિગ્નેચર શોપિંગ સેન્ટરમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) દ્વારા શોપિંગ સેન્ટરના પ્રથમ માળે આવેલા 'રોઝ સ્પા'માં મસાજની આડમાં ચાલતા કૂટણખાના પર દરોડો પાડી દેહવ્યાપારના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે સ્પાના મેનેજરની ધરપકડ કરી છે, જ્યારે સ્પાની સંચાલિકા મહિલાને વોન્ટેડ જાહેર કરી છે.

મળતી વિગતો મુજબ, રોઝ સ્પાની દુકાન નં. B-45 અને B-46 માં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોવાની બાતમીના આધારે AHTU એ રેડ પાડી હતી. તપાસ દરમિયાન સ્પામાં આવતા ગ્રાહકોને શરીર સુખની સગવડ પૂરી પાડવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ 11,500નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે મૂળ રાજસ્થાનના અને સ્પાના મેનેજર તરીકે ફરજ બજાવતા વાસુ વક્તા રામની ધરપકડ કરી 'ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ' હેઠળ ગુનો દાખલ કર્યો છે.

આ કેસમાં સ્પાની માલિક તરીકે એક મહિલાનું નામ ખુલ્યું છે, જે હાલ પોલીસ પકડથી દૂર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવી છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા અંકલેશ્વર 'બી' ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ફરાર મહિલાની શોધખોળ અને વધુ તપાસ તેજ કરી છે.

ઓર્ગેનિક ખેતી માટે નવી દિશા

# થરાદ ખાતે ઓર્ગેનિક સર્ટિફિકેશન માટે તાલીમ યોજાઈ

• પ્રધાનજી ઠાકોર

ખેડૂતોમાં સજીવ તથા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ ઓર્ગેનિક સર્ટિફિકેશન અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, થરાદ તથા પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા અને નાયબ ખેતી નિયામક (તાલીમ), વાવ-થરાદના સંયુક્ત ઉપક્રમે તા. ૦૫/૦૧/૨૦૨૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, થરાદ ખાતે ઓર્ગેનિક સર્ટિફિકેશન વિષયક વિસ્તૃત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં વાવ-થરાદ જિલ્લાના સજીવ તથા પ્રાકૃતિક ખેતી કરતા તેમજ તેમાં રસ ધરાવતા આશરે ૧૩૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન કૃષિ મહાવિદ્યાલય, થરાદના આચાર્યશ્રી ડૉ. આર. એલ. મીણાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, થરાદના મુખ્ય વૈજ્ઞાનિક અને વડા ડૉ. એસ. એચ. માલવે તથા આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર, વાવ-થરાદ શ્રી એચ. જે. જિંદાલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, અતિથિ વિશેષ તરીકે ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી (GOPCA) ના ક્વોલિટી મેનેજર શ્રી રવિભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા ખેડૂતોને સજીવ ખેતીના મૂળભૂત સિદ્ધાંતો, ઓર્ગેનિક ખેતી માટે જરૂરી પદ્ધતિઓ, ઈનપુટ્સ, રેકોર્ડ જાળવણી તેમજ ઓર્ગેનિક સર્ટિફિકેશન મેળવવાની સંપૂર્ણ પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે સર્ટિફિકેશન દરમિયાન ધ્યાનમાં રાખવાની મહત્વપૂર્ણ બાબતો, ચકાસણી પ્રક્રિયા તેમજ પ્રમાણપત્ર પ્રાપ્ત થયા બાદ થતા લાભો વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડૉ. આર. એલ. મીણાએ ખેડૂતોને રસાયણિક ખેતી છોડીને સજીવ તથા પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવાની અપીલ કરી હતી. કેવિકેના મુખ્ય વૈજ્ઞાનિક અને વડા ડૉ. એસ. એચ. માળવેએ તેમના સંબોધનમાં પ્રાકૃતિક ખેતીના મૂળભૂત આયામો જેમ કે જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપસા, મિશ્ર પાકપદ્ધતિ તથા વિવિધ અસ્ત્રો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એચ. જે. જિંદાલે સરકાર દ્વારા ખેડૂતો માટે અમલમાં રહેલી વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, થરાદના વૈજ્ઞાનિકો ડૉ. વી. કે. પટેલ, ડૉ. એસ. ડી. ચુડાસમા, ડૉ. પી. કે. પટેલ તેમજ આત્માના પી.ડી. ગલસાર, એટીએમ, બીટીએમ અને પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડના જિલ્લાના અધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અંતે હાજર ખેડૂતોના ઓર્ગેનિક સર્ટિફિકેશન સંબંધિત પ્રશ્નોનુ નિષ્ણાતો દ્વારા નિરાકરણ કરવામાં આવેલ. છેલ્લે ખેડૂતોના પ્રતિભાવ અનુસાર આ પ્રકારની તાલીમથી ખેડૂતોમાં સજીવ તથા પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ વધશે અને વધુ ખેડૂતો આ દિશામાં આગળ વધશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI


### ટીવી ઈન્ડસ્ટ્રીના વધુ એક કપલના છૂટાછેડા

# લગ્નના ૧૫ વર્ષ બાદ માહી વિજ અને જય ભાનુશાલી અલગ થશે



પ્રખ્યાત ટીવી કપલ માહી વિજ અને જય ભાનુશાલીએ આખરે તેમના છૂટાછેડાની પુષ્ટિ કરી છે. તેમણે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે, જેનાથી તેમના ૧૪ વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો છે. આ સમાચાર પછી ચાહકો ભાવુક થઈ ગયા છે, કારણ કે માહી અને જય લાંબા સમયથી એક મજબૂત અને ખુશ દંપતી માનવામાં આવે છે. તેમના અલગ થવાની અફવાઓ છેલ્લા કેટલાક સમયથી ફેલાઈ રહી છે.માહી વિજ અને જય ભાનુશાલીએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે તેમણે આ નિર્ણય વિચારપૂર્વક અને શાંતિથી લીધો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમના સંબંધમાં કોઈ ખામી કે ખોટું કામ નથી. આ અલગ થવું નકારાત્મકતાને કારણે નથી, પરંતુ માનસિક શાંતિ, પરસ્પર આદર અને સારા ભવિષ્ય માટે લેવામાં આવેલ નિર્ણય છે.ઈન્સ્ટાગ્રામ સ્ટોરી અપડેટમાં, આ દંપતીએ લખ્યું, આજે આપણે એક એવા વળાંક પર પહોંચી ગયા છીએ જે જીવનએ આપણા માટે પસંદ કર્યો છે. સાથે મળીને, આપણે પ્રેમ, પ્રગતિ, સમજણ અને માનવતાના આપણા સહિયારા મૂલ્યોને અનુસર્યા છે. શાંતિ માટે, આપણા બાળકો માટે, ખુશી માટે, અને સૌથી અગત્યનું, એકબીજા માટે, આપણે અલગ થવાનો નિર્ણય લીધો છે. આપણે સૌ પ્રથમ શ્રેષ્ઠ મિત્રો રહીશું અને જીવન આપણા પર જે કંઈ પણ ફેંકે છે તેનો આદર અને સમજણ સાથે સામનો કરીશું.જોકે હવે આપણા રસ્તા અલગ છે, આ નિર્ણયમાં કોઈ ખલનાયક નથી. આ વાર્તા નકારાત્મકતા કે ખોટા કામ વિશે નથી. કૃપા કરીને સમજો કે આપણે શાંતિ, આરામ અને આપણા માનસિક સ્વાસ્થ્ય માટે આ પગલું ભરી રહ્યા છીએ કોઈ અન્ય કારણોસર નહીં. આપણે એકબીજાનો આદર કરતા રહીશું, એકબીજાને ટેકો આપતા રહીશું અને એકબીજા માટે પ્રાર્થના કરતા રહીશું. અમે તમને વિનંતી કરીએ છીએ કે અમારા નિર્ણયનો આદર કરો, અમને પ્રેમ અને સમજ આપો અને આપણી ગોપનીયતાનો આદર કરો જેથી આપણે આગળ વધી શકીએ. - માહી અને જય ભાનુશાલીજય અને માહી તેમની ૬ વર્ષની દીકરી તારાનો ઉછેર સાથે મળીને કરી રહ્યા છે અને આ ચાલુ રહેશે. તેઓ તેમના દત્તક લીધેલા બાળકોની સંભાળ પણ સાથે મળીને રાખશે. માહી વિજ અને જય ભાનુશાલીએ ૨૦૧૧માં લગ્ન કર્યા હતા અને ટીવીના સૌથી પ્રિય યુગલોમાંના એક માનવામાં આવતા હતા. લગ્ન પહેલા તેઓ લાંબા સમય સુધી ડેટિંગ કરતા હતા. માહી હાલમાં ''સહર હોને કો હૈ'' શો દ્વારા ટેલિવિઝન જગતમાં પ્રભુત્વ ધરાવે છે. તેણી નવ વર્ષ પછી વાપસી કરી છે.

## રિયાલિટી શો સ્ટાર જય દૂધાણેની ૫ કરોડની છેતરપિંડીના આરોપમાં પોલીસે ધરપકડ કરી



સ્પ્લિટ્સવિલા ૧૩ ના વિજેતા અને બિગ બોસ મરાઠી ૩ ના પ્રથમ રનર-અપ જય દૂધાણેની પોલીસે મુંબઈ એરપોર્ટ પર ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, થાણે પોલીસે પ્રખ્યાત ફિટનેસ ટ્રેનર જય દૂધાણેની ?૫ કરોડની છેતરપિંડીના કેસમાં ધરપકડ કરી છે. જય તેના પરિવાર સાથે દેશ છોડવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે પોલીસે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કાર્યવાહી કરી હતી. જય દૂધાણે પર બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને એક જ દુકાન અનેક લોકોને વેચવાનો આરોપ છે. આ છેતરપિંડીએ અનેક ખરીદદારોને આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આ કેસમાં વધુ તપાસ ચાલુ છે.જય દૂધાણેની રવિવારે ધરપકડ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે જય દૂધાણે તેની પત્ની, ભાઈ અને ભાઈની પત્ની સાથે મુંબઈ એરપોર્ટ છોડવા જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમની અટકાયત કરી હતી. હાલમાં, પોલીસ બિગ બોસ મરાઠી ૩ ના વિજેતા જય દૂધાણેના પરિવારની પણ પૂછપરછ કરી રહી છે. આ દરમિયાન, જય દૂધાણેએ દાવો કર્યો હતો કે આ કેસ ખોટો છે. તેણે પોતાનો ચહેરો છુપાવ્યો ન હતો અને ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.તેની ધરપકડ પછી, જય દૂધાણેએ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે તેણે તેના પિતાની જવાબદારીઓ સંભાળી લીધી છે, પરંતુ હવે લોકો તેની સામે ખોટા આરોપો લગાવી રહ્યા છે. તેણે કહ્યું કે તે ભાગી રહ્યો નથી અને સત્યનો સામનો કરશે. જય દૂધાણેએ એમ પણ કહ્યું કે દુકાનના વેચાણ અંગેની અફવાઓ ખોટી છે અને કોઈપણ આરોપો સાબિત થવા જોઈએ.

### પ્રતિભા રાન્ટાએ થોડી રાહ જોવા અપીલ કરી

## સિદ્ધાંત ચતુર્વેદીએ 'ડિયર કોમરેડ'ની રીમેક ઠુકરાવી: કહ્યું- "હવે કોઈ રીમેક નહીં, માત્ર ઓરિજિનલ કામ કરીશ"






બોલિવૂડ એક્ટર્સ સિદ્ધાંત ચતુર્વેદી અને પ્રતિભા રાન્ટાએ 'ડિયર કોમરેડ'ની રીમેકમાં તેમની કાસ્ટિંગ અંગે ચાલી રહેલી અફવાઓ પર અલગ-અલગ નિવેદન આપ્યાં છે. તેલુગુ ફિલ્મ 'ડિયર કોમરેડ'ની રીમેકમાં અભિનય માટે સિદ્ધાંત ચતુર્વેદી અને પ્રતિભા રાન્ટાના નામોની ચર્ચા થઈ રહી હતી. હવે બંને કલાકારોએ તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ મારફતે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. સિદ્ધાંતે સ્પષ્ટ કર્યું કે તે ફિલ્મનો ભાગ નથી અને હવે કોઈ રીમેક કરશે નહીં, જ્યારે પ્રતિભાએ સત્તાવાર જાહેરાત પહેલાં રાહ જોવા વિનંતી કરી છે.સિદ્ધાંતે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, ''માત્ર સ્પષ્ટતા માટે મિત્રો, આ વાત સાચી નથી.'' તેમણે ઉમેર્યું કે તેઓ હાલ માટે રીમેકથી દૂર રહેવા માંગે છે: ''હવે મારા માટે કોઈ રીમેક નહીં, ભલે હું મૂળ ફિલ્મ અને તેના કલાકારોનો પ્રશંસક છું—મારો ઘણો પ્રેમ અને સન્માન. આભાર.'' જોકે, તેમણે પ્રતિભા સાથે મૂળ પ્રોજેક્ટ પર કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી: ''તેમ છતાં, અત્યંત પ્રતિભાશાળી પ્રતિભા રાન્ટા સાથે કોઈ ઓરિજિનલ પ્રોજેક્ટમાં કામ કરતા મને આનંદ થશે. આગળ વિચારીશું.'' સિદ્ધાંત છેલ્લે ધડક-૨માં જોવા મળ્યો હતો, જે તમિલ ફિલ્મ 'પરિયેરુમ પેરુમાલ' (૨૦૧૮)ની રીમેક હતી. સકારાત્મક પ્રતિસાદ છતાં ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ સફળ રહી નહોતી. બીજી બાજુ, પ્રતિભાએ પ્રોજેક્ટમાં પોતાની ભૂમિકા અંગે ન તો પુષ્ટિ કરી ન તો ઈનકાર કર્યો.

### ૨૮ દિવસ પછી ૨૦૨૬ના બીજા દિવસે ધુરંધર ફિલ્મે પહેલી વાર ૧૦ કરોડ રૂપિયાથી ઓછું કલેક્શન

## 'ધુરંધર' ફિલ્મે રચ્યો ઇતિહાસ, ૮૦૦ કરોડ કમાનારી બોલિવૂડની પહેલી ફિલ્મ



બોલિવૂડની ફિલ્મ 'ધુરંધર'એ નવો ઈતિહાસ રચ્યો છે. રણવીર સિંહની ધુરંધર ફિલ્મે ૮૦૦ કરોડથી વધુ કમાણી કરી છે, ત્યારે અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨' ફિલ્મનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આમ ધુરંધર ફિલ્મ બોલિવૂડમાં રૂ.૮૦૦ કરોડથી વધુની કમાણી કરનારી પહેલી ફિલ્મ બની છે.તમને જણાવી દઈએ કે, ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થયેલી ધુરંધર ફિલ્મે સતત ૨૮ દિવસમાં ડબલ ડિજિટ કલેક્શન કર્યું છે. જેમાં પહેલા અઠવાડિયાથી ચોથા અઠવાડિયામાં ધુરંધર ફિલ્મ સતત રેકોર્ડ તોડતી રહી. ૨૮ દિવસ પછી, ૨૦૨૬ના બીજા દિવસે ધુરંધર ફિલ્મે પહેલી વાર ૧૦ કરોડ રૂપિયાથી ઓછું કલેક્શન કર્યું હતું. તે વર્ષ ૨૦૨૬નો પહેલો શુક્રવાર હતો. પરંતુ આ પછી શનિવાર સવારથી થિયેટરોમાં ધુરંધર ફિલ્મને જોવા માટે ભારે ભીડ જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, ગત શનિવારે ધુરંધરે ૧૨-૧૩ કરોડનું નેટ કલેક્શન કર્યું હતું. આમ ૩૦માં દિવસમાં કોઈ હિન્દી ફિલ્મનો સૌથી વધુ કલેક્શનનો રેકોર્ડ છે.

### છેતરપિંડીમાં અન્ય ઘણી સેલિબ્રિટીઓના નામનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો

# કેએલ રાહુલ, આથિયા શેટ્ટી અને અરશદ વારસીના નામે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ





એક જાહેરાત પેઢીના ત્રણ કર્મચારીઓ સામે ક્રિકેટર કેએલ રાહુલ અને આથિયા શેટ્ટી તેમજ બોલિવૂડ અભિનેતા અરશદ વારસીના નામે નકલી પ્રોજેક્ટ્સ બતાવીને પોતાની જાહેરાત પેઢીમાંથી ભંડોળ ઉચાપત કરવાના આરોપમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ છેતરપિંડીમાં અન્ય ઘણી સેલિબ્રિટીઓના નામનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે કંપનીને આશરે ૧.૪૧ કરોડનું નુકસાન થયું હતું. પ્રારંભિક માહિતી અનુસાર મુંબઈના અંધેરી વિસ્તારમાં એક જાહેરાત એજન્સી અને મીડિયા ફર્મના ત્રણ કર્મચારીઓ સામે નકલી પ્રોજેક્ટ બિલ બનાવીને અને ચૂકવણી મંજૂર કરવા માટે સેલિબ્રિટીઓના હસ્તાક્ષરો અને ઈન્વોઈસ બનાવીને કંપનીમાંથી ?૧.૪૧ કરોડની ઉચાપત કરવાના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ છેતરપિંડીપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો અને અભિનેત્રી આથિયા શેટ્ટી અને તેના પતિ, ક્રિકેટર કેએલ રાહુલના નકલી ઈન્વોઈસ અને અભિનેતા અરશદ વારસીના નામે નકલી ઈમેઈલ આઈડી બનાવીને ભંડોળની ઉચાપત કરી હતી. આરોપીઓની ઓળખ ઋષભ સુરેખા, યશ નાગરકોટી અને આશય શાસ્ત્રી તરીકે કરવામાં આવી છે. પોલીસે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની કલમ ૩૧૮(૪) (છેતરપિંડી) હેઠળ એફઆઈઆર નોંધી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''અમે આ મામલાની તપાસ કરી રહ્યા છીએ અને નાણાકીય વ્યવહારોની ચકાસણી કરી રહ્યા છીએ. પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા હોવાથી હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.'' આ ફરિયાદ ૨૮ વર્ષીય જેની એન્થોની દ્વારા નોંધાવવામાં આવી હતી, જે કંપનીની કર્મચારી છે, જેનું મુખ્ય મથક હરિયાણામાં છે અને તેની શાખા અંધેરી પશ્ચિમમાં છે.

પોલીસે જણાવ્યું હતું કે સુરેખા જુલાઈ ૨૦૨૩ માં કંપનીમાં સિનિયર મેનેજર ગ્રાહક સેવા (ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગ) એક્ઝિક્યુટિવ તરીકે જોડાઈ હતી અને બ્રાન્ડિંગ, પ્રભાવકો સાથે સંપર્ક અને પ્રોજેક્ટ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે જવાબદાર હતી. તેણી પાસે પ્રોજેક્ટ વિગતો વિશે નાણા વિભાગ અને કંપનીના સીઈઓને જાણ કરવાનો પણ અધિકાર હતો. કંપનીમાં જોડાયા પછી, સુરેખાએ તેની માતાની તબીબી જરૂરિયાતોનો ઉલ્લેખ કરીને કંપની પાસેથી ?૧૫ લાખની વ્યાજમુક્ત લોન લીધી. ઓગસ્ટ ૨૦૨૪ માં, શાસ્ત્રીની મદદથી, તેણીએ અભિનેત્રી દિયા મિર્ઝા દર્શાવતી હેવેલ્સ માટે એક જાહેરાત પ્રોજેક્ટ મેળવ્યો અને કંપનીને જાણ કરી કે તેણીએ પ્રોડક્શન હાઉસ, હુરે મૂવીઝને ?૩૧ લાખ ચૂકવ્યા છે. જોકે, તેણીએ હુરી મૂવીઝના સીઈઓ યશ નાગરકોટીને કહ્યું કે આ પ્રોજેક્ટ ?૬.૨ મિલિયનનો છે, જેના કારણે વિવાદ થયો અને કંપનીએ વધારાની ફી ચૂકવવી પડી.

### અવસાન પછી પહેલી વાર હેમા માલિનીએ તેમના પતિ અને અભિનેતા ધર્મેન્દ્ર વિશે વાત કરી છે

## હેમા માલિનીએ ધર્મેન્દ્રના મૃત્યુ પર પહેલી વાર મૌન તોડ્યું, સમજાવ્યું કે બે પ્રાર્થના સભાઓ કેમ યોજાઈ હતી



૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ૮૯ વર્ષની ઉંમરે તેમના અચાનક અવસાન પછી પહેલી વાર હેમા માલિનીએ તેમના પતિ અને અભિનેતા ધર્મેન્દ્ર વિશે વાત કરી છે. તેમણે તેમના મૃત્યુને એક અવિસ્મરણીય આઘાત ગણાવ્યો અને ખુલાસો કર્યો કે તે હોસ્પિટલમાં હતા ત્યારે બનેલી દરેક વસ્તુને સમજવાનો પ્રયાસ કરી રહી હતી. વધુમાં, પીઢ અભિનેત્રીએ વધુમાં જણાવ્યું કે ગયા મહિનો તેમના અને તેમના પરિવાર માટે ખૂબ જ આઘાતજનક રહ્યો હતો, કારણ કે જ્યારે અભિનેતા બીમાર હતા ત્યારે તેઓએ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

હેમાએ કહ્યું, ''અમે બધા ત્યાં હતા, હું, એશા, આહના, સની, બોબી, બધા સાથે હતા. આ પહેલા પણ બન્યું હતું, જ્યારે તે હોસ્પિટલમાં ગયો હતો અને સ્વસ્થ થઈને ઘરે પાછો ફર્યો હતો. અમને લાગ્યું હતું કે તે આ વખતે પણ આવશે. તે અમારી સાથે સારી રીતે વાત કરી રહ્યો હતો. તેણે મારા જન્મદિવસ (૧૬ ઓક્ટોબર) પર મને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેનો જન્મદિવસ ૮ ડિસેમ્બરે આવી રહ્યો હતો, જ્યારે તે ૯૦ વર્ષનો થઈ ગયો હોત, અને અમે તેને ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરી રહ્યા હતા.'' તૈયારીઓ ચાલી રહી હતી, અને પછી અચાનક તે આ દુનિયા છોડી ગયો. અમારી નજર સમક્ષ તેને નબળા પડતા જોવું ખૂબ મુશ્કેલ હતું. કોઈને પણ આવી પરિસ્થિતિમાંથી પસાર થવું ન જોઈએ.

ધર્મેન્દ્રના મૃત્યુ પછી બે અલગ અલગ પ્રાર્થના સભાઓ યોજાઈ હતી. એક ૨૭ નવેમ્બરના રોજ મુંબઈમાં, જેનું આયોજન તેમની પહેલી પત્ની પ્રકાશ કૌર અને પુત્રો સની અને બોબી દેઓલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### અર્ચનાએ ચાહકો સાથે એક હૃદયસ્પર્શી વ્લોગ શેર કર્યો

## અર્ચના પૂરણ સિંહના પુત્ર આર્યમાનને તેની મંગેતર યોગિતા બિહાની તરફથી જન્મદિવસની અમૂલ્ય ભેટ મળી



અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠી હાલમાં તેમના પુત્રો આર્યમન અને આયુષ્માન સેઠી અને તેમના ભાગીદારો સાથે લંડનમાં કૌટુંબિક વેકેશન માણી રહ્યા છે. આ વેકેશન દરમિયાન, અર્ચનાએ ચાહકો સાથે એક હૃદયસ્પર્શી વ્લોગ શેર કર્યો, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે કેવી રીતે પરિવારે આર્યમન માટે તેના ૩૦મા જન્મદિવસ પર એક અદ્ભુત અને ભાવનાત્મક સરપ્રાઈઝ આપ્યું. આર્યમન સેઠીનો જન્મદિવસ યાદગાર બની ગયો જ્યારે તેની મંગેતર, યોગિતા બિહાનીએ તેને એક અમૂલ્ય ભેટ આપી.


વ્લોગ આર્યમનના ખાલી ઘરમાં જાગવાથી શરૂ થાય છે. તે રૂમ છોડીને જાય છે અને તેના જન્મદિવસ માટે શણગારેલું ઘર જુએ છે. અંદર એક કાર્ડ છુપાયેલું છે, જેમાં જન્મદિવસનું સરપ્રાઈઝ છે. આર્યમન પ્રથમ કોયડાથી મૂંઝાઈ જાય છે, જેના કારણે તે તેના પિતા, પરમીત સેઠીને મદદ માટે બોલાવે છે. જેમ જેમ તે ચાવી સમજે છે, તેમ તેમ તે પરમીતને તેની રાહ જોતો જુએ છે, અને સાહસ શરૂ થાય છે જ્યારે તેને આગામી ચાવી મળે છે.

આયુષ્યમાન તેના ભાઈ આર્યમાનને ડિઝની સ્ટોર પર લઈ જાય છે, જ્યાં તેની મંગેતર, યોગિતા બિહાની, તેની રાહ જોઈ રહી છે. બંને અંદરથી ગળે લગાવે છે, અને આર્યમાન આટલી શાનદાર યોજના સાથે આવવા બદલ તેનો આભાર માને છે. જોકે, તે વધુ પ્રશ્નો પૂછે તે પહેલાં, યોગિતા શાંતિથી ત્યાંથી નીકળી જાય છે. થોડા સમય પછી, આર્યમાન તેની માતા અર્ચનાને મળે છે, જે તેને તેની પહેલી ખાસ ભેટ ધરાવતું સીલબંધ પરબિડીયું આપે છે. ભાવનાત્મક રીતે, તે ફક્ત કહે છે, ''આ ખૂબ વધારે છે, મિત્રો.''

યોગિતાની ગેરહાજરી જોતાં, આર્યમાન લંડનના ગિટાર સ્ટુડિયોમાં આગળનો સંકેત આપે છે. ત્યાં, તેને પહેલા યુક્યુલેલ આપવામાં આવે છે અને પછી પૂછવામાં આવે છે કે શું તે કંઈક મોટું કરવાનો પ્રયાસ કરવા માંગે છે. પછી યોગિતા વાસ્તવિક આશ્ચર્ય જાહેર કરે છે: એક તદ્દન નવું માર્ટિન એન્ડ કંપની ઓઓઓ -૧૫ એમ એકોસ્ટિક ગિટાર. આર્યમન આશ્ચર્યચકિત થઈ જાય છે. આ ગિટારની કિંમત આશરે ૨.૧૨ લાખ (આશરે ૨૧૨,૦૦૦) છે.

### "ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો" ની સીઝન ૪ તાજેતરમાં પ્રીમિયર થઈ અને ચાહકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે

## કાર્તિક આર્યન, જે પોતાની બહેનના લગ્નમાં મહેમાન હતો, તેણે મફતમાં ડાન્સ કર્યો



''ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'' ની સીઝન ૪ તાજેતરમાં પ્રીમિયર થઈ અને ચાહકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે. રસપ્રદ વાર્તાઓથી લઈને ખાસ મહેમાનો સુધી, આ શો દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. શોના છેલ્લા એપિસોડમાં અનન્યા પાંડે અને કાર્તિક આર્યન હતા, જેમની રોમેન્ટિક ફિલ્મ ''તુ મેરી મેં તેરા મેં તેરા મેરી'' તાજેતરમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. અભિનેત્રી અનન્યાએ પ્રેમ અને ડેટિંગ જીવન પર પોતાના વિચારો શેર કર્યા. અભિનેતા કાર્તિકે તેની બહેનના લગ્ન વિશે ઘણી રસપ્રદ વાતો શેર કરી.એપિસોડ દરમિયાન, હોસ્ટ કપિલ શર્માની કાર્તિકની બહેન કૃતિકા તિવારી અને તેના પાઈલટ પતિ તેજસ્વી કુમાર સિંહ સાથેની વાતચીત એક ખાસ વાત હતી. કપિલે પહેલા મજાકમાં કહ્યું કે કાર્તિક શોમાં નિયમિત બની ગયો છે, દરેક સીઝનમાં દેખાયો છે. તેણે વધુમાં ઉમેર્યું કે ફક્ત તે જ નહીં, પરંતુ તેની માતા, પિતા, બહેન અને તેનો કૂતરો, કટોરી પણ શોમાં દેખાયા છે. પછી, કપિલે કાર્તિકના સાળા તેજસ્વીનું સ્વાગત કર્યું, જે પાઈલટ છે. તેણે તેને ચીડવ્યો અને પૂછ્યું, ''ભાભી, પાઈલટ સાહેબ, તમે અહીં બેઠા છો, તેથી જ ફ્લાઈટ્સ ઉડતી નથી.''કપિલે પછી તેને કાર્તિકની બહેન સાથેની તેની પ્રેમકથા વિશે પૂછ્યું. તેજસ્વીએ જવાબ આપ્યો, ''મને ખબર નથી, હું હમણાં જ ગ્વાલિયરના લોકેશનમાં પ્રવેશ્યો હતો, અને ફ્લાઈટ પોતાની મેળે જ ઉડાન ભરી. ઓટોપાયલટ પર.'' કપિલે તેને પૂછ્યું કે શું તેણે ક્યારેય કાર્તિક આર્યનનો સાળો હોવાનો બડાઈ માર્યો છે, જેના જવાબમાં તેણે જવાબ આપ્યો, ''મેં હજી સુધી એવું કર્યું નથી.'' કપિલે મજાકમાં કહ્યું કે તે આ એપિસોડ પછી ચોક્કસપણે પ્રખ્યાત થઈ જશે.

### ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન ના કૂવામાંથી ગેસ લીકેજ બાદ ભીષણ આગ લાગવાથી લોકોમાં ગભરાટ ફેલાયો

# આંધ્રપ્રદેશમાં તેલના કૂવામાંથી ગેસ લીકેજથી વિસ્ફોટ, ૩ ગામો ખાલી કરાયા

## કૂવામાં કામચલાઉ ઉત્પાદન બંધ થયા પછી વર્કઓવર રિગનો ઉપયોગ કરીને સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક ક્રૂડ-મિશ્રિત ગેસ ફાટી નીકળ્યો

• અમરાવતી, તા.૫

આંધ્રપ્રદેશના આંબેડકર કોનાસીમા જિલ્લામાં સોમવારે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન ના કૂવામાંથી ગેસ લીકેજ બાદ ભીષણ આગ લાગવાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો, જેના કારણે અધિકારીઓને નજીકના ગામોના રહેવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.

ઓએનજીસીના કૂવામાંથી મોટા પ્રમાણમાં ગેસ લીકેજ થતાં મલિકીપુરમ મંડલના ઈરુસુમંડા અને આસપાસના ગામોમાં ભયનો માહોલ છવાઈ ગયો. કૂવામાં કામચલાઉ ઉત્પાદન બંધ થયા પછી વર્કઓવર રિગનો ઉપયોગ કરીને સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક ક્રૂડ-મિશ્રિત ગેસ ફાટી નીકળ્યો. એક શક્તિશાળી વિસ્ફોટથી ક્રૂડ તેલ મિશ્રિત ગેસનો મોટો જથ્થો બહાર નીકળ્યો, જે હવામાં ઉંચે ઉડયો. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે લીક થયેલા ગેસમાં ટૂંક સમયમાં આગ લાગી હતી, અને સ્થળ પર આગ લાગી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગેસ અને ધુમાડાના ગાઢ વાદળો ઈરુસુમાન્ડા અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની જેમ ફેલાઈ ગયા હતા. અધિકારીઓ પાંચ કિલોમીટરના ત્રિજ્યામાં લોકોને સ્થળાંતર કરી રહ્યા હતા. ભીષણ આગ ઝડપથી ફેલાઈ ગઈ અને નજીકના નારિયેળના ઝાડને પણ પોતાની લપેટમાં લઈ લીધા. લગભગ ૫૦૦ વૃક્ષો બળીને રાખ થઈ ગયા. સલામતીની સાવચેતી રૂપે, અધિકારીઓએ લાઉડસ્પીકર દ્વારા જાહેરાતો જારી કરી જેમાં નજીકના ત્રણ ગામોના રહેવાસીઓને વીજળીનો ઉપયોગ કરવાનું, ઉપકરણો ચાલુ કરવાનું અથવા સ્ટવ સળગાવવાનું ટાળવાની સૂચના આપવામાં આવી જેથી વધુ આગ ન લાગે. મહેસૂલ અધિકારીઓ દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ ONGCની એક ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ વરિષ્ઠ અધિકારીઓ સાથે ગામમાં દોડી ગઈ હતી. ગેસ લીકેજને રોકવા માટે પ્રયાસો ચાલુ હતા. મોટી જ્વાળાઓ જોઈને અને જોરદાર વિસ્ફોટો સાંભળીને



લોકો ગભરાઈને પોતાના ઘરો છોડીને બહાર નીકળી ગયા હતા, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ હતી. ફાયર સર્વિસના કર્મચારીઓ, પોલીસ અને અન્ય વિભાગોના અધિકારીઓ ગામમાં દોડી આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતાં, રૂંદચ્ઝ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ગેસ લીકેજ અને આગને કાબુમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા. સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને સીલ કરી દેવામાં આવ્યો છે. વરિષ્ઠ જિલ્લા અધિકારીઓ અને રૂંદચ્ઝ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. આ રૂંદચ્ઝ કૂવાનું સંચાલન ડીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા કરવામાં આવે છે. કંપનીને ૨૦૨૪ સુધીમાં રૂંદચ્ઝની રાજમુન્દ્રી એસેટમાં ઉત્પાદન વધારવા માટે આશરે ?૧,૪૦૨ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે તેલના કૂવામાંથી ઉત્પાદન અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું હતું. અચાનક, એક શક્તિશાળી વિસ્ફોટ થયો, જેના કારણે ગેસ અને ક્રૂડ તેલ ઝડપથી ઉપર તરફ ફૂટી નીકળ્યું. થોડીવારમાં, ગેસમાં આગ લાગી ગઈ, અને કૂવાની નજીક ઊંચી જ્વાળાઓ ફેલાઈ ગઈ. વહીવટીતંત્રે લાઉડસ્પીકર દ્વારા લોકોને વીજળી બંધ રાખવા, ગેસના ચૂલા ન પ્રગટાવવા અને કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ ન કરવા અપીલ કરી. ડીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ અમદાવાદ, ગુજરાત સ્થિત એક કંપની છે. તે તેલ અને ગેસ ક્ષેત્રમાં કાર્યરત છે અને જૂના તેલ અને ગેસ કુવાઓમાંથી ઉત્પાદન વધારવા, ગેસ કમ્પ્રેશન અને ડ્રિલિંગ સંબંધિત સેવાઓ પૂરી પાડે છે. તેના મુખ્ય ગ્રાહકો રૂંદચ્ઝ અને ઓઈલ ઈન્ડિયા છે. ડીપ ઈન્ડસ્ટ્રીઝ ભારત અને વિદેશમાં સેવાઓ પ્રદાન કરે છે.

### વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યા પછી

# અજિત પવારનો ભાજપ પર નિશાન: પુણેના પ્રભારી વહીવટકર્તા જવાબદાર

• મુંબઈ, તા.૫

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણીઓને લઈને શાસક મહાયુતિ ગઠબંધનમાં ઉગ્ર યુદ્ધ ચાલી રહ્યું છે. અજિત પવારની એનસીપીએ પુણે અને પિંપરી ચિંચવડમાં પોતાના સાથી પક્ષ ભાજપ સામે ઉમેદવારો ઉભા રાખ્યા છે, પરંતુ સતત ગઠબંધન ભાગીદાર પક્ષ પર પણ નિશાન સાધી રહી છે. બધાને આશ્ચર્ય થાય છે કે ભાજપ સાથે હોવા છતાં અજિત પવાર આવું કેમ કરી રહ્યા છે. શું તેઓ કોઈ મજબૂરીમાં છે કે પછી ભાજપથી નારાજ છે? અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી , ભાજપ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના રાજ્યમાં શાસક મહાયુતિ ગઠબંધનનો ભાગ છે, પરંતુ પુણે સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી કેટલાકમાં અલગથી ચૂંટણી લડી રહી છે, જ્યાં ૧૫ જાન્યુઆરીએ ચૂંટણી યોજાવાની છે. અજિત પવાર છેલ્લા ઘણા



દિવસોથી ભાજપ પર નિશાન સાધી રહ્યા છે. મહારાષ્ટ્ર ભાજપે તેમને વાણીવિચાર અને આત્મનિરીક્ષણથી દૂર રહેવાની સલાહ આપી હોવા છતાં, અજિત પવાર અડગ રહ્યા. ભાજપ પર તેમના હુમલા ચાલુ છે. અજિત પવારે કારણ સમજાવ્યું. તેમણે કહ્યું, 'અમે કોઈટા (દાતરડા ચલાવનાર) ગેંગને ખતમ કરવા અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માંગીએ છીએ. અમે કેન્દ્ર અને રાજ્ય સ્તરે મહાયુતિ ગઠબંધનમાં છીએ, પરંતુ પુણે અને પિંપરી ચિંચવાડમાં પરિસ્થિતિ અલગ છે. પુણેના પ્રભારી વહીવટકર્તા આ માટે જવાબદાર છે.' તેમણે કહ્યું કે મ્યુનિસિપલ કોર્પોરેશનો પાસે અલગ અલગ સત્તાઓ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે નોંધપાત્ર ભંડોળ પૂરું પાડયું છે, પરંતુ વહીવટકર્તાઓ અપૂરતા છે. અજિત પવારે કહ્યું કે તેઓ પુણેના વાલી મંત્રી તરીકે પોતાની જવાબદારીઓ નિભાવી રહ્યા છે. બહારના લોકો આવશે અને જશે. તમારા લોકોને ઓળખો અને તેમની સાથે ઉભા રહો. તેમણે કહ્યું કે પુણેના નેતૃત્વનો અભાવ છે, જ્યારે કેન્દ્ર અને રાજ્ય સ્તરે નેતૃત્વ મજબૂત છે. મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર છે, પરંતુ તે હંમેશા એક વિચિત્ર ગઠબંધન રહ્યું છે, જેમ કે ઘણા ગઠબંધનો એક સામાન્ય વિચારધારા પર આધારિત નથી પરંતુ રાજકીય લાભ માટે રચાય છે. હાલમાં, પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપનો એક વહીવટકર્તા છે.

# અમેરિકામાં ભૂતપૂર્વ બોયફ્રેન્ડના ફ્લેટમાંથી ભારતીય મહિલાનો મૃતદેહ મળી આવ્યો

• વોશિંગ્ટન, તા.૫

ગયા અઠવાડિયે અમેરિકામાં ગુમ થયેલી ૨૭ વર્ષીય ભારતીય મહિલા મૃત હાલતમાં મળી આવી છે, અને પોલીસ તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડને શોધી રહી છે. ભૂતપૂર્વ બોયફ્રેન્ડ પર મહિલાની હત્યા કરવાનો અને પછી ભારત ભાગી જવાનો આરોપ છે. એલિકોટ સિટીની નિકિતા ગોડિશ્લા ૨ જાન્યુઆરીએ ગુમ થઈ ગઈ હતી. હાવર્ડ કાઉન્ટી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મહિલા તેના ૨૬ વર્ષીય ભૂતપૂર્વ બોયફ્રેન્ડ અર્જુન શર્માના કોલંબિયા, મેરીલેન્ડમાં એપાર્ટમેન્ટમાં છરીના ઘા સાથે મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસે શર્મા વિરુદ્ધ ફર્સ્ટ- અને સેકન્ડ-ડિગ્રી મર્ડરના આરોપસર ધરપકડ વોરંટ મેળવ્યું છે. વોશિંગ્ટન, ડી.સી.માં ભારતીય દૂતાવાસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તે ગોડિશ્લાના પરિવાર સાથે સંપર્કમાં છે અને તમામ શક્ય કોન્સ્યુલર સહાય પૂરી પાડી રહી છે. તેમાં ઉમેર્યું હતું કે, 'દૂતાવાસ સ્થાનિક અધિકારીઓ સાથે પણ આ મામલા પર નજર રાખી રહ્યું છે.' અધિકારીઓએ જણાવ્યું હતું કે શર્માએ પોલીસમાં ગુમ વ્યક્તિનો રિપોર્ટ દાખલ કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેણે ગોડિશ્લાને છેલ્લે ૩૧ ડિસેમ્બરે મેરીલેન્ડ શહેરમાં તેના એપાર્ટમેન્ટમાં જોયો હતો. પોલીસને બાદમાં ખબર પડી કે શર્મા ૨ જાન્યુઆરીએ, રિપોર્ટ દાખલ થયાના દિવસે, ભારત જતી ફ્લાઈટમાં દેશ છોડી ગયો હતો. બીજા દિવસે, તેના એપાર્ટમેન્ટની શોધખોળ કરવામાં આવી હતી, જ્યાં ગોડિશ્લા મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસ માને છે કે શર્માએ ૩૧ ડિસેમ્બરના રોજ સાંજે ૭ વાગ્યા પછી ગોદીશાલાની હત્યા કરી હતી. હોવર્ડ કાઉન્ટી પોલીસે જણાવ્યું હતું કે તપાસ ચાલુ છે અને હત્યાનો હેતુ હાલમાં અજ્ઞાત છે.

### ઉમર ખાલિદ અને શર્જીલ ઇમામ સિવાય અન્ય પાંચ આરોપીઓને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા

# દિલ્હી રમખાણો કેસ : ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને ઝટકો, સુપ્રીમ કોર્ટે જામીન અરજીઓ ફગાવી

• નવીદિલ્હી, તા.૫

દિલ્હી રમખાણો કેસમાં સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજીઓ ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તેમની સામે યુએપીએ હેઠળ કેસ ચાલુ રહેશે. જોકે, દિલ્હી રમખાણો કેસમાં, ઉમર ખાલિદ અને શર્જીલ ઈમામ સિવાય અન્ય પાંચ આરોપીઓને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે. જામીન મેળવનારા પાંચ આરોપીઓના નામ ગુલ્ફીશા, મીરાં, સલીમ, શિફા અને શાદાબ છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે હાઈકોર્ટે માન્ય આધારોના આધારે પોતાનો નિર્ણય આપ્યો હતો, પરંતુ આ મુદ્દો લાંબા કેદનો હતો. આવા કેસોમાં માફી આપવા માટે ફક્ત વિલંબ જ આધાર ન હોઈ શકે. રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા સહિત વિવિધ પાસાઓ પર વિચાર કરવો જોઈએ. ચોક્કસ પરિસ્થિતિઓ માટે સંસદ દ્વારા ઘડવામાં આવેલા ખાસ કાયદા હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જામીન નકારવાના હાઈકોર્ટના સામાન્ય નિર્ણય સામે આ અપીલો દાખલ કરવામાં આવી હતી. બંધારણની કલમ ૨૧ હેઠળ લાંબા ગાળાની કેદ અને સ્વતંત્રતા અંગે દલીલો રજૂ કરવામાં આવી હતી. આ કોર્ટ બંધારણ અને કાયદા વચ્ચે સરખામણી કરવામાં રોકાયેલી નથી. કલમ ૨૧ બંધારણીય પ્રણાલીમાં કેન્દ્રિય સ્થાન ધરાવે છે. પ્રી-ટ્રાયલ અટકાયતને સજા ગણી શકાય નહીં. સ્વતંત્રતાનું



કોઈપણ ઉલ્લંઘન મનસ્વી રહેશે નહીં. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે યુએપીએ, એક ખાસ કાયદા તરીકે, પ્રી-ટ્રાયલ તબક્કે જામીન આપવા માટેની શરતો અંગે કાયદાકીય વિવેકબુદ્ધિ પ્રદાન કરે છે. યુએપીએની કલમ ૪૩ડી(૫) જામીન આપવા માટેની સામાન્ય જોગવાઈઓથી અલગ છે. તે ન્યાયિક ચકાસણીને બાકાત રાખતું નથી અથવા ડિફોલ્ટમાં જામીન નકારવાનો આદેશ આપતું નથી. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે ટ્રાયલમાં વિલંબ થવાથી ન્યાયિક ચકાસણી વધુ તીવ્ર બનવાનું જોખમ વધે છે. યુએપીએની કલમ ૪૩ડી(૫) જામીન આપવા માટેની સામાન્ય જોગવાઈઓથી અલગ છે.

# ભારતની ચીમકી બાદ ઈલોન મસ્કનું એક્સ પર 'સફાઈ' અભિયાન શરૂ

### ભારતે ૭૨ કલાકમાં એક્સ પાસેથી રિપોર્ટ માગ્યો હતો

• નવી દિલ્હી, તા.૫


માઈક્રોબ્લોગિંગ સાઈટ એક્સ પર કેટલીક અશ્લિલ સામગ્રી પોસ્ટ કરીને બદનામી કરાતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. ભારત સરકારે આ મામલે ઈલોન મસ્કના પ્લેટફોર્મ એક્સને કડત ચીમકી આપી હતી. ત્યારબાદ મસ્કે આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરી છે અને સફાઈ અભિયાન હાથ ધર્યું છે. એક્સને ગેરકાયદે અને અશ્લિલ કન્ટેન્ટ માટે ઝીરો ટોલરન્સ પોલિસી અમલમાં મૂકી છે. જેમાં ગ્રોક આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (એઆઈ)ના દુરૂપયોગથી કરાતી પોસ્ટ સામે પણ કાર્યવાહી કરવાનો ઉલ્લેખ કરાયો છે. ભારતે ૭૨ કલાકમાં એક્સ પાસેથી કાર્યવાહીનો રિપોર્ટ માંગ્યો હતો. ભારત સરકારની ચીમકીના બીજા જ દિવસે એક્સ પર સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. મસ્કના પ્લેટફોર્મે કહ્યું કે, એઆઈનો દુરૂપયોગ તથા અશ્લિલ કન્ટેન્ટ પોસ્ટ કરનારા સામે કડક કાર્યવાહી કરાશે. આટલું જ નહીં વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરનાર યુઝરનું એકાઉન્ટ બેન કરવા સુધીના પગલાં લેવામાં આવશે. જરૂર જણાશે તો એક્સ સ્થાનિક સરકાર તેમજ કાયદાકીય એજન્સીઓ સાથે સહયોગ પણ કરશે. એક્સના ગ્લોબલ ગવર્નમેન્ટ અફેર્સ એકાઉન્ટ મારફતે આ નિવેદન જાહેર કરાયું હતું. જેમાં સ્પષ્ટ જણાવાયું હતું કે, જે લોકો અશ્લિલ કન્ટેન્ટ ઉપલોડ કરે છે તથા એઆઈ ટુલ ગ્રોકનો દુરૂપયોગ કરીને બિભત્સતા ફેલાવવાનું કામ કરે છે તેવા એકાઉન્ટ્સ પર કડક કાર્યવાહી કરાશે. એક્સના નિયમોની લિન્ક પણ શેર કરાઈ હતી, જેમાં પુખ્ત વયના લોકો વચ્ચે સંમતિથી જાતિય ક્રિયાને યોગ્ય રીતે લેબલ કરીને અને તે સ્પષ્ટ રીતે પ્રદર્શિત થા થતી હોય તો પોસ્ટ કરવાની મંજૂરી હોવાનું જણાવાયું હતું. એક્સ પ્લેટફોર્મ પર રહેલું બિભત્સ, અશ્લિલ તથા ગેરકાયદે કન્ટેન્ટ સ્થાનિક કાયદાનો ઉલ્લંઘન કરતું હોવાનું ભારત સરકારે નોંધ્યું હતું. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે ૨ જાન્યુઆરીએ એક્સ પરથી આ અશ્લિલ સામગ્રીને ખાસ કરીને એઆઈ એપ ગ્રોકની મદદથી મૂકાયેલી અભદ્ર પોસ્ટ્સને તાત્કાલિક હટાવવા આદેશ આપ્યો હતો.

### લોકો ઘરની બહાર દોડી આવ્યા

# આસામમાં ભૂકંપ: મોરીગાંવમાં ૫.૧ની તીવ્રતાના આંચકો આવ્યો

• મોરીગાંવ, તા.૫

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી. સવારે લગભગ ૪:૧૭ વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. ક્યાં હતું ભૂકંપનું કેન્દ્ર? નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ ૨૬.૩૭ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૯૨.૨૯ ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ ૫૦ કિલોમીટર નીચે હોવાનું જણાવાયું છે. ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો



માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેત રહેવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા માટે અપીલ કરી છે.

### શિયાળુ સત્ર સોમવારે લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના ભાષણથી શરૂ થયું

# પ્રદૂષણના મુદ્દા પર ગૃહમાં હોબાળો ૪ આપ ધારાસભ્યો સામે કાર્યવાહી

• નવીદિલ્હી, તા.૫

દિલ્હી વિધાનસભાનું ચાર દિવસનું શિયાળુ સત્ર સોમવારે લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના ભાષણથી શરૂ થયું. સત્રની શરૂઆતમાં ઉપરાજ્યપાલના ભાષણ દરમિયાન વિપક્ષી ધારાસભ્યોએ વાયુ પ્રદૂષણના મુદ્દા પર હંગામો મચાવ્યો. આ હોબાળાને કારણે સ્પીકરે કાર્યવાહી કરવાની અને વિપક્ષી ધારાસભ્યોને ગૃહમાંથી બહાર કાઢવાની ફરજ પડી. હંગામો મચાવવા બદલ આપ ધારાસભ્યો સંજીવ ઝા, કુલદીપ કુમાર, સોમદત્ત અને જરનૈલ સિંહને આગામી ત્રણ દિવસ માટે ગૃહમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. વિધાનસભા આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી છે. વાયુ પ્રદૂષણના મુદ્દા પર ભારતીય ભાજપ સરકારને ઘેરવા માટે આમ આદમી પાર્ટી



સંપૂર્ણપણે તૈયાર છે, અને પરિણામે, આપ ધારાસભ્યો માસ્ક પહેરીને ગૃહમાં પહોંચ્યા. શિયાળુ સત્ર ૮ જાન્યુઆરી સુધી ચાલશે, જોકે જો જરૂરી હોય તો તેને લંબાવવામાં આવી શકે છે.

વિધાનસભાને સંબોધતા, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ કહ્યું, 'મહાત્મા ગાંધીના સર્વોદય, પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અંત્યોદય અને બાબાસાહેબ આંબેડકરના સમાનતાના સિદ્ધાંતોને અનુરૂપ, સરકારે છેલ્લા ૧૦ મહિનામાં દિલ્હીના તમામ નાગરિકોના કલ્યાણ માટે અનેક નિર્ણયો લીધા છે. આ વર્ષે, સરકારે ૧ લાખ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું. સરકારે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પહેલ હેઠળ વ્યવસાયિક પ્રક્રિયાઓને પણ સરળ બનાવી છે.

### માઉન્ટ આબુમાં ત્રીજા દિવસે તાપમાન 0; MPમાં આજે ગાઢ ધુમ્મસ

# ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ભાગીરથી નદી થીજી ગઈ: ૧૮ જિલ્લામાં સ્કૂલો બંધ



• નવી દિલ્હી, તા.૫

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પહાડો પર થયેલી બરફવર્ષાને કારણે મેદાની રાજ્યોમાં ઠંડી વધી ગઈ છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાનમાં કોલ્ડવેવ સાથે ગાઢ ધુમ્મસ છવાયું છે. મધ્ય પ્રદેશમાં સોમવારે સવારે આ શિયાળાની સીઝનનું અત્યાર સુધીનું સૌથી વધુ ધુમ્મસ રહ્યું. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ભાગીરથી નદી થીજી ગઈ છે. એમપીની રાજધાની ભોપાલમાં વિઝિબિલિટી ૨૦ મીટરથી પણ ઓછી રહી. રાજ્યના ૧૮ જિલ્લાઓમાં સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ભોપાલ અને ધારમાં બાળકોને ઠંડીથી રાહત આપવા માટે સ્કૂલોનો સમય સવારે ૯.૩૦ વાગ્યાથી કરી દેવામાં આવ્યો છે.

રાજસ્થાનમાં રવિવારે સીઝનનો સૌથી ઠંડો દિવસ અને ઠંડી રાત રહી. માઉન્ટ આબુમાં સતત ત્રીજા દિવસે તાપમાન શૂન્ય નોંધાયું. સાત શહેરોમાં રાતનું તાપમાન ૫ ડિગ્રીથી નીચે રહ્યું. હવામાન વિભાગ અનુસાર, રાજ્ય માં એક અઠવાડિયું વધુ કડકડતી ઠંડી રહેશે.

યુપીમાં પહાડો જેવી ધ્રુજાવી દે તેવી ઠંડી પડી રહી છે. સોમવારે સવારે ઝાંસી, ગોરખપુર સહિત ૫૦ જિલ્લા ગાઢ ધુમ્મસની ઝપેટમાં રહ્યા. વિઝિબિલિટી ૧૦ મીટર સુધી સીમિત થઈ ગઈ. લખનઉ, ભદોહી, બલિયા, સંભલ અને ગાઝીપુર સહિત ૧૦ શહેરોમાં વાદળો છવાયેલા છે. ૧૦ થી ૧૫ કિમી/કલાકની ઝડપે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે.

મધ્યપ્રદેશ સોમવારે સતત બીજા દિવસે કોલ્ડવેવ અને ગાઢ ધૂમ્મસની ઝપેટમાં છે. ભોપાલમાં આજે આ સિઝનનું સૌથી ગાઢ ધુમ્મસ છે. વિઝિબિલિટી ૨૦ મીટરથી પણ ઓછી છે. રસ્તાઓ પર દિવસ દરમિયાન પણ વાહનોની લાઈટો ચાલુ છે. તીવ્ર ઠંડી, કોલ્ડવેવ અને ધુમ્મસના કારણે ૧૮ જિલ્લાઓમાં સ્કૂલોમાં આજે રજા જાહેર કરવામાં આવી છે. ભોપાલ અને ધારમાં સ્કૂલોનો સમય બદલવામાં આવ્યો છે.

રાજસ્થાનમાં પહાડોમાંથી આવતા બરફીલા પવનોએ ઠંડી વધારી દીધી છે. રાજ્યમાં રવિવારે સિઝનનો સૌથી ઠંડો દિવસ અને ઠંડી રાત રહી. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં સતત ત્રીજા દિવસે તાપમાન શૂન્ય પર નોંધાયું. સાત શહેરોમાં રાતનું લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રીથી નીચે નોંધાયું. કોટા-બારાંમાં દિવસનું મહત્તમ તાપમાન ૧૪ ડિગ્રીથી નીચે નોંધાયું. હવામાન વિભાગે જણાવ્યું કે રાજ્યમાં આગામી એક સપ્તાહ સુધી કડકડતી ઠંડી પડશે. જયપુર સંભાગના જિલ્લાઓમાં ૪ દિવસ સુધી શીતલહેરની અસર રહેશે.

ઉત્તરાખંડમાં કડકડતી ઠંડી વચ્ચે રવિવારે પિથોરાગઢ જિલ્લાનો મુનસ્યારી સૌથી ઠંડો વિસ્તાર નોંધાયો છે. અહીં લઘુત્તમ તાપમાન માઈનસ ૨૫ ડિગ્રી સુધી પહોંચી ગયું. આ ઉપરાંત ૭ અન્ય શહેરોમાં તાપમાન શૂન્યથી નીચે નોંધાયું. ચમોલીના આલી બિનાની બુગ્યાલમાં સિઝનની બીજી હિમવર્ષા થઈ. હવામાન વિભાગ અનુસાર, સોમવારે ૫ જિલ્લાઓ- ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢમાં હળવા વરસાદ સાથે ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ શકે છે.